દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 287 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 December 2024, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
N.I. No. GUJ GUJ /2013/58486
મંગળવાર, ૩ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનના નામની જાહેરાત ચોથી ડિસેમ્બરે

## વિજય રૂપાણી અને સીતારમણને કેન્દ્રીય નિરીક્ષકો બનાવીને મોકલવામાં આવ્યા

નવી દિલ્હીઃ ભારતીય જનતા પાર્ટીએ મહારાષ્ટ્રમાં પાર્ટી વિધાયક દળના નેતાની ચૂંટણી માટે કેન્દ્રીય નિરીક્ષકોની નિમણૂક કરી છે. ભાજપે ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીને મોટી જવાબદારી સોંપતાં તેમને મહારાષ્ટ્રના ભાવિ મુખ્ય પ્રધાન પસંદ કરવાનો ભાર સોંપ્યો અને કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણને કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યાં છે. મહારાષ્ટ્રમાં મુખ્ય પ્રધાનના ચહેરાને લઈને હજુ પણ સસ્પેન્સની સ્થિતિ છે. મુખ્ય પ્રધાન ભાજપના જ હશે તે તો નિશ્ચિત છે, પરંતુ કોણ હશે તેનો નિર્ણય લેવાનો બાકી છે. હવે નિરીક્ષકોની ટીમ મુંબઈ જવાની છે અને ચોથી ડિસેમ્બરે વિધાનસભ્ય દળની બેઠકમાં હાજરી આપશે, ત્યારબાદ નેતા (મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન)ના નામની જાહેરાત કરવામાં આવશે.

રાજ્ય વિધાનસભાના ચૂંટાયેલા સભ્યોની બેઠકનું આયોજન મુંબઈમાં ચોથી ડિસેમ્બરના રોજ કરવામાં આવશે એવું અત્યારે ઘડી કાઢવામાં આવેલા કાર્યક્રમમાં જણાઈ રહ્યું છે.

ભાજપ દ્વારા નવી સરકારના શપથગ્રહણની તારીખ અને સમયની પણ જાહેરાત કરવામાં આવી છે. શપથ ગ્રહણ પાંચમી ડિસેમ્બરે આઝાદ મેદાનમાં સાંજે પાંચ વાગ્યે થશે. જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજર રહેશે. મહાયુતિને બહુમતી તો મળી છે, પણ મુખ્ય પ્રધાન કોણ બનશે? આની જાહેરાત હજી સુધી કરવામાં આવી નથી. બીજી (જુઓ પાનું ૨) ▸▸

## તમિળનાડુના વિલ્લુપુરમમાં પૂરનો પ્રકોપઃ ટ્રેન સેવા સ્થગિત



**પૂરઃ** તમિળનાડુના વિલ્લુપુરમ જિલ્લામાં 'ફેન્ગલ' વાવાઝોડાંને પગલે સોમવારે પાંડિયન નગર વિસ્તારમાં પૂરની પરિસ્થિતિ નિર્માણ પામી હતી. (એજન્સી)

ચેન્નઈઃ વિલ્લુપુરમમાં વિકરાવંડી અને મુંડિયમપક્કમ વચ્ચેના ધમનીય પુલ પર પાણી જોખમી સ્તરથી ઉપર વધવાથી, દક્ષિણ રેલવેએ સોમવારે સવારે કામગીરી સ્થગિત કરવાની જાહેરાત કરી હતી, જેના કારણે એક્સપ્રેસ અને સુપરફાસ્ટ ટ્રેનો સહિતની સેવાઓ રદ, ડાયવર્ટ અથવા ટૂંકા અંતરે સમાપ્ત કરાઇ હતી.

ચક્રવાતી તોફાન ફેંગલને કારણે ઉત્તર તમિલનાડુમાં આવેલ વિલ્લુપુરમ જિલ્લામાં વિનાશક પૂરનાં પાણી ફરી વળ્યાં છે અને વિલ્લુપુરમ મારફતે તમામ ટ્રેન સેવાઓને અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે.

ટ્રેનો રદ થવાને કારણે સેંકડો મુસાફરો અટવાયા હતા. એક રેલવે અધિકારીએ જણાવ્યું હતું કે જ્યારે સ્થિતિ સુધરશે ત્યારે સલામતી ધોરણોનું પાલન કરીને સેવાઓ ફરી શરૂ કરવામાં આવશે.

વિલ્લુપુરમ અને તેની આસપાસના મુખ્ય ચેન્નાઈ–તિરુચિરાપલ્લી રાષ્ટ્રીય ધોરીમાર્ગ (જુઓ પાનું ૨) ▸▸

## ગિનીમાં ફૂટબોલ મૅચમાં પ્રશંસકો બાખડ્યાઃ નાસભાગમાં બાળકો સહિત ૧૦૦નાં મોત

કોનાક્રીઃ દક્ષિણ ગિનીના સૌથી મોટા શહેર ઝેરેકોરમાં આવેલા સ્ટેડિયમમાં સ્થાનિક ટીમો વચ્ચે રમાયેલી ફાઈનલ વખતે પ્રશંસકોના બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી, તેનાં પગલે થયેલી નાસભાગમાં બાળકો સહિત ૧૦૦નાં મોત થયાં હતાં, એમ અહીંના સ્થાનિક મીડિયા અને રાજકીય પક્ષોએ જણાવ્યું હતું.

દક્ષિણ ગિનીની સ્થાનિક ટીમ લેબે અને ઝેરેકોર વચ્ચે રમાયેલી ફાઈનલ દરમિયાન એક વિવાદાસ્પદ પેનલ્ટીને કારણે બંને ટીમના પ્રશંસકો સામસામે આવી ગયા હતા. દર્શકોથી ખીચોખીચ ભરેલા આ સ્ટેડિયમમાં સુરક્ષા માટે ગોઠવાયેલાં દળોએ પરિસ્થિતિ પર કાબૂ મેળવવાની કોશિશ કરી હતી. તેમાં ભાગદોડ મચી હતી અને તેનાં કારણે અનેક બાળકો સહિત ૧૦૦નાં મૃત્યુ થયા હતાં, એમ ગિનીના વડા પ્રધાન અમાડુ ઓરી બાહે 'એક્સ પર જણાવ્યું હતું.

આ સ્પર્ધા ગિનીના લશ્કરી વડા મમાડી ડૌમ્બોયાના માનમાં યોજાઈ હતી. વિવાદાસ્પદ પેનલ્ટીને પગલે ઉશ્કેરાયેલા દર્શકોએ પથ્થરમારો શરૂ કર્યો હતો. તેનાં પગલે સુરક્ષા દળના જવાનોએ ટિયર ગેસ છોડ્યો હતો. પરિણામે ભાગદોડ થઈ હતી, એમ સ્થાનિક મીડિયાએ જણાવ્યું હતું. લોકો (જુઓ પાનું ૨) ▸▸

## ઉત્તર પ્રદેશમાં કાશી વિશ્વનાથ એક્સપ્રેસ પર પથ્થરમારો

બરેલીઃ ઉત્તર પ્રદેશના ફતેહગંજ પશ્ચિમ નજીક ધનેટા હોલ્ટ પર કાશી વિશ્વનાથ એક્સપ્રેસ પર અજાણ્યા લોકોએ પથ્થરમારો કર્યો હતો. જેમાં એક કોચની બારીને નુકસાન પહોંચ્યું હતું. આ જાણકારી એક અધિકારીએ સોમવારે આપી હતી.

અધિકારીના જણાવ્યા અનુસાર આ ઘટનામાં કોઇને ઇજા થયાના અહેવાલ નથી. બરેલી રેલવે પોલીસ ફોર્સ સ્ટેશનના પ્રભારી અજીત પ્રતાપ સિંહના જણાવ્યા અનુસાર આ ઘટના શનિવારે બની હતી. જ્યારે ટ્રેન દિલ્હીથી વારાણસી જઇ રહી હતી. સિંહે જણાવ્યું કે જ્યારે ટ્રેન ધનેટા હોલ્ટ પર પહોંચી ત્યારે કેટલાક લોકોએ (જુઓ પાનું ૨) ▸▸

## સેન્ટ્રલ મૅક્સિકોમાં ગોળીબારમાં આઠનાં મોત

મૅક્સિકો સિટીઃ સેન્ટ્રલ મૅક્સિકોમાં એક અજાણી વ્યક્તિએ ગ્રાહકો અને રસ્તા પર ઊભેલા લોકો પર આડેધડ કરેલા ગોળીબારમાં આઠ જણનાં મોત નીપજ્યાં હોવા ઉપરાંત બે જણ ઘાયલ થયા હોવાનું વહીવટકર્તાઓએ રવિવારે કહ્યું હતું.

ડ્રગ કાર્ટલથી પ્રભાવિત ગુઆનાજુઆટો રાજ્યના વકીલના જણાવ્યા અનુસાર આપાસિઓ અલ ગ્રાન્ડે નગરમાં શનિવારે મોડી રાત્રે આ ઘટના બની હતી.

આ હુમલામાં દૂધની બનાવટના પરંપરાગત ઉત્પાદનો વેચતા સ્ટેન્ડની બહાર આઠ જણનાં મોત થયા હોવા (જુઓ પાનું ૨) ▸▸

## ઉત્તર પ્રદેશને મળ્યો ૭૬મો જિલ્લો, 'મહાકુંભ મેળા' ને નવો જિલ્લો જાહેર કરાયો

લખનઊઃ વર્ષ ૨૦૨૫ના જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિના દરમિયાન ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ મેળાનું આયોજન થશે. આ ૪૫-દિવસીય કાર્યક્રમની તૈયારીઓ માટે ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સંગમ અને તેની આસપાસના વિસ્તારોને સત્તાવાર રીતે 'મહાકુંભ મેળા જિલ્લા' તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

ઉત્તર પ્રદેશમાં હવે ૭૫ને બદલે ૭૬ જિલ્લા હશે, કારણ કે મહાકુંભ મેળાના વિસ્તારને નવો જિલ્લો બનાવવામાં આવ્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટે રવિવારે એક જાહેરનામું બહાર પાડ્યું હતું જેમાં નવા જિલ્લાની સરહદોની વિગતો આપવામાં આવી હતી, જેમાં સંગમ, આસપાસના ચાર તાલુકાઓ અને ૬૭ નિયુક્ત વિસ્તારોનો સમાવેશ થાય છે.

જિલ્લા મેજિસ્ટ્રેટે ઉત્તર પ્રદેશ રેવન્યુ કોડ (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ની કલમ ૧૨ હેઠળ નવો જિલ્લો જાહેર કર્યો છે. આ કાયદો તંત્રને એડીશનલ જિલ્લા મેજિસ્ટ્રેટની નિમણૂક કરવાની અને તેમને નવા જિલ્લાની અંદરના તમામ કેસોનું સંચાલન કરવાની સત્તા પણ આપે છે.

મહાકુંભ મેળા વિસ્તારને નવો જિલ્લો જાહેર કરવામાં આવતા હવે પ્રયાગરાજ ડિવિઝનમાં પાંચ જિલ્લાનો સમાવેશ થાય છે. પ્રયાગરાજની સાથે પ્રતાપગઢ, કૌશાંબી, ફતેહપુર, મહાકુંભ મેળા જિલ્લાનો હવે ડિવિઝનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

૧૩મી ડિસેમ્બરે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મહાકુંભ મેળાનું ઉદ્ઘાટન કરવામાં આવશે. ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ના પોષ પૂર્ણિમાના પરંપરાગત સ્નાનથી આ મેળાની શરૂઆત થશે અને ૨૬ ફેબ્રુઆરીએ માઘ શિવરાત્રિ સાથે મહાકુંભ મેળો સમાપ્ત થશે. ■



પૂરી જિલ્લામાં રવિવારે ૩૫મા કોનાર્ક ડાન્સ ફેસ્ટિવલમાં પરફોર્મ કરી રહેલા કલાકારો. (એજન્સી)

## પાકિસ્તાનમાં ટોય બૉમ્બ બ્લાસ્ટ, મદરેસાથી પરત ફરતાં ત્રણ બાળકોનાં મોત

ખૈબર પખ્તુનખ્વાઃ પાકિસ્તાનના સૌથી અશાંત વિસ્તારોમાંના એક ખૈબર પખ્તુનખ્વામાં ટોય બૉમ્બ વિસ્ફોટમાં ત્રણ બાળકો માર્યાં ગયાં હતાં. જેમાં મૃત્યુ પામેલા બે સગા ભાઈઓ પણ હતા. મળતી માહિતી મુજબ બાળકો મદરેસાથી પરત ફરી રહ્યા હતા અને રસ્તામાં તેઓએ રમકડું સમજીને એક શંકાસ્પદ વસ્તુ ઉઠાવી લીધી. જેમાં બાળકો રમકડાને ઉછાળતા ચાલતા હતા ત્યારે તે વિસ્ફોટ થયો. આ અગાઉ પણ આવા ટોય બોમ્બના કારણે માસૂમ બાળકોએ જીવ ગુમાવ્યા છે.

આ સનસનાટીભરી ઘટના બન્નૂના વઝીર સબડિવિઝનના જાની ખેલ વિસ્તારમાં બની હતી. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, બાળકો મદરેસામાંથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે મોર્ટાર શેલ વિસ્ફોટ થયો અને બે ભાઈઓ સહિત ત્રણ વિદ્યાર્થીઓનાં મોત થયાં. મોર્ટાર શેલ નિર્જન વિસ્તારમાં પડેલો હતો. બાળકોએ તેને રમકડું સમજીને ઉપાડ્યું હતું.

જેના પરિણામે જોરદાર વિસ્ફોટ થયો. આ વિસ્ફોટ બાદ વિસ્તારમાં શોકનો માહોલ છે.

ભૂતકાળમાં પણ ઘણા બાળકો ટોય બૉમ્બનો શિકાર બન્યા છે. આ તપાસમાં ટોયમાં વિસ્ફોટક ઉપકરણો હોવાનું જણાયું હતું.

આવી ઘટનાઓ મોટાભાગે ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં જ નોંધાય છે. ઉલ્લેખનીય છે કે, સોવિયેત આર્મી દ્વારા ૧૯૮૦ના દાયકામાં પડોશી અફઘાનિસ્તાનમાં ટોય બોમ્બનો ઉપયોગ તેમના આક્રમણનો વિરોધ કરતા લોકો સામે શસ્ત્રો તરીકે કરતાં હતા. ■

## માલીમાં ડ્રોન હુમલામાં આઠ તુઆરેગ વિદ્રોહી નેતાઓનાં મોત

બમાકોઃ માલીના લશ્કરી શાસન દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલામાં દેશની ઉત્તરમાં આવેલા તિનજાઉટીન શહેરમાં આઠ તુઆરેગ બળવાખોર નેતાઓ માર્યા ગયા હતા. આ માહિતી એક વિદ્રોહી પ્રવક્તાએ આપી હતી.

વર્ષ ૨૦૧૨માં વિદ્રોહની શરૂઆત પછીથી આ પહેલી વખત હતું કે એક જ હુમલામાં આટલા બધા તુઆરેગ નેતાઓ માર્યા ગયા હોય. પ્રવક્તા મોહમ્મદ અલ્માઉલૌદ રમઝાને એક નિવેદનમાં જણાવ્યું કે ૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અલ્જેરિયાની સરહદ નજીક તિનજાઉટીનમાં કેટલાક સંકલિત ડ્રોન હુમલામાં કેટલાક અઝાવાદ નેતાઓ શહીદ થયા હતા. અઝાવાદ એ અલગતાવાદીઓ દ્વારા ઉત્તરી માલી માટે વપરાતો શબ્દ છે.

અલગતાવાદીઓના નિવેદનમાં આઠ તુઆરેગ વડાઓના નામની યાદી આપવામાં આવી છે. જેમાંથી સૌથી વધુ પ્રખ્યાત ફહાદ અગ અલ મહમૂદ છે. જે એક તુઆરેગ સશસ્ત્ર સમૂહ ગેટિયાના મહાસચિવ છે. બાદમાં રવિવારે સાંજે માલી સશસ્ત્ર દળોના જનરલ સ્ટાફે બળવાખોર નેતાઓનાં મૃત્યુની પુષ્ટિ કરી હતી. જેમને તેઓએ 'એક વિશેષ ઓપરેશન'માં આતંકવાદીઓ તરીકે વર્ણવ્યા છે.

માલીના લશ્કરી શાસન દ્વારા કરવામાં આવેલો આ હુમલો ઉત્તરમાં સશસ્ત્ર સમૂહો દ્વારા એક જાહેરાત કર્યાના એક દિવસ પછી થયો છે. જેમાં તેઓ એક રાજકીય-લશ્કરી એકમમાં ભળી રહ્યા હોવાની ઘોષણા કરી હતી. જેને હવે આઝાદ લિબરેશન ફ્રન્ટ કહેવામાં આવે છે. ■

## ખેડૂતોની દિલ્હી તરફ કૂચઃ નોઇડા બોર્ડર પર ભારે ટ્રાફિક જામ, ખેડૂતો-પોલીસ આમનેસામને

નવી દિલ્હીઃ સંયુક્ત કિસાન મોરચાના નેતૃત્વ હેઠળ આજે હજારો ખેડૂતો નોઈડાથી દિલ્હી તરફ કૂચ કરી રહ્યા છે. ખેડૂતોની યોજના સંસદ ભવનનો ઘેરાવ કરવાની છે, ખેડૂતોની કૂચને કારણે દિલ્હી અને નોઇડાના ઘણા રસ્તાઓમાં ભારે ટ્રાફિક જામ જોવા મળી રહ્યો છે. ગઈ કાલે ખેડૂતોએ દિલ્હી કૂચની જાહેરાત કર્યા બાદ નોઈડા અને દિલ્હી પોલીસ સતર્ક થઇ ગઈ છે, બોર્ડર પર ભારે પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી છે. અનેક જગ્યાએ બેરિકેડ લગાવવામાં આવ્યા છે. ઘણા ખેડૂત નેતાઓને નજરકેદ કરવામાં આવ્યા છે.

સંસદમાં શિયાળુ સત્ર ચાલી રહ્યું છે. ખેડૂતો નવા કૃષિ કાયદા હેઠળ વળતર અને લાભો માટેની તેમની પાંચ મુખ્ય માંગણીઓ રજૂ કરશે. નોઈડા અને દિલ્હી પોલીસે લોકોને મેટ્રોનો ઉપયોગ કરવાની સલાહ આપી છે.

ખેડૂતોની કૂચ હાલ મહામાયા ફ્લાયઓવરથી દિલ્હી તરફ આગળ વધી રહી છે. હાલ પોલીસ અને



**સુરક્ષાઃ** ખેડૂતોની વિરોધ પ્રદર્શન રેલી રાજધાની દિલ્હી તરફ આગેકૂચ કરી રહી હોવા વચ્ચે સોમવારે નોઈડામાં સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો હતો અને ચિલ્લા સરહદે પોલીસ અધિકારીઓને ગોઠવી દેવામાં આવ્યા હતા. (એજન્સી)

આંદોલનકારી ખેડૂતો આમને-સામને આવી ગયા છે. નોઈડાના મહામાયા ફ્લાયઓવરને ખેડૂતોએ ઘેરી લીધો છે, જેના કારણે ભારે ટ્રાફિક જામ થઈ ગયો છે. ખેડૂતોના પ્રદર્શનને જોતા દિલ્હીની સરહદની આસપાસ ચાર હજારથી વધુ પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. નોઈડા પોલીસે કહ્યું કે ખેડૂતોને કોઈપણ કિંમતે દિલ્હીમાં પ્રવેશવામાં દેવામાં નહીં આવે.

દિલ્હીના બોર્ડર વિસ્તારમાં ચેકિંગ કરવામાં આવી રહ્યું છે, જેમાં ટ્રાફિક ધીમી ગતિએ ચાલી રહ્યો છે. હાલ તમામ રેડ લાઈટ ગ્રીન કરી દેવામાં આવી છે.

પ્રદર્શન કરી રહેલા ખેડૂતો ભારતીય કિસાન પરિષદ કિસાન મજદૂર મોરચા અને સંયુક્ત કિસાન મોરચા સહિત અન્ય સંગઠનો સાથે જોડાયેલા છે. બીકેપી નેતા સુખબીર ખલીફાના નેતૃત્વમાં આ માર્ચ નોઈડામાં મહામાયા ફ્લાયઓવર પાસે બપોરે ૧૨ વાગ્યે શરૂ થઇ હતી અને ખેડૂતો પગપાળા અને ટ્રેક્ટર પર દિલ્હી તરફ કૂચ કરી રહ્યા છે. ખેડૂતોએ સૌ પ્રથમ મહાપંચાયત યોજી હતી. તે પછી, ૨૭મી નવેમ્બરે ગ્રેટર નોઇડા ઓથોરિટીની બહાર પ્રદર્શન શરૂ કર્યું હતું. ૨૮ નવેમ્બરથી પહેલી ડિસેમ્બર સુધી યમુના ડેવલપમેન્ટ ઓથોરિટીની બહાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મુસ્લિમોની વધતી વસ્તીને રોકવા કાયદો લાવવો પડે

**ભારતમાં** એક તરફ સતત વધી રહેલી વસતીના વધારાને રોકવા માટે કાયદો લાવવાની માગ થઈ રહી છે ત્યારે કેન્દ્રમાં સત્તાધારી ભાજપના પિતૃ સંગઠન મનાતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે વસ્તી વધારાના દરમાં ઘટાડાને મુદ્દે ચિંતા વ્યક્ત કરીને આશ્ચર્ય સર્જ્યું છે. દિલ્હીમાં એક કાર્યક્રમમાં ભાગવતે વસ્તી વૃદ્ધિ દરમાં ઘટાડાને ચિંતાનો વિષય ગણાવીને કહ્યું કે. આધુનિક વસ્તીશાસ્ત્ર કહે છે કે કોઈ સમાજમાં મહિલાઓનો ફળદ્રુપતાનો દર (ફર્ટિલિટી રેટ) એટલે કે પ્રજનન દર ૨.૧ થી નીચે જાય છે ત્યારે તે સમાજ ધીરે ધીરે પૃથ્વી પરથી વિલુપ્ત થઈ જાય છે. આ રીતે ઘણી ભાષાઓ અને સમાજોનો નાશ થયો છે તેથી ભારતે સતર્ક થવાની જરૂર છે અને આપણો પ્રજનન દર. ૨.૧ થી નીચે ન હોવો જોઈએ.

ભાગવતના કહેવા પ્રમાણે, ભારતમાં દરેક પરિવારે ઓછામાં ઓછાં ત્રણ બાળકો પેદા કરવાં જોઈએ. ભાગવત કે કોઈ પણ હિંદુવાદી નેતા પરિવારની વાત કરે ત્યારે તેનો અર્થ હિંદુ સમાજ જ સમજવો. મુસ્લિમોને તો આમ પણ વધારે બાળકો પેદા કરવાની સલાહની જરૂર નથી. ભાગવતના કહેવા પ્રમાણે, આપણા દેશની વસ્તી નીતિ ૨૦૦૨ માં નક્કી કરવામાં આવી ત્યારે તેમાં પણ એ જ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે સમાજને ટકાવી રાખવો હોય તો પ્રજનન દર ૨.૧ થી ઓછો ન હોવો જોઈએ તેથી આપણા દરેક પરિવારને બે કે ત્રણ બાળકોની જરૂર છે.

ભાગવતનું નિવેદન આશ્ચર્યજનક એ રીતે છે કે, ભાગવત પોતે જ પહેલાં વસ્તી વધારાને રોકવાની જરૂરીયાત પર ભાર મૂકી ચૂક્યા છે. ૨૦૨૨ના જુલાઈમાં દિલ્હીમાં એક કાર્યક્રમમાં મોહન ભાગવતે કહેલું કે, ખાધા કરવાનું અને બાળકો પેદા કરવાનું કામ તો પ્રાણીઓ પણ કરે છે તેથી મનુષ્યે માત્ર બાળકો પેદા ના કર્યા કરવાં જોઈએ. માત્ર જીવતા રહેવું એ જીવનનું લક્ષ્ય ન હોવું જોઈએ. માણસની અનેક ફરજો છે ને તેના પર પણ ધ્યાન આપવું જોઈએ. એ પહેલાં ૨૦૨૧માં નાગપુરમાં દશેરાએ કરેલા સંબોધનમાં તો ભાગવતે વસ્તી વધારાને રોકવા માટે કાયદો લાવવાની તરફેણ કરી હતી.

આ પ્રવચનમાં ભાગવતે સૌથી મહત્ત્વની બે વાત હિંદુ ધર્મમાં પ્રબળ બનતી જતી જ્ઞાતિપ્રથા અને વસ્તી વધારાને રોકવા માટે જરૂરી નીતિની કરી હતી. ભાગવતે કહ્યું કે, આજે પણ દેશમાં સામાજિક ચેતના જ્ઞાતિવાદની લાગણીથી ગ્રસિત થયેલી છે, દૂષિત થયેલી છે. ભારતમાં જ્ઞાતિવાદ જ સર્વસ્વ છે ને લોકો જ્ઞાતિવાદને આધારે જ બધું નક્કી કરે છે. ભાગવતે વસ્તી વધારા મુદ્દે ચિંતા વ્યક્ત કરીને કહ્યું કે, ભારતમાં વસ્તીનું અસંતુલન સમસ્યા બની ગયું છે એ જોતાં વસ્તી વધારા નીતિ અંગે ફરી વિચારણા કરવી જોઈએ અને હવે પછીની નીતિ ૫૦ વર્ષ માટે બનાવવી જોઈએ. ભાગવતે આ નીતિનો અમલ સમાનતાના આધાર પર કરવાની તરફેણ કરી. મતલબ કે, કોઈ ધર્મ, જ્ઞાતિ, સંપ્રદાય વગેરેથી પર રહીને સમાનતાના આધારે તમામ માટે નિયમો લાગુ કરવા જોઈએ.

ભાગવતના આ નિવેદનને સૌએ વખાણેલું કેમ કે મુસ્લિમોની વધતી જતી વસ્તીનો મુકાબલો કરવા માટે હિંદુવાદીઓનો એક વર્ગ પણ હિંદુઓએ વધારે બાળકો પેદા કરવાં જોઈએ એવી રેકર્ડ ક્યારનો વગાડ્યા કરે છે. ભાગવતે તેનાથી અલગ સૂર કાઢીને હિંદુઓ અને મુસ્લિમો સહિત બધાં વસ્તી વધારાને રોકવામાં યોગદાન આપે અને તેના માટે કાયદો ઘડાય તેની તરફેણ કરી હતી. દેશમાં પહેલાં જ વસ્તી વિસ્ફોટ થઈ ચૂક્યો છે ત્યારે વધુ બાળકોની વાત યોગ્ય નથી એવી સમજદારીની વાત કરવા બદલ ભાગવતને સૌણ વખાણેલા પણ અત્યારે ભાગવતે જે વાત કરી છે એ જોતાં લાગે છે કે તેમની સમજદારી પણ હવા થઈ ગઈ છે. ભાગવત પણ ટીપીકલ હિંદુવાદીઓ જેવી વાતો કરવા માંડ્યા છે.

ભાગવતની એ વાત સાચી છે કે, સમાજને ટકાવવો હોય તો દંપતીદીઠ બે બાળકો હોવાં જોઈએ પણ ભારત એ તબક્કો ક્યારનો વટાવી ચૂક્યો છે. ૧૯૫૧ કે ૧૯૬૧માં આ વાત બરાબર હતી કેમ કે એ વખતે દેશની વસ્તી એટલી બધી નહોતી. અત્યારે આપણે સત્તાવાર રીતે જ ૧૪૫ કરોડ છીએ ને દરેક દંપતિ બે બાળકો પેદા કર્યા કરે તો આપણી વસ્તી ૧૪૫ કરોડની આસપાસ જળવાય. આ દેશમાં કુદરતી સ્રોત અને રોજગારી સહિતની તકોને જોતાં ૧૪૫ કરોડની વસતી એક બોજ ગણાય એ જોતાં બે બાળકોની વાત યોગ્ય નથી.

ભાગવત સહિતના તમામ કહેવાતા હિંદુવાદી નેતાઓની તકલીફ એ છે કે, એ લોકો હિંદુઓને વધારે બાળકો પેદા કરવાની સૂફિયાણી સલાહો આપે છે પણ આ બાળકોનો ઉછેર કઈ રીતે કરવો, તેમનું પૂરંતુ કઈ રીતે કરવું, તેમને સારું શિક્ષણ કઈ રીતે આપવું, તેમને સારી રોજગારી કઈ રીતે આપવી એ વિશે વિચારતા નથી. તેમને ઘેટાંનાં ટોળાં પેદા કરીને વાડા ભરવામાં રસ છે પણ આ રીતે વાડા ભરવાથી કોઈ ધર્મ કે સમાજ ના ટકે. સમાજને ટકાવવા આર્થિક મજબૂતાઈ આપવી પડે, લોકોનાં જીવન સુખમય બનાવવાં પડે. ભાગવત સહિતના નેતાઓએ તેના વિશે વિચારવાની જરૂર છે.

આ દેશને ખરી જરૂર વસ્તી વધારાને રોકતા કાયદાની છે કેમ કે જે રીતે વસ્તી વધી રહી છે તેના કારણે સમસ્યાએ તો વધી જ રહી છે પણ સામાજિક સંતુલન પણ ખોરવાઈ રહ્યું છે. થોડા સમય પહેલાં ઈકોનોમિક એડવાઈઝરી કાઉન્સિલ ટુ પ્રાઈમ મિનિસ્ટર (PM-EAC) નો રિપોર્ટ બહાર આવેલો. આ રિપોર્ટ પ્રમાણે, આઝાદીથી અત્યાર સુધીમાં ભારતમાં દેશની વસ્તીમાં હિંદુઓના પ્રમાણમાં ૭.૮ ટકાનો ઘટાડો થયો છે જ્યારે મુસ્લિમોની વસ્તીના પ્રમાણમાં ૪૩ ટકાનો વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન કુલ વસ્તીમાં ખ્રિસ્તીઓની વસ્તીના પ્રમાણમાં ૫.૩૮ ટકા, શીખોમાં ૬.૫૮ ટકા અને બૌદ્ધોમાં ૦.૪ ટકાનો નજીવો વધારો જોવા મળ્યો છે. મતલબ કે, ભારતમાં હિંદુઓનું પ્રમાણ કુલ વસ્તીમાં ઘટ્યું તેના કારણે બીજા ધર્મનાં લોકોની વસ્તીનું પ્રમાણ વધ્યું છે.

આઝાદી પછી પહેલી વસ્તી ગણતરી ૧૯૫૧માં કરાઈ હતી. એ વખતે દેશની કુલ વસ્તીમાં મુસ્લિમોનો હિસ્સો ૯.૮૪ ટકા હતો. ૬૫ વર્ષમાં દેશની કુલ વસતીમાં મુસ્લિમોનો હિસ્સો વધીને ૧૪.૦૯ ટકા થયો છે. મુસ્લિમોમાં વસ્તી વધારાનો દર દેશના વસ્તી વધારાના દરથી ઘણો ઊંચો છે એવું સરકારના વસ્તી વધારાના આંકડા કહે છે. તેના કારણે ભવિષ્યમાં સર્જાનારી સમસ્યાઓને રોકવાનો ઉપાય વસ્તી નિયંત્રણનો કાયદો છે.

આ દેશની કહેવાતી હિંદુવાદી સરકારમાં એવો કાયદો બનાવવાની હિંમત છે ? આ દેશના મોહન ભાગવત જેવા કહેવાતા હિંદુવાદી નેતાઓમાં કહેવાતી હિંદુવાદી સરકારને એવો કાયદો લાવવાની ફરજ પાડવાની તાકાત છે ?

આ સવાલોના જવાબ બધાં જાણે છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ),
મંગળવાર, તા. ૩-૧૨-૨૦૨૪

- ભારતીય દિનાંક ૧૨, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ સુદ - ૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૧મો રામ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨જો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર મૂળ સાંજે ક. ૧૬-૪૧ સુધી, પછી પૂર્વાષાઢા.
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૫૮ અમદાવાદ ક. ૦૭ મિ. ૦૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-હ
- ભરતી : બપોરે ક. ૧૨-૪૯, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૪૨ (તા. ૪)
- ઓટઃ સવારે ક. ૦૭-૦૭, સાંજે ક. ૧૮-૪૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી' નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ - દ્વિતિયા. મુસ્લિમ ૬ઠ્ઠો જમાદીલ આખર માસારંભ,
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, સર્વશાંતિ પૂજા, ગૌ પૂજન, મંગળ-કેતુ શુક્ર પૂજા ઔષધ ઉપચાર, પરદેશગમનનું પસ્તાનું, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, બી વાવવું, ખેતીવાડી, પ્રાણી પાળવા, આંબળાના ઔષધીય પ્રયોગો, માલ વેંચવો, ધાન્ય ઘરે લાવવું.
- આચમનઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ શંકાશીલ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ. ચંદ્ર વિષુવવૃત્તથી મહત્તમ દક્ષિણે ૨૮ અંશ, ૨૮ કળાના અંતરે રહે છે. ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ દક્ષિણે ૫ અંશ ૨ કળાના અંતરે રહે છે.
- ગોચરગ્રહોઃ સૂર્ય-વૃશ્ચિક, મંગળ-કર્ક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## ૨૬ રફાલ જૅટ-એમ પ્રાપ્ત કરવાના કરાર આવતા મહિને કરાશેઃ નૌકાદળના વડા

નવી દિલ્હીઃ ભારત જલદી જ ૨૬ રફાલ જૅટ-એમ અને ત્રણ વધારાની સ્કૉર્પિયન સબમરિન (એસએસએન)પ્રાપ્ત કરવાના કરાર પર સહી કરશે, એમ નૌકાદળના વડા દિનેશ કે. ત્રિપાઠીએ સોમવારે કહ્યું હતું.

આવતા મહિને આ કરાર કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

નૌકાદળ દિનની ઉજવણી અગાઉ પ્રસારમાધ્યમને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે અણુ ઊર્જા સંચાલિત બે એસએસએન પ્રાપ્ત કરવાની સરકારે આપેલી મંજૂરી આ પ્રકારની બૉટનું સ્વતંત્ર રીતે નિર્માણ કરવાની દેશની ક્ષમતા પર સરકારને વિશ્વાસ હોવાનું દર્શાવે છે.

નૌકાદળની ક્ષમતા વધારવાના પ્રયાસના ભાગરૂપ દેશમાં હાલ ૪૨ બૉટ અને એક સબમરિન નિર્માણાધાન છે, એમ તેમણે કહ્યું હતું.

આવતા એક વર્ષમાં અનેક વસ્તુઓનો મોટા પ્રમાણમાં નૌકાદળમાં સમાવેશ કરવામાં આવશે જેમાં ઓછામાં ઓછી એક એસએસએન પણ હશે.

રફાલ-એમ અને એસએસએનની પ્રાપ્તિના કરાર આવતા મહિને કરવામાં આવે એવી શક્યતા છે, એમ તેમણે કહ્યું હતું.

નૌકાદળમાં નવી ટૅક્નોલૉજીનો સમાવેશ કરવાના પ્રયાસ આપણે બમણા કરી દીધાં છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે સ્વતંત્ર રીતે વિકસાવવામાં આવેલા વિમાનવાહક જહાજ આઈએનએસ વિક્રાંત પર ગોઠવવા માટે ગયા વરસના જુલાઈમાં સંરક્ષણ ખાતાએ ફ્રાન્સ પાસેથી રફાલ જૅટ-એમ ખરીદવાની મંજૂરી આપી હતી.

પાકિસ્તાન પણ તેનાં નૌકાદળને મજબૂત બનાવવાના પ્રયાસ કરી રહ્યું હોવા અંગે પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં તેમણે કહ્યું હતું કે પડોશી દેશો સામેથી ઊભા થતાં કોઈપણ પ્રકારના પડકારને પહોંચી વળવા ભારતીય નૌકાદળ સજ્જ છે. પાકિસ્તાનના નૌકાદળને મજબૂત બનાવવા ચીન તેને મદદ કરી રહ્યું છે અને ચીનની મદદથી અનેક પાકિસ્તાની યુદ્ધજહાજ અને સબમરિનનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે એ પ્રકારના પ્રશ્નનો જવાબ આપતાં તેમણે કહ્યું હતું કે આ બાબત ચીન પાકિસ્તાનને લશ્કરી રીતે મજબૂત બનાવવામાં રસ ધરાવતું હોવાનું દર્શાવે છે.પાકિસ્તાનની ક્ષમતાનો અમને ખ્યાલ છે અને નવી આઠ સબમરિન આ પડકારને પહોંચી વળવામાં મહત્ત્વની સાબિત થશે, એમ તેમણે કહ્યું હતું.

પાકિસ્તાનના નૌકાદળના આશ્ચર્યજનક વિકાસથી અમે અજાણ નથી એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન દેશવાસીઓના કલ્યાણને બદલે યુદ્ધનાં શસ્ત્રોને પ્રાધાન્ય આપી રહ્યું છે. ભારતીય નૌકાદળના આધુનિકીકરણ અંગે બોલતાં તેમણે કહ્યું હતું કે નૌકાદળમાં નવી ટૅક્નોલૉજીનો સમાવેશ કરવાના ભારત દ્વારા બમણા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. (એજન્સી)

## વિરોધ પક્ષોને સંસદમાં ચર્ચા કરવી છે, પરંતુ સરકાર પલાયન કરી રહી છે : કૉંગ્રેસ

નવી દિલ્હી : કૉંગ્રેસે સોમવારે શાસક પક્ષ પર એવો આક્ષેપ કર્યો હતો કે અદાણી પરના તહોમતનામા અને સંભલ હિંસા જેવા મુદ્દાઓ પરની ચર્ચાથી શાસક પક્ષ ભાગી રહ્યો છે અને શાસક પક્ષ સંસદની કાર્યવાહી ચલાવવા માગતો નથી.

વિપક્ષના સતત વિરોધ વચ્ચે સંસદના બન્ને ગૃહો સોમવારે મોકૂફ રહ્યા હતા. વિરોધ પક્ષો લાંચના આક્ષેપ અંગે અમેરિકાની અદાલતે ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પર મૂકેલા તહોમતનામા અને જેમાં ચાર જણે જાન ગુમાવ્યા છે એ સંભલ હિંસા પર ચર્ચાની માગણી કરી રહ્યા છે.

કૉંગ્રેસના મહામંત્રી (કોમ્યુનિકેશન ઈન્ચાર્જ) જયરામ રમેશે કહ્યું હતું કે સોમવારે બન્ને ગૃહની કાર્યવાહી મોકૂફ રહી હતી. ઈન્ડિયાના પક્ષોએ અદાણી, મણિપુર, સંભલ અને અજમેર પર ચર્ચાની માગણી કરવા નોટિસ આપી હતી ઈન્ડિયાના પક્ષોએ કોઈ આંદોલન કર્યું નથી. ભાગ્યેજ કોઈ સૂત્રોચ્ચાર કરાયો છે, પરંતુ મોદી સરકાર સંસદ ચાલે એમ ઈચ્છતી નથી.

રમેશે કહ્યું હતું કે પરિસ્થિતિ અસામાન્ય છે. વિપક્ષોને ચર્ચા જોઈએ છે, પરંતુ સરકાર એનાથી ભાગી રહી છે. વિરોધ પક્ષોને બંધારણને સ્વીકારવામાં આવ્યું એની ૨૬ નવેમ્બરે થયેલી ૭૫મી જયંતી નિમિત્તે બે દિવસ બંધારણ પર ચર્ચા કરવા માગે છે. મોદી સરકારે આ માટે તારીખોની જાહેરાત કરી નથી. (એજન્સી)

## કૉંગ્રેસના પ્રતિનિધિમંડળને સંભલની મુલાકાત કરતાં રોકવામાં આવ્યું

લખનઊ/ સંભલ : કૉંગ્રેસેના ઉત્તર પ્રદેશ એકમના વડા અજય રાયના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળને સંભલ જતા રોકવામાં આવ્યું ત્યારે કૉંગ્રેસના કાર્યકર્તાઓએ પોલીસ સાથે ઝપાઝપી કરી હતી અને પક્ષના કાર્યાલયની બહાર મુકાયેલા બેરિકેડને દૂર કરવાની કોશિશ કરી હતી.

નાટ્યાત્મક બનાવમાં કારને હંકારી રહેલા રાય અને તેમની બાજુમાં બેઠેલા કૉંગ્રેસના સિનિયર નેતા પી. એલ. પુનિયાને 'સત્ય જાણવાની' મુલાકાત પર જવા દેવામાં આવ્યા નહોતા. કાર્યકર્તાઓએ કારનો માર્ગ મોકળો કરવાનો પ્રયાસ કરતાં પોલીસ અને કાર્યકર્તાઓ વચ્ચે ઝપાઝપી થઈ હતી. રાય પછી કારમાંથી ઊતરીને પક્ષની કચેરી બહાર ધરણાં પર બેઠા હતા.

રવિવાર રાતથી પોલીસની મોટી કુમકને ગોઠવવામાં આવી હતી અને કૉંગ્રેસની લખનઊની મોલ એવેન્યુ ઓફિસની બહાર બેરિકેડ મુકવામાં આવ્યા હતા જેથી રાય અને બીજાઓ સંભલ જવા રવાના ન થઈ શકે. (એજન્સી)

## દિલ્હી સરકારની વધુ 3330 વકીલોને ૧0 લાખ રૂપિયાનાં આરોગ્ય વીમાની લહાણી

નવી દિલ્હીઃ દિલ્હી સરકારે સોમવારે મુખ્ય પ્રધાન વકીલ કલ્યાણ યોજના હેઠળ શહેરમાં ૩૩૩૦ નવા વકીલો સુધી તેનું રૂ. ૧૦ લાખનું આરોગ્ય વીમા કવરેજ લંબાવ્યું છે.

એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે, દિલ્હી સરકારની યોજના મુજબ, વકીલોને રૂ. ૧૦ લાખનું વ્યક્તિગત આરોગ્ય કવરેજ તેમજ ₹૫ લાખનો કૌટુંબિક વીમો મળશે.

## કુવૈત એરપોર્ટ પર ભારતીય મુસાફરો લગભગ ૨૦ કલાક સુધી અટવાયા

કુવૈત સિટીઃ માન્ચેસ્ટર જતી ગલ્ફ એર ફલાઇટના કેટલાક ભારતીય મુસાફરો લગભગ ૨૦ કલાક સુધી કુવૈત એરપોર્ટ પર અટવાયા હતા અને સોમવારે સવારે શહેરની બહાર તેમના ગંતવ્ય સ્થાને રવાના થયા હતા.

બહેરીનથી માન્ચેસ્ટર જતી ગલ્ફ એરની ફ્લાઈટને ટેક્નિકલ ખામીના કારણે કુવૈત ડાયવર્ટ કરવામાં આવી હતી.

ગલ્ફ એર જીફ એ ૧ ડિસેમ્બરના રોજ સ્થાનિક સમય અનુસાર સવારે ૨.૦૫ વાગ્યે બહેરીનથી ઉડાન ભરી હતી, પરંતુ અહેવાલો અનુસાર, ટેક્નિકલ ખામીને કારણે વિમાનને સવારે ૪.૦૧ વાગ્યે કુવૈતમાં ઉતરાણ કરવાની ફરજ પડી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટ્સ અનુસાર ઘણા મુસાફરોએ ફરિયાદ કરી હતી કે તેઓ ઘણા કલાકો સુધી એરપોર્ટ પર ફસાયેલા હતા, કુવૈતમાં ભારતીય દૂતાવાસે આ મામલો ગલ્ફ એર સાથે ઉઠાવ્યો હતો.

એક્સ પર પોસ્ટ્સની શ્રેણીમાં, દૂતાવાસે કહ્યું હતું કે તેમની ટીમ મુસાફરોને મદદ કરવા અને એરલાઇન સાથે સંકલન કરવા એરપોર્ટ પર પહોંચી છે. મુસાફરોને એરપોર્ટની બે લાઉન્જમાં બેસાડવામાં આવ્યા હતા. દૂતાવાસના જણાવ્યા મુજબ, લાઉન્જમાં ફસાયેલા મુસાફરો માટે ખોરાક અને પાણી ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું.

દૂતાવાસે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''માન્ચેસ્ટર માટે ગલ્ફ એરની ફ્લાઇટ આજે ૦૪.૩૪ કલાકે ફસાયેલા ભારતીય મુસાફરોને લઈને રવાના થઈ હતી. દૂતાવાસની ટીમ ફલાઇટ રવાના થઈ ત્યાં સુધી ત્યાં હતી.''

## બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હુમલાના વિરોધમાં અગરતલામાં હજારો લોકોની રેલી

અગરતલાઃ બાંગ્લાદેશમાં હિન્દુઓ પર કરવામાં આવી રહેલા હુમલાના વિરોધમાં અગરતલામાં હજારો લોકોએ સોમવારે રેલી કાઢી હતી અને હિન્દુઓ પરના હુમલા તાત્કાલિક બંધ કરવાની અને ઈસ્કોનના પૂજારી ચિન્મય પ્રભુને તાબડતોડ મુક્ત કરવાની માગણી કરી હતી.

વિશ્વ હિન્દુ પરિષદ (વિહિપ)ને સંલગ્ન હિન્દુ સંઘર્ષ સમિતિના બેનર હેઠળ બાંગ્લાદેશના આસિસ્ટન્ટ હાઈ કમિશનરના કાર્યાલય નજીક આ રેલી કાઢવામાં આવી હતી.

પત્રકારોને આપેલી મુલાકાતમાં વિહિપના ત્રિપુરા એકમના સેક્રેટરી શંકર રોયે કહ્યું હતું કે શેખ હસીનાની સરકાર તૂટી પડ્યા બાદથી હિન્દુ મંદિરો, ઘરો, વેપારી સંસ્થાનો તેમ જ લોકો પર હુમલા કરવામાં આવી રહ્યા છે અને લૂંટ ચલાવવામાં આવી રહી છે. તાજેતરમાં જ ઈસ્કોનના પૂજારી ચિન્મય પ્રભુએ બાંગ્લાદેશમાં હિન્દુઓ પર કરવામાં આવતા હુમલાઓ સામે અવાજ ઉઠાવ્યો હતો જેને પગલે તેમના પર ખોટો આરોપો લગાડી તેમની ધરપકડ કરવામાં આવી હતી. ચિન્મય પ્રભુની બિનશરતી મુક્તિની તેમણે માગણી કરી હતી.

ભારતનું ગૃહખાતું આ તમામ મુદ્દે બાંગ્લાદેશ સરકાર સાથે ચર્ચાવિચારણા કરે એવું અમે ઈચ્છીએ છીએ, એમ તેમણે કહ્યું હતું. આ મામલે અગરતલામાં બાંગ્લાદેશના આસિસ્ટન્ટ હાઈ કમિશનર આસિફ મોહમ્મદને યાદી સુપરત કરવામાં આવી છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

પહેલા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્રના

તરફ કાર્યવાહક મુખ્ય પ્રધાન એકનાથ શિંદે નારાજ હોવાની ચર્ચા છે. એકનાથ શિંદેએ આજની તમામ બેઠકો રદ કરી દીધી છે.

ભાજપ તરફથી મુખ્ય પ્રધાનપદની રેસમાં દેવેન્દ્ર ફડણવીસનું નામ સૌથી આગળ છે. ફડણવીસ ભૂતકાળમાં પણ મુખ્ય પ્રધાન રહી ચૂક્યા છે. જો કે વર્તમાન સરકારમાં તેઓ ડેપ્યુટી સીએમની જવાબદારી નિભાવી રહ્યા હતા. હવે મહારાષ્ટ્રની જનતાએ મહાયુતિને પૂર્ણ બહુમતી આપી છે અને તેમાં ભાજપને મહત્તમ બેઠકો પણ આપી છે.

### વિલ્લુપુરમમાં

પરનો ટ્રાફિક પણ મોટે પાયે પ્રભાવિત થયો હતો.

ભારતના હવામાન વિભાગે જણાવ્યું હતું કે, ડિપ્રેશન, ઉત્તરીય દરિયાકાંઠાના તામિલનાડુ અને પુડુચેરી પર ચક્રવાતી તોફાન ફેંગલ નબળું પડ્યું છે.

વિલ્લુપુરમ નગર, નજીકનાં શહેરો અને ગામડાઓમાં નીચાણવાળા વિસ્તારો તરફ પ્રચંડ પૂરનાં પાણી વહી રહ્યાં છે.

પુલના કેટલાક ભાગો ધોવાઈ જવાથી, તિરુવન્નામલાઈ જિલ્લામાં અરાની નજીકનાં ઘણાં ગામોનો સંપર્ક કપાઈ ગયો હતો.

### ઉત્તર પ્રદેશમાં

તેના પર પથ્થરમારો શરૂ કર્યો હતો. જેના કારણે કોચ બી-૧ની બારી તૂટી ગઇ હતી. આ ઘટનાના સંદર્ભમાં રામપુરમાં એક એફઆઇઆર નોંધવામાં આવી છે.

સિંહે જણાવ્યું કે આરપીએફએ પથ્થરબાજોની ઓળખ કરવા અને તેમની ધરપકડ કરવા માટે બરેલી જંક્શનથી ચંદૌસી, મુરાદાબાદ અને શાહજહાંપુર સુધી રેલવે લાઇન સાથેના ગામડાઓમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

### સેન્ટ્રલ મૅક્સિકોમાં

ઉપરાંત બે જણ જખમી થયા હતા.

જોકે ઘાયલોની વર્તમાન સ્થિતિ અંગે કોઈ જાણકારી મળી શકી નહોતી.

પ્રસાર માધ્યમના અહેવાલ મુજબ મૃત્યુ પામેલાઓમાં તબીબી ક્ષેત્રની વ્યક્તિનો સમાવેશ થતો હતો.

સ્ટેટ પેરામેડિકલ ઍન્ડ ઍમ્બ્યુલન્સ એજન્સીના જણાવ્યા અનુસાર શનિવારે મોડી રાત્રે એક ઈમરજન્સી મેડિકલ ટેક્નિશિયનું મોત થયું હતું. જોકે હુમલામાં માર્યા ગયેલાઓમાંનો જ તે એક હતો કે કેમ તે જાણી શકાયું નહોતું.

સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોમાં માથામાં ઈજા સાથેનો મૃતદેહ સ્ટેન્ડની બહાર પાર્ક કરવામાં આવેલા બાઈકની વચ્ચે પડેલો જોવા મળ્યો હતો.

આપાસિઓ અલ ગ્રાન્ડ અને તેની પાસેના આપાસિઓ અલ અલ્ટોમાં તાજેતરના વરસોમાં થયેલા આ પ્રકારના હુમલા ડ્રગ કાર્ટલ સંબંધિત હોવાનું નિષ્ણાતોનું કહેવું છે. વર્ષ ૨૦૧૮થી આ વિસ્તારમાં બિયર બાર, ક્લબ સહિતની જગ્યાએ અવારનવાર આ પ્રકારના હુમલા થતા રહે છે.

ગુઆનાજુઆટો ઔદ્યોગિક અને ખેતીવાડીનું કેન્દ્ર મનાય છે અને મૅક્સિકોના કુલ ૩૨ રાજ્યમાં આ પ્રકારની સૌથી વધુ ઘટના અહીં નોંધાય છે.

રાજ્યમાં જાલિસ્કો કાર્ટલ અને સ્થાનિક સાન્તા રોઝા ડે લિમા ગેન્ગ વચ્ચે વરસોથી ગેન્ગવૉર ચાલી રહ્યું છે. (એજન્સી)

### ફૂટબોલ મૅચમા

સ્ટેડિયમમાંથી બહાર નીકળવા માટે નાસી રહ્યા હોવાના વીડિયો જોવા મળ્યા હતા. સ્ટેડિયમની અંદર અને બહાર અંધાધૂંધી સર્જાઈ હતી. ઘાયલોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને નેશનલ એલાયન્સ ફોર ઓલ્ટરનેશન એન્ડ ડેમોક્રસી તરીકે ઓળખાતા અહીંના રાજકીય પક્ષોના ગઠબંધને આ દુર્ઘટનાની તપાસ કરવાનો આદેશ આપ્યો છે.

## નૅસ્ટ સર્વિસિસ લી. વિરુદ્ધ ₹ ૭૨૨ કરોડના જીએસટીની કરચોરીનો ગુનો દાખલ

નવી દિલ્હીઃ જીએસટી સત્તાધિકારીઓએ ક્રિપ્ટો એક્સચેન્જ ઍન્ડ બિનાન્સ ગ્રૂપ કંપની નૅસ્ટ સર્વિસિસ લી. વિરુદ્ધ રૂ. ૭૨૨ કરોડના જીએસટીની કરચોરીનો ગુનો દાખલ કર્યો હોવાની માહિતી સોમવારે લોકસભામાં આપવામાં આવી હતી. રાજ્ય કક્ષાના નાણાં ખાતાના પ્રધાન પંકજ ચૌધરીએ કહ્યું હતું કે કુલ રૂ. ૮૨૪.૧૪ કરોડની જીએસટીની કરચોરીને મામલે ૧૭ ક્રિપ્ટો કરન્સી એક્સચેન્જ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું. આ મામલે અત્યાર સુધીમાં વ્યાજ, દંડ, અને ટેક્સ સહિત કુલ રૂ. ૧૨૨.૨૯ કરોડ વસૂલવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

ઝાનમાઈ લૅબ પ્રા.લિ. દ્વારા રૂ. ૪૦.૫૧ કરોડ, કોઈનડિએક્સ દ્વારા રૂ. ૧૬.૮૪ કરોડ અને કોઈનસ્વિચકુબેર દ્વારા રૂ. ૧૪.૧૩ કરોડની જીએસટીની કરચોરી કરવામાં આવી હોવાનું તપાસ એજન્સીને જાણવા મળ્યું હતું. કેન્દ્રીય જીએસટી એજન્સી દ્વારા ચાર રોકાણકારની વર્ચ્યુઅલ ડિજિટલ એસેટની તપાસ કરવામાં આવી હતી અને રૂ. ૧.૭૬ કરોડની કરચોરી પકડી પાડવામાં આવી હતી. ટેક્સ, વ્યાજ અને દંડ મારફતે રૂ. ૧.૪૦ કરોડ વસૂલવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ ૨૦૦૨ અંતર્ગત ફાયનાન્શિયલ ઈન્ટેલિજન્સ યુનિટ સાથે ૪૭ વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ સર્વિસ પ્રોવાઈડરનું રિપોર્ટિંગ એન્ટીટી તરીકે રજિસ્ટ્રેશન કરાયું હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

## ફ્રાન્સમાં બસ દુર્ઘટનામાં બેનાં મોત

મેડ્રિડઃ દક્ષિણ ફ્રાન્સમાં એક સ્કી રિસોર્ટ નજીક રવિવારે સાંજે એક બસ દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં બે લોકોનાં મોત અને ૧૪ ઘાયલ થયાં હતાં. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર બસ પોર્ટે-પ્યૂમોરેંસ સ્કી રિસોર્ટ નજીક દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. તે વખતે બસમાં ડ્રાઇવર સહિત ૪૭ લોકો સવાર હતા. આ દુર્ઘટનામાં ઘાયલ સાત લોકોને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે પ્રાથમિક તપાસમાં બસ ખડક સાથે અથડાઈ હોવાનું સામે આવ્યું હતું.

# પોસ્ટ ઑફિસ કૌભાંડ મામલે ગુજરાતમાં ૧૯ સ્થળે ઈડીના દરોડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત-સૌરાષ્ટ્રની પોસ્ટ ઓફિસોમાં બંધ થઇ ગયેલા રિકરિંગ ડિપોઝિટના ૬૦૦ થી વધુ ખાતા પુનઃ જીવિત કરી તેમાં નાણાકીય છેતરપિંડીનું કૌભાંડ બહાર આવતા ઇડી દ્વારા ૧૯ સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા અને રૂ.૧ કરોડની રોકડ રકમ અને રૂ.૧.૫૦ કરોડની સ્થાવર મિલકત રિકવર કરી હતી. રાજ્યના વિવિધ સ્થળો પર ઈડીના અધિકારીઓએ સવારથી જ દરોડા પાડીને દસ્તાવેજોની ચકાસણી શરૂ કરી હતી, ઉલ્લેખનિય છે કે ૨૦૨૧થી રાજ્યનાં વિવિધ શહેરોમાં પોસ્ટ ઓફિસના કર્મચારીઓ સહિતના શખ્સો દ્વારા કૌભાંડ આચરવામાં આવ્યું હતું.

ઇડીએ આ કાર્યવાહી સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ) ના એસીબી (એન્ટી કરપ્શન બ્યુરો) ગાંધીનગર દ્વારા નોંધાયેલી અનેક એફઆઇઆરના આધારે કેન્દ્રીય એજન્સી દ્વારા આ કેસોની તપાસ કરવામાં આવી હતી તેના પરિણામે કરવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) ની અમદાવાદ ઝોનલ ઓફિસે જણાવ્યું હતું કે તેણે ૨૯ નવેમ્બરના રોજ રાજકોટ, કચ્છ, જામનગર અને સુરેન્દ્રનગર સહિત સમગ્ર ગુજરાતમાં પોસ્ટ ઓફિસોમાં સરકારી ભંડોળના કથિત દુરૂપયોગને લગતા પાંચ કેસોમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની જોગવાઈઓ હેઠળ રાજ્યમાં ૧૯ સ્થળોએ સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું.

મળેલી માહિતી પ્રમાણે મેંગણી, ચોટીલા, રાવલવાડી, જામનગરમાં આ કૌભાંડ આચરાયું હતું.આરોપી સબ પોસ્ટમાસ્તરોએ અન્ય લોકો સાથે કાવતરું રચીને કથિત રીતે કપટપૂર્વક ૬૦૬ રિકરિંગ ડિપોઝિટ ખાતાઓ જે અગાઉ બંધ કરવામાં આવ્યા હતા તે ફરીથી ખોલ્યા અને પછી છેતરપિંડી આચર્યા બાદ બંધ કરી દીધા, આમ, સરકારી નાણાંની ૧૮.૬૦ કરોડની રકમની ઉચાપત કરી હતી.

# ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ચતુષ્કોણીય જંગઃ શંકરસિંહ વાઘેલા ભાલા સાથે ઊતરશે મેદાનમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવાની છે, જો કે આ વખતે ચૂંટણી મેદાનમાં ચતુષ્કોણીય જંગ જોવા મળશે. ગુજરાતના રાજકારણમાં વધુ એક નવા રાજકીય પક્ષની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન શંકરસિંહ વાઘેલાની 'પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટી' નો સોમવારે ઉદય થયો હતો. શંકરસિંહે પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીની રચના કરી છે. પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીનું ચૂંટણી ચિહ્ન ભાલો રાખવામાં આવ્યું છે. રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી, શંકરસિંહ વાઘેલાના પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીને ચૂંટણી ચિહ્ન મળ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શંકરસિંહ વાઘેલાએ આ ત્રીજો રાજકીય પક્ષ સ્થાપ્યો છે.

પાર્ટીના પ્રમુખ તરીકે રિદ્ધિરાજસિંહ પરમારની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન શંકરસિંહ વાઘેલા પાર્ટીના માર્ગદર્શક રહેશે. જો કે પાર્ટીની જાહેરાત વચ્ચે શંકરસિંહ વાઘેલાનું નિવેદન પણ બહાર આવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ અને ભાજપ સિવાય મારી કોઇ પાર્ટી નહીં. શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું કે, આ પાર્ટીમાં પણ હું હજુ સભ્ય નથી થયો. કોઇના કહેવાથી મત તૂટતા નથી. પંચાયતની ચૂંટણીમાં પણ ઉમેદવાર ઊભા રાખીશું. બીજી તરફ 'પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટી' ના પ્રમુખ રિદ્ધિરાજસિંહ પરમારે કહ્યું હતું કે, આદિવાસી સમાજને આગળ લઇ આવવાનું લક્ષ્ય છે. શિક્ષણ ક્ષેત્રે પણ આગળ લઇ આવવાની અમારી તૈયારી છે. ૨૨ તારીખે બપોરે દોઢ વાગ્યે અડાલજ ખાતે અમારી પાર્ટીનું ઉદઘાટન કરવામાં આવશે, ત્યારે પાર્ટીનાં એજન્ડા અને મુદ્દાઓ અંગે વધુ માહિતી આપવામાં આવશે.

ગુજરાતની રાજનીતિમાં નવા પક્ષની શક્યતા અંગે શંકરસિંહ વાઘેલાએ નિવેદન આપ્યું હતું કે, મેં ભાજપ ત્યારે છોડી જ્યારે તેનો સૂર્ય મધ્યાહ્નને હતો. કોંગ્રેસ છોડી ત્યારે પણ સરકાર બનવાની શક્યાતાઓ હતી. ગુજરાતમાં ત્રીજો પક્ષ નથી ચાલતો એવી માત્ર માન્યતા છે. દિલ્હીમાં ૧૫ વર્ષ કોંગ્રેસનું શાસન હતું છતાં કેજરીવાલનો ઉદય થયો છે.

# અમદાવાદમાં લગ્નગાળામાં શાકભાજીના ભાવમાં વધારોઃ તુવેર, વટાણા, ભીંડા કિલોનો ભાવ ૧૦૦ને પાર

અમદાવાદઃ અનાજ, ખાદ્યતેલ અને જીવન જરૂરિયાતની અન્ય ચીજોની મોંઘવારી આસમાને પહોંચી છે, ત્યારે અમદાવાદ શહેર સહિત રાજ્યમાં અલગ-અલગ શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા છે. ચોમાસામાં અતિવૃષ્ટિની સ્થિતિ અને છેલ્લે સુધી વરસાદ પડ્યો હોવાથી શાકભાજીમાં નુકસાની થઈ છે. તે ઉપરાંત લગ્નગાળો શરૂ થતા શાકભાજીની માગમાં ખૂબ જ વધારો થતા ભાવમાં તોતિંગ વધારો જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ શાકભાજી બજારોમાં તુવેર, વટાણા, ભીંડા સહિતની શાકભાજીનો કિલોનો ભાવ ૧૦૦ને પાર પહોંચી ગયો છે. ગવાર ૧૨૦ રૂપિયે કિલો, ચોળી ૧૬૦ રૂપિયે કિલો, કોબી ૧૨૦ રૂપિયે કિલો, ફ્લાવર ૮૦ રૂપિયે કિલો, વટાણા ૧૨૦ રૂપિયે કિલો, તુવેર ૧૨૦ રૂપિયે કિલો જ્યારે ટામેટા, બટાકા કિલોનો ભાવ ૬૦ને પાર પહોંચી ગયો છે, તે ઉપરાંત લીલી ડુંગળી ૮૦ રૂપિયે કિલો, રવૈયા ૮૦ રૂપિયે કિલો, લીંબુ ૮૦ રૂપિયે કિલો, ટમેટા ૮૦ રૂપિયે કિલો, ધાણા ૮૦ રૂપિયે કિલો, લીલા મરચા ૮૦ રૂપિયે કિલો, બટાકા ૫૦ રૂપિયે કિલો, ડુંગળી ૬૦ રૂપિયે કિલો, મૂળા ૮૦ રૂપિયે કિલો, દૂધી ૪૦ રૂપિયે કિલોના ભાવ ચાલી રહ્યો છે.

# પાંચ વર્ષમાં ૬.૨૦ લાખ દિવ્યાંગોને સરકારી યોજનાઓ હેઠળ ૬૫૦ કરોડથી વધુની સહાય ચૂકવાઈ

અમદાવાદઃ કેન્દ્ર અને રાજ્ય સરકારે દિવ્યાંગો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. ગુજરાતમાં છેલ્લાં પાંચ વર્ષમાં ૬.૨૦ લાખથી વધુ દિવ્યાંગોને રૂ. ૬૫૦ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ ઓળખકાર્ડ, એસ.ટી. બસમાં મફત મુસાફરી યોજના, દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના, દિવ્યાંગ લગ્ન સહાય યોજના, સંત સુરદાસ યોજના, ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન સ્કીમ, દિવ્યાંગ સાધન સહાય યોજના, મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજના જેવી અનેક કલ્યાણકારી યોજનાઓ કાર્યાન્વિત કરી છે. આ યોજનાઓ અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં ૬.૨૦ લાખથી વધુ લાભાર્થીઓને રૂ. ૬૫૦ કરોડથી વધુની સહાય ચૂકવાઈ છે. દિવ્યાંગોને કલ્યાણકારી યોજનાઓનો લાભ મળવાથી તેઓ વધુ સશક્ત બન્યા છે. ગુજરાત સરકાર દ્વારા દિવ્યાંગોના સામાજિક, આર્થિક વિકાસ માટે અનેકવિધ પગલાઓ લેવામાં આવી રહ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગજનો માટેની વિશેષ ઓળખ અને સુવિધા માટે 'યુનિવર્સલ આઈ.ડી કાર્ડ' આપવામાં આવ્યું છે. આ આઈ.ડી. કાર્ડના માધ્યમથી દિવ્યાંગ વ્યક્તિઓ એસ.ટી બસમાં મફતમાં મુસાફરી કરી શકે છે. તેમનો આ પાસ પણ હવેથી જીવનભર માન્ય રાખવામાં આવ્યો છે. સંત સુરદાસ યોજનામાં ૮૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગજનોને આ યોજનાનો લાભ મેળવવા માટે બી.પી.એલ કાર્ડ ધારક તથા ૦ થી ૧૭ વર્ષની ઉંમર હોવી જરૂરી હતી જેને દૂર કરાયું છે. દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી બસમાં મફત મુસાફરી આપવાની યોજના હેઠળ પાર્કિન્સન, હિમોફિલીયા, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, થેલેસેમીયા, ક્રોનીક ન્યુરોલોજીકલ જેવી દિવ્યાંગતામાં તેમના સહાયકને ૧૦૦ મફત મુસાફરીનો લાભ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, થેલેસેમીયા, ક્રોનીક ન્યુરોલોજીકલ સ્થિતિ જેવી ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંજનને માસિક રૂ.૧૦૦૦ સહાય આપવામાં આવે છે.

# વડોદરા તંત્રનો અણઘડ વહીવટઃ ૧૩ કરોડના ખર્ચે બનેલું જિમ ૮ વર્ષથી બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા મનપાની અણઆવડત અને અણઘડ વહીવટને કારણે શહેરના કારેલીબાગમાં બનેલું જિમ ધૂળ ખાઈ રહ્યું છે. ૮ વર્ષથી આ જિમ બંધ હાલતમાં પડેલું છે. પાલિકાએ ૮ કરોડ રૂપિયાના ખર્ચે સ્વિમિંગ પુલ સાથેનું અત્યાધુનિક જિમ બનાવડાવ્યું હતું. લાખો રૂપિયાના ખર્ચે જિમના સાધનો વસાવ્યા પણ શરૂ ન કર્યું. જિમ શરૂ ન કરતા સાધનો બગડી ગયાં છે અને બંધ પડી રહ્યાં છે. જિમનાં સાધનો માટે હેવી વીજ જોડાણ ન હોવાથી શોર્ટસર્કિટ થઈ જાનહાનિનું જોખમ હોવાનું કહી જિમ શરૂ કરવામાં આવ્યું નથી. વીએફએ સંસ્થાએ જિમ અને સ્વિમિંગ પુલને લઈ ૩૦ સુધારા સૂચવ્યા હતા. જિમના બંને રૂમ ભેગા કરવા સાથે ટેરેસની જગ્યાનો ઉપયોગ કરવા તજજ્ઞોએ સૂચન કર્યું હતું, પણ તેનું પણ પાલન કર્યું ન હતું.

જિમમાં વેન્ટિલેશનનો અભાવ પણ જોવા મળ્યો છે. લોકોને તંદુરસ્ત રાખતું જિમ પોતે તંદુરસ્તી ઝંખી રહ્યું છે. કોર્પોરેશનના અધિકારીઓના પાપે લોકો પ્રાઇવેટ જિમમાં રૂપિયા ખર્ચી તંદુરસ્તી માટે જવા મજબૂર બન્યા છે.

# ગુજરાતની પ્રા.શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન ઉપરાંત કેલરી-પ્રોટીનયુક્ત અલ્પાહાર અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારે સુપોષિત ગુજરાત મિશન અંતર્ગત આ મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત રાજ્યની સરકારી અને ગ્રાન્ટ ઇન એઈડ પ્રાથમિક શાળાઓના બાલવાટિકાથી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓને પી.એમ.પોષણ યોજનામાં આપવામાં આવતા બપોરના ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના દ્વારા આપવામાં આવશે. મુખ્યપ્રધાન પૌષ્ટિક અલ્પાહાર યોજના નામાભિધાન સાથે શરૂ થનારી આ નવી યોજના હેઠળ રાજ્યની ૩૨,૨૭૭ શાળાના અંદાજે ૪૧ લાખ વિદ્યાર્થીઓને શાળામાં શિક્ષણ કાર્ય શરૂ થાય તે પહેલાં પ્રાર્થના સમયે પૌષ્ટિક અલ્પાહાર પીરસવામાં આવશે. રાજ્યના આદિજાતિ વિસ્તારના બાવન તાલુકા તથા બિન આદીજાતિ વિસ્તારના ૨૯ વિકાસશીલ તાલુકાની સરકારી અને ગ્રાન્ટ ઇન એઈડ પ્રાથમિક શાળામાં બપોરના ભોજન ઉપરાંત દૂધ સંજીવની યોજના અન્વયે ૨૦૦ મિલિગ્રામ ફ્લેવર્ડ મિલ્ક આપવામાં આવે છે. આવા ૮૧ તાલુકાઓની ૧૨,૫૨૨ શાળાઓમાં નોંધાયેલા ૧૫.૦૫ લાખ વિદ્યાર્થીઓને પી.એમ. પોષણના બપોરના ભોજન પછીની નાની રિસેસમાં આ પૌષ્ટિક અલ્પાહાર અપાશે. વિદ્યાર્થીઓને અપાતા કેલરી-પ્રોટીનયુક્ત ગુણવત્તાસભર બપોરના ભોજન ઉપરાંત આ નવી યોજનામાં સપ્તાહ દરમિયાન ખાંડેલા સીંગદાણા સહિતની સુખડી, ચણા ચાટ, મિક્સ કઠોળ તથા શ્રી અન્નમાંથી બનાવેલી ખાદ્ય સામગ્રી અલ્પાહાર સ્વરૂપે અપાશે.

આ હેતુસર મટીરીયલ કોસ્ટ માટે રૂ. ૪૯૩ કરોડ તથા પૌષ્ટિક અલ્પાહાર તૈયાર કરવાની વધારાની કામગીરી માટે માનદવેતન ધારકોને ૫૦ ટકા માનદવેતન વધારા માટે રૂ. ૧૨૪ કરોડ મળીને મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના માટે સમગ્રતયા વાર્ષિક રૂ. ૬૧૭ કરોડનો વધારાનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. પી.એમ. પોષણ યોજનાના માનદવેતનધારક સંચાલકને હવે રૂ. ૪૫૦૦નું માસિક માનદવેતન, ૨૬ કે તેથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓના કૂક કમ હેલ્પરને માસિક રૂ. ૩૭૫૦ તથા નાની શાળાઓ માટે વધારાના સ્ટાફ-હેલ્પરને માસિક રૂ.૧૫૦૦ માનદવેતન આપવામાં આવશે.

# બનાસકાંઠાની નગરપાલિકાની હાલત કંગાળઃ પાલનપુરનું ૩૨ કરોડ અને ડીસાનું ૧૩ કરોડનું બિલ બાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાની હાલત કંગાળ બની છે કે બિલના ભારણ હેઠળ આ નગરપાલિકાઓ દબાઈ ગઈ છે. ત્યારે પ્રજાના ટેક્સના પૈસા ક્યાં જાય છે એ એક સવાલ છે. ડીસા નગરપાલિકાનું લાઈટ બિલ રૂપિયા ૧૩ કરોડ બાકી છે, તો પાલનપુર નગરપાલિકાનું પાણીનું ૩૨ કરોડ બિલ બાકી છે. જો કે, પાલનપુર અને ડીસા નગરપાલિકાએ તો સરકારમાંથી આ બિલ ચૂકવવા માટે લોન માગી છે. બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુર નગરપાલિકા પાણીનું બિલ ચૂકવી નથી શકતી. તેની ૩૨ કરોડ જેટલી રકમ પાણી પુરવઠા વિભાગને ચૂકવવાની બાકી છે. પાલનપુર નગરપાલિકા ૬ લાખ રૂપિયા દર માસે ચૂકવી રહી છે, પરંતુ પાણીના જથ્થાને જોતા આ બિલ વધી રહ્યું છે ૨૦૨૨માં ૨૫ કરોડ બિલ હતું, જે વધીને ૨૦૨૪માં ૩૨ કરોડ થયું છે.

ડીસા નગરપાલિકા પણ દેવામાં પાછળ નથી. તેનું ૧૩ કરોડ જેટલું લાઈટ બિલ બાકી છે. ખાસ કરીને જે પાણી સપ્લાય કરતા બોર હોય તેનું ભારણ છે અને આ ભારણ ડીસાની પ્રજા ઉપર છે. ડીસા નગરપાલિકા રજા ટેક્સ તો સમયસર ચૂકવે છે, પરંતુ આ ટેક્સના પૈસાનો વહીવટ અને સ્વભંડોળના પૈસા કયા વહીવટમાં જાય છે એ ખબર નથી પડતી. ડીસા નગરપાલિકાએ સરકાર પાસે ૯ કરોડની લોન માગી છે.

# ગુજરાતમાં અનેક ફરિયાદો વચ્ચે અત્યાર સુધીમાં ૨.૭૫ કરોડથી વધુ નાગરિકોનું ઈ-કેવાયસી પૂર્ણ

અમદાવાદઃ ગુજરાતમાં રાશનકાર્ડ ઈ કેવાયસી માટે લોકોને હાલાકી ભોગવવી પડતી હોવાની અનેક ફરિયાદો ઊઠી રહી છે. ત્યારે અત્યાર સુધીમાં ૨.૭૫ કરોડથી વધુ નાગરિકોનું ઈ કેવાયસી પૂર્ણ કર્યું હોવાનું સરકારે જાહેર કર્યું હતું. આ કામ માટે વધુ ઝડપ લાવવા પુરવઠા વિભાગની ટીમો સતત કાર્યરત હોવાનું પણ સરકારે જણાવ્યું હતું. રાજ્યના નાગરિકો સરળ અને ઝડપથી ઈ કેવાયસી કરી શકે તે માટે પુરવઠા વિભાગની ટીમો સતત કાર્યરત છે. આ વ્યવસ્થા પર બે અધિકારીઓ સતત મોનિટરિંગ કરી રહ્યા છે. રાજ્યમાં ૧.૩૮ કરોડ નાગરિકોએ ઘરે બેઠા માય-રેશન એપ દ્વારા જ્યારે ગ્રામ પંચાયત લેવલે વીસીઈ દ્વારા ૧.૦૭ કરોડ નાગરિકોનું ઈ કેવાયસી પૂર્ણ કરવામાં આવ્યું છે. આમ, 'માય- રેશન એપ', ગ્રામ પંચાયત, જનસેવા કેન્દ્રો, પોસ્ટ ઓફિસ, બેંક, આંગણવાડી વગેરેના માધ્યમથી અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૨.૭૫ કરોડથી વધુ નાગરિકોનું ઈ કેવાયસી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે તેમ અન્ન-નાગરિક પુરવઠા પ્રધાન કુંવરજીભાઇ બાવળીયાએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં રાજ્યમાં જનસેવા કેન્દ્રો હસ્તક ૫૪૬, ગ્રામ પંચાયતોમાં ૫૦૬, શિક્ષણ વિભાગ પાસે ૨૨૬, આંગણવાડીમાં ૩૧૧ તેમજ પોસ્ટ-બેંક હસ્તક ૨,૭૮૭ આમ કુલ ૪,૩૭૬ જેટલી આધારકીટ કાર્યરત છે. ઈ કેવાયસીમાં નાગરિકોને વધુ સરળતા રહે તે માટે નવી ૧,૦૦૦ આધારકીટ કાર્યરત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ઈ કેવાયસી પુરવઠા વિભાગ તરફથી થાય છે પરંતુ તેનો સંપૂર્ણ આધાર યુઆઈડી એટલે કે આધારકાર્ડ ઉપર છે. આધાકાર્ડનાં નામ/અટકનાં સુધારા ન થાય ત્યાં સુધી ઈ કેવાયસી થતું નથી. આધારકાર્ડનું કામ જીએડી પ્લાનિંગ તરફથી થાય છે. આધારકાર્ડની કીટની સંખ્યા વધારવા અને કીટનાં પ્રશ્નો નિવારવા ગાંધીનગર ખાતે કંટ્રોલરૂમ પણ કાર્યરત કરવામાં આવ્યો છે. ઉપરાંત જિલ્લા કલેકટરોને પોસ્ટ અને બેંક સાથે સંકલન કરીને આધારકીટ કાર્યરત રાખવા અને સતત મોનિટરિંગ કરવાની આયોજન વિભાગ તરફથી સૂચના આપવામાં આવી હતી.

# સુરતમાં દિવાળી બાદ પણ મંદી દૂર નહીં થતાં નેચરલ ડાયમંડની ૭૫ ટકા ફેક્ટરીઓ ઠપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના હીરા ઉદ્યોગમાં પ્રવર્તિ રહેલી મંદીની અસર ક્યારે દૂર થશે તેવું રત્નકલાકારોમાં ચર્ચાઈ રહ્યું છે.

નેચરલ ડાયમંડ સાથે સંકળાયેલા ઉદ્યોગકારો આશા લઈને બેઠા છે કે હવે મંદી દૂર થશે પરંતુ દિવાળી પસાર થઈ ગયા બાદ પણ હજી સુધી નેચરલ ડાયમંડમાં તેજી આવી નથી.

જેના કારણે ૭૫ ટકા ફેક્ટરીઓ ઠપ્પ થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. નેચરલ ડાયમંડમાં વૈશ્વિક સ્તરે અનેક સંકટો હોવાને કારણે સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. નેચરલ ડાયમંડની સાથે લેબગ્રોન ડાયમંડની માગ વિશ્વમાં ઘણા સમયથી વધી છે. અત્યારની પરિસ્થિતિમાં એક લાખ રૂપિયાના નેચરલ ડાયમંડની સરખામણીએ લેબગ્રોન ડાયમંડ રૂ.૨૦,૦૦૦ સુધીમાં મળી જાય છે.ખરીદદારો હવે નેચરલ ડાયમંડ લેવાને બદલે લેબગ્રોન ડાયમંડ ખરીદવાનું પસંદ કરી રહ્યા છે. જ્વેલરીમાં પણ નેચરલ ડાયમંડને બદલે હવે લેબગ્રોન ડાયમંડની પસંદગી જ્વેલર મેન્યુફેક્ચરર માટે પ્રાથમિકતા બની રહી છે. જેથી નેચરલ ડાયમંડ ઉપર તેની વિપરીત અસર થઈ રહી છે.

ડિસેમ્બર મહિનામાં અમેરિકા જેવા દેશોમાંથી ખૂબ મોટા પ્રમાણમાં ડાયમંડની માગ ઊભી થતી હોય છે, પરંતુ દિવાળી પૂર્ણ થઈ ગયા બાદ પણ હજી સુરતમાં નેચરલ ડાયમંડની ફેક્ટરીઓ શરૂ થઈ શકી નથી. ડિમાન્ડ નહીં હોવાને કારણે કોઈપણ પ્રકારનું જોખમ લેવા માટે નેચરલ ડાયમંડ સાથે કામ કરતા ઉદ્યોગકારો ડરી રહ્યા છે.

રિયલ ડાયમંડના વેપારની વાત કરીએ તો માત્ર ૨૦ ટકા પર આવીને અટકી ગયો છે. મંદીનો સમય દોઢથી બે વર્ષ જેટલો પસાર થયો છે પરંતુ હજી તેમાંથી ઉદ્યોગ બહાર આવી શક્યો નથી. જેથી હીરા ઉદ્યોગ માટે ચિંતાનો વિષય બન્યો છે.

# શિક્ષકોની ખાલી જગ્યા જ્ઞાન સહાયકોથી ભરાશે, તારીખ પાંચ થી ૧૨ ઑનલાઈન અરજી કરી શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યની ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોમાં કાયમી શિક્ષકોની ભરતી ન થાય ત્યાં સુધી જ્ઞાન સહાયકથી વિદ્યાર્થીઓને શિક્ષણ મળી રહે તે માટે જ્ઞાન સહાયકોની ભરતીની જાહેરાત કરાઈ હતી.

ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોમાં ૧૧ માસના કરાર આધારિત જ્ઞાન સહાયકની ભરતી માટે ૫ ડિસેમ્બરથી ઓનલાઈન અરજીની કાર્યવાહી શરૂ કરવામાં આવશે, જેમાં ઉમેદવારો ૧૨ ડિસેમ્બર સુધી ઓનલાઈન અરજી કરી શકશે. પ્રાથમિક વિભાગમાં જ્ઞાન સહાયક બનનાર ઉમેદવારને માસિક રૂ.૨૧ હજારનું ફિક્સ મહેનતાણું ચૂકવવામાં આવશે.મળતી માહિતી મુજબ, શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં જ્ઞાન સહાયકોની ૧૧ માસ માટે કરાર આધારિત ભરતી માટે ઓનલાઈન અરજીઓ મંગાવવાની કાર્યવાહી શરૂ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. રૂ.૨૧ હજારના માસિક ફિક્સ મહેનતાણા માટેની આ જગ્યા પર નિમણૂક માટેની વયમર્યાદા ૪૦ વર્ષ નક્કી કરવામાં આવેલી છે. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી દ્વારા રાજયની અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં જ્ઞાન સહાયકની જગ્યાઓની ભરતી માટે પસંદગી યાદી તૈયાર કરવા માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. રાજ્યની ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોમાં જ્ઞાન સહાયક બનવા માટે ઉમેદવારો ૫ ડિસેમ્બરના રોજ બપોરના ૨ વાગ્યાથી ઓનલાઈન અરજી કરી શકશે. આ માટે ઉમેદવારોને ૧૨ ડિસેમ્બરના રોજ રાત સુધીની મુદ્દત આપવામાં આવી છે. જેથી નિયત સમયમર્યાદામાં ઉમેદવારોએ ભરતી માટે સૌપ્રથમ અરજીની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

આ જગ્યાઓ માટે ઉમેદવારની વયમર્યાદા ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીની રહેશે. ઉમેદવારે ઓનલાઈન અરજી વેબસાઈટ પર જઈને કરવાની રહેશે. ઉમેદવારે અરજી કરતાં પહેલા વેબસાઇટ પર મૂકેલી આ જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વયમર્યાદા, નિમણૂકનો પ્રકાર અને મહેનતાણા અંગેની સૂચનાઓ તથા માર્ગદર્શિકા પહેલા વાંચી લેવાની રહેશે. આ અરજીઓ રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ રૂબરૂ, ટપાલ કે કુરિયર દ્વારા સ્વીકારવામાં આવશે નહીં તેવી સ્પષ્ટતા કરવામાં આવી છે. આવી ટપાલ કે કુરિયર દ્વારા મોકલવામાં આવેલી અરજીઓ માન્ય ગણાશે નહીં.

અરજીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રમાણપત્રોની ખરાઈ કરવામાં આવશે. ઉમેદવારે પ્રમાણપત્રોની ખરાઇ માટે જ્યારે પણ રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે ઓનલાઇન કરેલ અરજીની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રોની એકએક ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ તેમજ ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

# બીઝેડ પોન્જી સ્કીમ કૌભાંડ મામલે ભૂપેન્દ્રસિંહ ઝાલા વિરુદ્ધ વધુ બે ફરિયાદ નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાંબરકાંઠા અને અરવલ્લીમાં બીઝેડ પોન્જી સ્કીમ કૌભાંડ મામલે ફરિયાદોનો દોર શરૂ થયો છે. આ મામલે કૌભાંડના મુખ્ય આરોપી ભૂપેન્દ્ર ઝાલા સામે કુલ બે ફરિયાદ નોંધાવામાં આવી હતી. જેમાં સીઆઈડી ક્રાઇમની એક ફરિયાદ દાખલ કરી તો બીજી ફરિયાદ ભોગ બનનારે નોંધાવી હતી. બીઝેડ ગ્રુપના ભૂપેન્દ્રસિંહ ઝાલા સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ મામલે ફરિયાદી સુરેશભાઈ કાળાભાઈ વણકરે પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે.

બીઝેડ ગ્રુપના સીઈઓ ભૂપેન્દ્રસિંહ પરબતસિંહ ઝાલા તેમજ નિકેશ પટેલ અને મળતિયા એજન્ટો વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો. ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. ૪.૫૦ હજારના રોકાણ કરાવ્યાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, બીઝેડ ગ્રુપે ૬ હજાર કરોડ રૂપિયાનું ફુલેકું ફેરવ્યું છે.

સરકાર માન્ય હોવાનું કહીને લોકોને છેતરવામાં આવતા હતા. એમએસએમઈના સર્ટિફિકેટના નામે લોકોને છેતર્યા હતા. ૧૦ હજારથી કરોડો રૂપિયા સુધીનું રોકાણ કરાવતા હતા.

# અમદાવાદમાં હિટ એન્ડ રન અને વડોદરામાં બે બાઈક સામસામે અથડાતા કુલ ચાર યુવકનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પોલીસે કોમ્બિંગ હાથ ધરીને કારચાલક નબીરાઓને પકડી મેમા ફટકાર્યા હતાં. તેમ છતાંય રફતારના રાજાઓને પોલીસનો જાણે કોઈ ડર જ ના હોય તેમ બેફામ પણે વાહન હંકારી રહ્યા હોવાથી અકસ્માતો સર્જાઈ રહ્યાં છે. અમદાવાદ અને વડોદરામાં થયેલા અકસ્માતોમાં ચાર લોકોનાં મોત નિપજ્યાં હતાં. અમદાવાદમાં નરોડા દહેગામ રોડ પર એક કારચાલકે ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં બેફામ ડ્રાઈવિંગ કરી અકસ્માત સર્જતા બે યુવકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતાં. અમદાવાદ ગ્રામ્ય ડીસીપી ઓમ પ્રકાશ જાટે જણાવ્યું હતું કે રિક્ષાને ઓવરટેક કરવા જતા કાર ડિવાઈડર પર ચઢીને સામેના રોડ તરફ જતી રહી હતી અને સામેના રોડ પર એક્ટિવા પર આવેલા બે યુવકોને ટક્કર મારતા બંનેના સ્થળ પર જ મોત થયા હતા. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૨૦ દિવસ દરમિયાન અમદાવાદ શહેરમાં ચાર અલગ અલગ કારચાલકોએ નશો કરી અકસ્માત સર્જ્યા હતાં. જેમાં ત્રણ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતાં તો બે તબીબોને ગંભીર ઈજા પહોંચી હતી. વડોદરા જિલ્લાના સાવલી-ઉદલપુર રોડ પર ધોળેશ્વર મહાદેવ મંદિર નજીક બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બે યુવાનોના ઘટનાસ્થળે કમકમાટીભર્યા મોત નિપજ્યાં હતાં. બંને યુવકો કસરિયા પુરા ગામના રહેવાસી હતા. સાવલી પોલીસે ઘટનાસ્થળે પહોંચીને યુવાનોના મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. મૃતકોમાં ૩૦ વર્ષીય કંચન સોલંકી અને ૨૫ વર્ષીય ભરત ચાવડાનો સમાવેશ થાય છે.

# રોડ રેજની ઘટનાઃ સીઆઈએસએફના જવાનોએ ડૉક્ટર સહિત ત્રણની કરી મારપીટ

મુંબઈઃ નવી મુંબઈમાં બનેલી રોડ રેજની ઘટનામાં સીઆઈએસએફના જવાનોએ ડૉક્ટર અને તેના ભાઈ સહિત ત્રણ જણની કથિત મારપીટ કરી હતી. ડૉક્ટરની ફરિયાદને આધારે પોલીસે સીઆઈએસએફના ૧૦થી ૧૫ જવાન વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારની રાતે ૧૦.૧૫ વાગ્યાની આસપાસ ખારઘર પરિસરમાં બની હતી. આ મામલે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ (સીઆઈએસએફ)ના આરોપી જવાનોને નોટિસ મોકલવામાં આવી છે.

પોલીસ ફરિયાદ અનુસાર જવાનો ખારઘરમાં રહે છે. જવાનો ચાર બસમાં મુંબઈ ઍરપોર્ટથી ખારઘર જઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. ચારેય બસ ખારઘરના સેક્ટર-૩૬ ખાતે પહોંચી ત્યારે ઉત્સવ ચોકથી સેન્ટ્રલ પાર્ક દરમિયાન એક બસ ભયજનક રીતે ડૉક્ટરની કારથી પસાર થઈ હતી. રાજકીય પક્ષના સ્થાનિક પદાધિકારી એવા ડૉક્ટરે બસનો પીછો કરી તેને રોકાવી હતી. બેફામ બસ દોડાવવા બદલ ડૉક્ટરે ડ્રાઈવરને પૂછતાં તેમની વચ્ચે બોલાચાલી થઈ હતી. એ જ સમયે પાંચથી છ જવાન બસમાંથી નીચે ઊતર્યા હતા અને ડૉક્ટર સાથે કથિત મારપીટ કરી હતી. બાદમાં સીઆઈએસએફના અન્ય જવાનોએ ડૉક્ટરના ભાઈ અને મિત્રને પણ ફટકાર્યા હતા.

આ પ્રકરણે ડૉક્ટરે ખારઘર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરાયો હતો કે હુમલામાં સંડોવાયેલા અમુક સીઆઈએસએફ જવાનો દારૂના નશામાં હતા, પણ ઘટના બાદ તે ત્યાંથી રવાના થઈ ગયા હતા.

# માલવણીમાં ગેરકાયદે બાંધકામ તોડવા ગયેલા અધિકારીને જાનથી મારવાની ધમકી

મુંબઈઃ મલાડ માલવણીમાં ગેરકાયદે બાંધકામ તોડવા ગયેલા સુધરાઈના પી-ઉત્તર વોર્ડના સબ-એન્જિનિયર સહિત અધિકારીઓને બાંધકામ તોડતા અટકાવવાની સાથે જ તેને ધમકાવી તેની સાથે ગાળાગાળી કરનારા સામે માલવણી પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી હતી.

મલાડના માલવણીમાં પી-ઉત્તર વોર્ડ દ્વારા ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ગયા બુધવારે પી-ઉત્તર વોર્ડ દ્વારા માલવણીના માર્વે રોડ પર બગીચા હોટલની સામે આવેલા એક પ્લોટનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. એ દરમિયાન મોટા પાયા પર ગેરકાયદે બાંધકામ ત્યાં કરવામાં આવ્યું હોવાનું જણાઈ આવ્યું હતું. લગભગ ૧,૫૦૦ સ્કવેર ફૂટ વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ ઊભું કરવામાં આવ્યું હતું. તેથી શુક્રવારે માલિકને તેને લગતી નોટિસ પાલિકા દ્વારા ફટકારવામાં આવી હતી. આ દરમિયાન માલિકે સુધરાઈના અધિકારી સાથે ઝઘડો કરીને તેમને ધમકાવ્યા હતા અને અપશબ્દો કહ્યા હતા. આ બનાવ બાદ સબ-એન્જિનિયર પ્રવીણ મૂલુકે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે તેમની ડિમોલીશન ડ્રાઈવ દરમિયાન યોગેશ શ્રીધર રાવ અને નિલોફર ઈન્મુલ્હાએ તેને ફરજ બજાવતા રોક્યો હતો અને તેને ધક્કો માર્યો હતો અને અપશબ્દો કહ્યા હતા. તેમ જે તેને માથા પર ઈંટથી માર્યો પણ હતો. ડીમોલીશન કરવાનું બંધ નહીં કર્યું તો તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ભારે વિરોધ બાદ પણ સુધરાઈના અધિકારી ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં સફળ થયા હતા. માલવણી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીને અમે નોટિસ મોકલી છે અને વધુ તપાસ ચાલી રહી છે.

# પોલીસે ખોટા કેસમાં ફસાવ્યાનો આક્ષેપ કરી ઘાટકોપરનો યુવક ગુમ

મુંબઈઃ મુંબઈ પોલીસે ખોટા કેસમાં ફસાવ્યાનો વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને ઘાટકોપરનો યુવક નગુમથ થઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ શુભમ ઓઝા (૨૫)એ સોશિયલ મીડિયા પર અમુક વીડિયો પોસ્ટ કર્યા હતા, જેમાં લિવ-ઈન પાર્ટનર દ્વારા નોંધાવાયેલા કેસ પ્રકરણે પોલીસ ખંડણી માગીને ત્રાસ આપતી હોવાનો આક્ષેપ કરાયો હતો. ઓઝા ઘરેથી એકાએક ગુમ થઈ જતાં શુભમના પિતાએ સોમવારની સવારે ઘાટકોપર પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મિસિંગની ફરિયાદ નોંધી શુભમની શોધ હાથ ધરી હતી.

એક વીડિયોમાં તો શુભમે એવું જણાવ્યું હતું કે જો તેનું મૃત્યુ થાય તો તેના માટે મુંબઈ પોલીસને જવાબદાર ગણવી.

શુભમ મળ્યા પછી તેણે કરેલા આક્ષેપોની ચકાસણી કરવામાં આવશે, એવું પોલીસનું કહેવું છે. (પીટીઆઈ)

# વૉટિંગ પછી બેલટ પેપરની તસવીર પાડનારો કોન્સ્ટેબલ સસ્પેન્ડ

મુંબઈઃ વૉટિંગ પછી પોસ્ટલ બેલટ પેપરનો ફોટો શૅર કરવા પ્રકરણે શિવડી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ રિયાઝ પઠાણ (૪૦)ને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે અને તેની વિરુદ્ધ ચૂંટણીના નિયમોનો ભંગ કરવા બદલ ગુનો નોંધવામાં આવ્યો હતો. પઠાણે સરકારી કર્મચારીઓ માટેના મતદાન કેન્દ્રમાં જઈને મત આપ્યો હતો અને પછી બેલટ પેપર પર તેણે કરેલા નિશાનનો ફોટો પાડીને સાતારામાં એક મિત્રને મોકલાવ્યો હતો. એ તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થતાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી ફરજમાં વ્યસ્ત સરકારી કર્મચારીઓ માટે શહેરમાં સાત મતદાન કેન્દ્ર ઊભાં કરાયાં હતાં. મતદાન કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસને આધારે કોન્સ્ટેબલ વિરુદ્ધ જે. જે. માર્ગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. તપાસ પૂરી થાય ત્યાં સુધી પઠાણને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો હોવાનું અધિકારીનું કહેવું છે.

# મુંબઈ સહિત રાજ્યમાં તાપમાનમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બંગાળના ઉપસાગરમાં સર્જાયેલા ફેંજલ વાવાઝોડાની અસર મહારાષ્ટ્રના તાપમાનને થઈ છે. રવિવારે અનેક વિસ્તારોમાં વાદળિયું વાતાવરણ રહ્યા બાદ સોમવારે ઠંડીમાં હળવો ઘટાડો નોંધાયો હતો અને લઘુતમ તાપમાન ઊંચુ ગયું હતું. છેલ્લા અનેક દિવસથી રાજ્યના લઘુતમ તાપમાનમાં ઝડપથી ઘટાડો થઈ રહ્યો હતો. જોકે નફેંજલથ વાવાઝોડાને કારણે ઉત્તર તરફથી આવી રહેલા ઠંડા પવનોને અસર થઈ છે. તેની અસર હેઠળ મુંબઈ સહિત રાજ્યના અનેક વિસ્તારના તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીથી વધારો થયો છે અને ઠંડીનું પ્રમાણ પણ ઘટ્યું છે. મુંબઈમાં સોવારે સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાન ૨૦.૬ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૪.૯ ડિગ્રી તો કોલાબામાં લઘુતમ તાપમાન ૨૨.૮ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૩.૨ ડિગ્રી નોંધાયું હતું.

# પુણેની એક ખાણીપીણીને 'બર્ગર કિંગ' નામનો ઉપયોગ ન કરવાનો હાઈ કોર્ટનો નિર્દેશ

મુંબઈઃ બોમ્બે હાઇ કોર્ટે સોમવારે વચગાળાના આદેશમાં પુણે સ્થિત એક ખાણીપીણીને 'બર્ગર કિંગ' નામનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. અમેરિકાની કંપની બર્ગર કિંગ કોર્પોરેશન દ્વારા ટ્રેડમાર્ક ઉલ્લંઘનની અરજીની સુનાવણી અને નિકાલ કરવામાં ન આવે ત્યાં સુધી આ પ્રતિબંધ રહેશે. કંપનીએ ઓગસ્ટમાં હાઇ કોર્ટમાં અપીલ દાખલ કરી પુણેની અદાલતે આપેલા આદેશને પડકાર્યો હતો. એ આદેશમાં અમેરિકન નામ વાપરનાર ખાણીપીણીની દુકાન સામે ટ્રેડમાર્ક ઉલ્લંઘનનો આરોપ કરતા દાવાને ફગાવી દેવામાં આવ્યો હતો. બર્ગર કિંગ કોર્પોરેશને પણ હાઇ કોર્ટમાં અરજી દાખલ કરી પુણેના ખાણીપીણીના માલિકો - અનાહિતા ઇરાની અને શાપુર ઇરાની - સામે 'બર્ગર કિંગ' નામનો ઉપયોગ કરવા સામે વચગાળાના મનાઈ હુકમની માગ કરવામાં આવી હતી.ન્યાયમૂર્તિ એ એસ ચાંદુરકર અને ન્યાયમૂર્તિ રાજેશ પાટીલની ખંડપીઠે સોમવારે વચગાળાની અરજી પર પોતાનો આદેશ આપતી વખતે કહ્યું હતું કે 'કંપની દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલની સુનાવણી થવી જરૂરી છે અને સમગ્ર પુરાવાઓ પર ધ્યાન આપવાની જરૂર છે.

## નવમા પાનાનું ચાલુ

### હું નથી બનવાનો

વાસ્તવિકતાથી પીઠ ન ફેરવો. મારા વિશેની ચર્ચાઓ પર હવે પૂર્ણવિરામ મુકો એવી અપેક્ષા છે.

એકનાથ શિંદેને ગઈ કાલે આ વિશે સવાલ પૂછતાં તેમણે કહ્યું કે, હજી પણ ચર્ચાઓ ચાલી રહી છે. તમે જ (મીડિયા) ચર્ચા કરી રહ્યા છો. હું તમને એટલું જણાવી દઉં કે આ બધી ચર્ચાઓ છે. અમારી અમિત શાહ સાથે ચર્ચા થઈ હતી. આ પછી અમારા ત્રણેય (એકનાથ શિંદે, દેવેન્દ્ર ફડણવીસ, અજિત પવાર) વચ્ચે ચર્ચા કરવામાં આવશે.

### બીમારી કે નારાજગી?

ઈન્ફેક્શન અને શરીરમાં તાવ હતો. તેમના નજીકના લોકોએ પણ કહ્યું કે તબીબોએ તબિયત સુધરે ત્યાં સુધી શિંદેને આરામ કરવાની સલાહ આપી છે.

દરમિયાન, એવું કહેવાય છે કે તેમણે સોમવારે પાર્ટીના વિધાનસભ્યો સાથે બેઠક કરી હતી. પરંતુ એવું કહેવામાં આવ્યું છે કે આવી કોઈ બેઠક થઈ જ નથી.

બીજી તરફ વિધાનસભ્ય વિજય શિવતારે અને અર્જુન ખોપકર તેમને મળવા પહોંચ્યા હતા. પરંતુ ડૉક્ટરે આરામની સલાહ આપી હોવાથી બંનેને તેમની એપોઇન્ટમેન્ટ મળી ન હતી. આ બંને શ્રીકાંત શિંદેને મળીને પાછા વળી ગયા હતા, પરંતુ વિધાનસભ્યોની બેઠક અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી. શિવતારેએ એ પણ સ્પષ્ટ કર્યું કે વિધાનસભ્યોની કોઈ બેઠક થઈ નથી.

### લાડકી બહેનોને

યોજના અંગે મહાયુતિની ભૂમિકા, ચૂંટણી પહેલા આપેલાં વચનો અને તેના પર વધેલા ખર્ચ વિશે વાત કરી હતી.

**સુધીર મુનગંટીવારે શું કહ્યું?**

મહાયુતિએ ચૂંટણી ઢંઢેરામાં આપેલાં વચન અનુસાર મહાયુતિ લાડકી બહિણ યોજના હેઠળ મહિલાઓને આપવામાં આવતી રકમમાં વધારો કરશે કે કેમ એ અંગે ઇન્ટરવ્યૂ દરમિયાન મુનગંટીવારને સવાલ કરવામાં આવ્યો હતો. કારણ કે એનસીપી (અજિત પવાર)એ કહ્યું છે કે આ માત્ર એકનાથ શિંદેનું વચન હતું. જવાબમાં સુધીર મુનગંટીવારે કહ્યું કે અમે આ વચન ૧૦૦ ટકા પૂરું કરીશું. જો આપણે મહિલાઓને આપવામાં આવતી રકમ ૧૫૦૦ રૂપિયાથી વધારીને ૨૧૦૦ રૂપિયા નહીં કરીએ તો દેશભરમાં અમારી ઈમેજ ખરડાઈ જશે. ચૂંટણી જીત્યા પછી વચનો પૂરા નહીં કરનાર તરીકે અમે બદનામ થઈ જઈશું. હું મુખ્યપ્રધાનને પત્ર લખી વચન પાલન કરવા કહેવાનો છું. મહાયુતિના ઘોષણાપત્ર સમિતિના અધ્યક્ષ તરીકે હું અમારા ઘોષણાપત્ર અને સંકલ્પ પત્રમાં આપેલા વચનો ધૂળમાં નહીં મળવા દઉં. અમારી સરકાર પાસે દરેક પાત્ર મહિલાને ૨,૧૦૦ રૂપિયા આપવાની ક્ષમતા છે. મને નથી લાગતું કે અમારો કોઈ સાથી તેનો વિરોધ કરશે. ક્યારથી વધારો ચૂકવવામાં આવશે? જાન્યુઆરી કે જુલાઈ, કયા મહિનાથી વધારાની રકમ આપવામાં આવશે એની ચર્ચા કરવામાં આવશે. અમે ગયા વર્ષે ભાઈબીજના દિવસે આ યોજના લાગુ કરી હતી. એટલે આવતા વર્ષે ભાઈબીજથી રકમમાં વધારો થઈ શકે છે.'

### ચાણક્ય ચાલ

પવારે તેમના સાંસદને ફડણવીસને મળવા મોકલ્યા છે અને તેથી રાજકીય વર્તુળોમાં વિવિધ અટકળોએ જોર પકડ્યું છે.

શિવસેનાના વિધાનસભ્યો થાણેમાં શિંદેના ઘરે અવરજવર કરી રહ્યા છે. દરમિયાન, ફડણવીસના સાગર નિવાસસ્થાને ભાજપના નેતાઓનો મેળાવડો જોવા મળે છે. શરદ પવારની એનસીપીના ભિવંડીના સાંસદ સુરેશ મ્હાત્રે ઉર્ફે બાલ્યા મામાના અચાનક સાગર બંગલો પર આગમનથી તમામની આંખો પહોળી થઈ ગઈ છે. ભાજપના નેતાઓએ પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે પવારના સાંસદ અચાનક ફડણવીસને મળવા કેમ આવ્યા?

આ અંગે બાલ્યા મામાએ જણાવ્યું હતું કે ફડણવીસની મુલાકાત સદ્ભાવનાની મુલાકાત હતી. જોકે, એનસીપી-એસપીના નેતાની આ વાત કોઈને ગળે ઉતરતી નથી. માત્ર બે દિવસ પહેલા જ શિંદે સાતારા જવા રવાના થયા તે પહેલાં જિતેન્દ્ર આવ્હાડ વર્ષા બંગલો પર શિંદેને મળ્યા હતા. આ મુલાકાતનું પણ કોઈ કારણ આપવામાં આવ્યું ન હતું. મહાયુતિ અને ખાસ કરીને ભાજપ રાજ્યમાં સરકારનું ગઠન કરે તે પહેલાં શરદ પવાર પર ગુગલી ફેંકી રહ્યા હોવાની શંકાઓ ઉપસ્થિત કરવામાં આવી રહી છે. આથી જ અત્યારે શરદ પવાર શું રમત રમી રહ્યા છે તેની ચર્ચાઓ પણ શરૂ થઈ ગઈ છે.

રાજ્યમાં મહાયુતિનો મેળ નથી પડતો ત્યારે રાજકારણીઓના મનમાં સવાલ ઉઠવા લાગ્યો છે કે તેઓ નવા સમીકરણ સાથે મેળ ખાવાનો પ્રયાસ તો નથી કરી રહ્યા. રાજકીય વર્તુળમાં એવો સવાલ ઉઠવા લાગ્યો છે કે હજુ સુધી સરકાર બની ન હોવા છતાં શરદ પવારના વિધાનસભ્યો અને સાંસદો મહાયુતિના નેતાઓને કેમ મળી રહ્યા છે.

### ભાજપ દ્વારા

હોત તો અમે પણ આવ્યા હોત.

શું તમે શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ જોવા જશો? એવો પ્રશ્ન દીપક કેસરકરને પૂછવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'જો અમને બોલાવવામાં આવશે, તો અમે ચોક્કસ જઈશું. અમને સમીક્ષા મુલાકાત અંગેની જાણકારી આપવામાં આવી ન હતી. તમે લોકો ગેરસમજ ન કરો. અમે બધા મહાયુતિમાં ખુશ છીએ. આખરે મહાયુતિની સરકાર આવી રહી છે.

'આ તૈયારી સરકારી એજન્સીઓ દ્વારા કરવામાં આવે છે. જે પક્ષની સરકાર આવી રહી છે, તે પાર્ટીના લોકો જઈને તૈયારીઓનું નિરીક્ષણ કરે છે, જેથી કોઈ ઉણપ ન રહે. છેવટે, આ કાર્યક્રમ સત્તાધારી પક્ષનો છે. આમાં પણ એ જ છે કે તેઓએ નિરીક્ષણ કર્યું અને અમે કર્યું એક જ છે. તેમને તપાસીને આનંદ થયો. ભાજપ અમારી સૌથી મોટી પાર્ટી છે. તે અમારા મોટા ભાઈ છે,' એમ કહીને દીપક કેસરકરે વાતને વાળી લેવાનો પ્રયાસ કર્યો હતો.

### શિંદે માટે

એકનાથ શિંદે શિવસેનાના વડા છે અને તેમની પાર્ટીએ તાજેતરની ચૂંટણીમાં ૫૭ વિધાનસભા બેઠકો જીતી છે. હવે શિંદે શું નિર્ણય લેશે તે અંગે ત્રણ શક્યતાઓ ચર્ચાઈ રહી છે.

૧. ભાજપ મુખ્ય પ્રધાનપદ પોતાની પાસે રાખવા માંગે છે અને શેરિંગ ફોર્મ્યુલા હેઠળ અજિત પવાર અને એકનાથ શિંદેને ડેપ્યુટી સીએમ બનાવવા માંગે છે. અજિત પવારે પણ આ ફોર્મ્યુલાનો ઉલ્લેખ કર્યો હતો, પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે એકનાથ શિંદે વિભાગ માટે તૈયાર નથી. શિંદે ગૃહ વિભાગ માટે આગ્રહી છે. તેમના જૂથ દ્વારા પણ આ માંગ કરવામાં આવી હતી. શિંદે કોઈ પણ સંજોગોમાં ભવિષ્યમાં મુખ્ય પ્રધાનપદ માટે પોતાનો દાવો છોડવા માંગતા નથી. શિંદે જૂથનું માનવું છે કે જો તેઓ દેવેન્દ્ર ફડણવીસની જેમ ગૃહ વિભાગ લઈને ડેપ્યુટી સીએમ બનશે તો તેમનું કદ ઓછું નહીં થાય.

૨. મહારાષ્ટ્રના રાજકારણમાં એવી પણ જોરશોરથી ચર્ચા થઈ રહી છે કે જો એકનાથ શિંદે સાથે વિભાગોની વહેંચણી પર વાતચીત સફળ નહીં થાય તો એકનાથ શિંદે તેમની જગ્યાએ કોઈ અન્યને ડેપ્યુટી સીએમ બનાવી શકે છે. શિંદે સેનામાં ડેપ્યુટી સીએમ માટે લગભગ પાંચ નામોની ચર્ચા છે.

પહેલું નામ શિંદેના હાલમાં લોકસભાના સાંસદ પુત્ર શ્રીકાંતનું છે. ચર્ચા છે કે એકનાથ પણ પોતાની ખુરશી શ્રીકાંતને સોંપી શકે છે. શ્રીકાંત ઉપરાંત દીપક કેસરકરનું નામ પણ ચર્ચામાં છે. એકનાથ શિંદેએ રવિવારે દીપક સાથે લાંબી ચર્ચા કરી હતી. ઉદય સામંત અને ગુલાબરાવ પાટીલના નામો પણ ચર્ચાઈ રહ્યા છે. પાટીલના વિસ્તારમાં આ અંગે પોસ્ટર અને બેનરો પણ લગાવવામાં આવ્યા હતા.

૩. એકનાથ શિંદેને લઈને એવી પણ ચર્ચા ચાલી રહી છે કે જો શિંદેની માંગ પૂરી ન થાય તો તેઓ બહારથી સમર્થન આપવા પર પણ વિચાર કરી શકે છે. જો કે શિંદેના આ નિર્ણયને દબાણની રાજનીતિ તરીકે જોવાઈ રહી છે.

એકનાથ શિંદે મુખ્ય પ્રધાનપદ વિશે ખુલીને બોલી રહ્યા છે, પરંતુ સરકારમાં તેમની ભૂમિકા અંગે મૌન છે. જ્યારે પત્રકારોએ શિંદેને ગૃહ મંત્રાલય અને હિસ્સેદારી વિશે પ્રશ્નો પૂછ્યા તો તેમણે કોઈ જવાબ ન આપ્યો.

### એટીએમનો પાસવર્ડ

પોલીસના જણાવ્યા મુજબ હરિયાણાનો વતની વિનોદ રાહદારી અથવા ટ્રેનના પ્રવાસીઓનાં પાકીટ ચોરતો હતો. ઘણાં પાકીટમાંથી એટીએમ કાર્ડની સાથે આધાર કાર્ડ અને પેન કાર્ડ પણ મળી આવતાં હતાં. વિનોદ એ આધાર કાર્ડ પરની જન્મતારીખ એટીએમમાંથી રૂપિયા કઢાવવા પાસવર્ડ તરીકે નાખતો હતો. ક્યારેક તેનો તુક્કો કામ આવી જતો તો ક્યારેક ત્રણ પ્રયાસ છતાં તેને નિષ્ફળતા મળતી હતી.

ચોરેલા પાકીટમાંથી માત્ર એટીએમ કાર્ડ મળે ત્યારે વિનોદ તાત્કાલિક ફેસબુક અથવા ઈન્સ્ટાગ્રામ પર કાર્ડ પરનાં નામને સર્ચ કરતો હતો. સરખા નામવાળી વ્યક્તિની જન્મતારીખ તે નોંધી લેતો અને તેનો ઉપયોગ પાસવર્ડ તરીકે કરી સંબંધિત વ્યક્તિના બૅન્ક ખાતામાંથી રૂપિયા કઢાવતો હતો. તાજેતરના ગાળામાં આ રીતે રૂપિયા કઢાવવામાં ત્રણ વાર તેને સફળતા મળી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે અંધેરી પશ્ચિમમાં પોલીસ ક્વાર્ટર્સમાં રહેતા એક પોલીસ અધિકારીનું પર્સ ૧૬ ઑક્ટોબરની સવારે ૧૧ વાગ્યાની આસપાસ ચોરાયું હતું. રાતે અધિકારીને મેસેજ આવ્યો હતો કે તેના બૅન્ક ખાતામાંથી ૪૯,૫૦૦ રૂપિયા કઢાવવામાં આવ્યા છે. આ મામલે અધિકારીએ અંધેરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે અંધેરી પરિસરથી રેલવે સ્ટેશન સુધીના ૫૦થી ૬૦ કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. શકમંદ અંધેરીથી ચર્ચગેટ જતી ટ્રેનમાં ચઢ્યો હતો અને દાદર સ્ટેશને ઊતર્યો હતો. ત્યાંથી તે દાદરથી થાણે ગયો હોવાનું જણાયું. લગભગ ૨૫૦ કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીને થાણે પરિસરમાંથી તાબામાં લેવાયો હતો.

### થાણેમાં રવિવાર

સુધી થાણે શહેરમાં ૩૦ ટકા પાણીકાપ લાગુ કરવામાં આવ્યો હોવાથી થાણેવાસીઓના માથા પર પાણીનું સંકટ ઊભું થયું છે.

થાણે પાલિકા દ્વારા જોકે થાણેના નાગરિકોને સતત પાંચ દિવસ પાણીકાપનો સામનો કરવો ના પડે તે માટે પાલિકાના વોર્ડ સ્તરે ૨૪ કલાક માટે પાણીપુરવઠો બંધ રાખવાનો નિર્ણય લીધો છે. તેથી દરેક વોર્ડના નાગરિકોને પાંચ દિવસના બદલે ફક્ત ૨૪ કલાક પાણીપુરવઠો બંધ રહેશે એવો દાવો પાલિકાએ કર્યો છે.

ભાતસા બંધનું પાણી નદીના તટમાં છોડવામાં આવે છે. આ નદીના તટ પર રહેલા પિસે બંધથી મુંબઈ અને થાણે પાલિકા દ્વારા પાણી ઊંચકીને શહેરને પાણીપુરવઠો કરવામાં આવે છે. મુંબઈ અને થાણે પાલિકાના બંધ નદીના પટ પર થોડા અંતરે જ આવેલા છે. મુંબઈ મહાનગરપાલિકાનું સમારકામ પાંચ ડિસેમ્બર સુધી ચાલવાનું હોવાથી પાણીપુરવઠામાં કાપ મૂકવામાં આવ્યો છે. આ સમારકામને કારણે ભાતસા નદીનું તટમાં પાણીનું સ્તર ઓછું થયું છે. મંગળવાર, ૩૦ ડિસેમ્બરના માજિવાડા, માનપાડા, કોઠારી કમ્પાઉન્ડ, ઢોકાણી, મનોરમા નગર, રુણવાલ, ડોંગરી પાડા, વિજાય નગરી, વિજય પાર્ક, વાઘબીળ, આનંદ નગર, કાસારવડવલી, બુધવાર, ચાર ડિસેમ્બરના ગાંધી નગર, સુભાષ નગર, નળપાડા, વસંત વિહાર, લોકાપૂરમ, લોકઉપવન, એમએમઆરડીએ, તુલસીધામ, સુરકરપાડા, સિદ્ધાંચલ, કોંકણીપાડા, ગાવંડ બાગ, શાસ્ત્રી નગર એક અને બે, મૈત્રી પાર્કમાં પાણીપુરુવઠો બંધ રહેશે. તો ગુરુવાર, પાંચ ડિસેમ્બરના સિદ્ધેશ્વર, ચંદનવાડી, પાટીલવાડી, ચરઈ, માવણી મંડળ, કોલબાડ, ગોકૂળ નગર, આઝાદ નગર, ખોપટસ સિવિલ હૉસ્પિટલ પરિસર, ડૉ.બાબાસાહેબ આંબેડકર રોડ પરિસર, શુક્રવાર પાંચ નવેમ્બરના દત્તવાડી, બૉમ્બે કોલોની, જીવન બાગ, મુંબ્રા દેવી, શૈલેશ નગર, ઉદય નગર, રેતીબંદર, સમ્રાટ નગર, નારાયણ નગર, મેક કંપની, જળકુંભથી શંકર મંદિર, સંજય નગર પરિસરનો સમાવેશ થાય છે. તો શનિવાર સાત ડિસેમ્બરના રાબોડી એક અને બે, આકાશગંગા, જેલ ટાકી પરિસર, જરી મરી, વૃંદાવન,શ્રીરંગ, વિકાસ કૉમ્પ્લેક્સ, ડૉ.બાબાસાહેબ આંબેડકર નગર, કલવા, મનિષા નગર, આતકોણેશ્વર નગર, ભાસ્કર નગર, પૌડ પાડા, ખારેગાવ, રઘુકુલ, પારસિક નગર અને રવિવાર, આઠ ડિસેમ્બરના લોકમાન્ય પાડા નંબર એક અને બે, દોસ્ટી, વેદાંત, આકૃતિ કૉમ્પલેક્સ, અરુણ ક્રીડા મંડળ, કશિશ પાર્ક, શિવાજી નગર, ધર્મવીર નગર, સાઠેવાડી, રઘુનાથ નગર, ઈટર્નિટી, વિષ્ણૂનગર, ભાસ્કર કોલોની, બ્રાહ્મણ સોસાયટી, રામ મારુતી રોડ જેવા વિસ્તારનો સમાવેશ થાય છે.

### રિપોર્ટ કાર્ડના આધારે

મહાયુતિના ઘટક પક્ષના વિધાનસભ્યો સાથે પ્રધાનનું વર્તન કેવું હતું? પ્રધાને કેન્દ્ર અને રાજ્યના ભંડોળની ફાળવણી કેવી રીતે કરી હતી? શું ક્યારેય એવી સ્થિતિ હતી કે સંબંધિત પ્રધાને ગઠબંધનને જોખમમાં મૂક્યું હોય? શું તેણે કોઈ વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું? અમિત શાહે આ મુદ્દાઓના રિપોર્ટ કાર્ડ સાથે મહાયુતિના નેતાઓને દિલ્હી બોલાવ્યા છે. મહાયુતિના નેતાઓ આજે દિલ્હી જાય તેવી શક્યતા છે.

કેન્દ્રીય નેતૃત્વએ એ પણ નિર્દેશ આપ્યો છે કે કેબિનેટમાં વિધાનસભ્યોને લઈને કોઈ ચર્ચાની જરૂર નથી. મંત્રીએ દરેક સાથે સાયુજ્ય સાધવાની જવાબદારી ઉઠાવવી જોઈએ અને તેની પાસે મંત્રીપદ સંભાળવાની ક્ષમતા હોવી જોઈએ. કેબિનેટમાં વધુમાં વધુ યુવા વિધાનસભ્યોને તક આપવામાં આવશે.

મહારાષ્ટ્રમાં ગઠબંધન પ્રધાન મંડળનો શપથ ગ્રહણ સમારોહ ૫ ડિસેમ્બરે આઝાદ મેદાનમાં યોજાશે. જેમાં ત્રણેય પક્ષોના પ્રધાનો શપથ લેશે. આ સમારોહમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી હાજરી આપશે. શિવસેનાના ૧૦ થી ૧૨, એનસીપીના ૮ થી ૯ અને ભાજપના ૨૦ વિધાનસભ્યોને પ્રધાન બનાવવામાં આવશે તેવી ચર્ચા છે.

## હિન્દુ મરણ

**દશા સોરઠિયા વણિક**

વંથલી નિવાસી સ્વ. હીરાલક્ષ્મીબેન અમૃતલાલ દોશીના પુત્ર રાજેન્દ્ર દોશી (ઉં. વ. ૭૩) તે હંસાબેનના પતિ. શુક્રવાર તા.૨૯/૧૧/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. બિપીનચંદ્ર, વિરેન્દ્રભાઈ દોશી તથા સ્વ.ઈન્દુબેન મલકાણ, સ્વ.સુશીલાબેન સાંગાણી, સ્વ.તારાબેન પારેખના ભાઈ. જતીન તથા અમિતના પિતા.સાસરાપક્ષે સવિતાબેન કેશવલાલ માલવિયાના જમાઈ, લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ કાંદિવલી ડો.ગુણવંતરાય શાંતીલાલ કોઠારી (ઉં. વ. ૮૫) સ્વ.નીરૂબેનના પતિ. તે ભાવેશ, દિપક, પ્રીતી (પૂજા)ના પિતા. જાગૃતિ- શીતલ- પુનિત મહેતાના સસરા. સ્વ.જયંતીલાલ, સ્વ.ભૂપેન્દ્રભાઈ, સ્વ.ચંદ્રકળા લલ્લુભાઈ, સ્વ.કળાવતી મધુસૂદન, સ્વ.ભાનુમતિ હસમુખરાય, ધનલક્ષ્મી કીરીટકુમાર, મધુબાળા અશોકકુમારના ભાઈ. સ્વ.મોહનલાલ ગોકળદાસ ગોરડીયાના જમાઈ. તા. ૧/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. સર્વ પક્ષની પ્રાર્થનાસભા મંગળવારે તા. ૩/૧૨/૨૪, ૫ થી ૭, આંગન કલાસીક હોલ, ફેકટરી લેન, બોરીવલી (વેસ્ટ).

**મોડાસા એકડા વિશા ખડાયત સાઠંબા સમુદાય**

મુંબઇ સ્થિત મોહનલાલ છગનલાલ શાહના પુત્ર અરવિંદ મોહનલાલ શાહ (ઉં. વ. ૭૮) તા. ૨૮-૧૧-૧૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. અરુણાબેનના પતિ. સન્મુખભાઇ, સ્વ. ભરતભાઇ, રમેશભાઇ, ઇન્દુબેન અને જયશ્રીબેનના ભાઇ.તે શીતલ, વૈશાલી, તેજલ, પૂર્વિશના પિતા. પરાગ, હરેન, વિશાલ અને રિતુના સસરા. પ્રાર્થનાસભા તા. ૩-૧૧-૨૪ના સાંજે ૫થી ૭. ઠે. ઠક્કરાઇ ભાટિયા વાડી સેવા ફંડ, નમઃ હોસ્પિટલની સામે, બીજા માળે, હોલ નં. ૪, શંકર લેન, કાંદિવલી (વેસ્ટ).

## જૈન મરણ

**ઝાલાવાડી દશાશ્રીમાળી દેરાવાસી શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન**

રાણપુર નિવાસી હાલ આક્રા, ઘાના અજય દિનકરરાય કામદાર, તે સ્વ.દિનકરરાય ધીરજલાલ કામદાર તથા ઇન્દીરાબેનના પુત્ર. રેણુકાના પતિ. સમક્ષ અને જશના પિતા. સ્વ.પ્રાણલાલ શાહ તથા લીલાબેનના જમાઈ. જગદીશભાઈ મુકેશ હર્ષા મયંક શાહના ભાઈ. તા. ૨૯ મી નવેમ્બરના આક્રા (ઘાના) અરીહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ફરાદીના શ્રી સુરેન્દ્ર નેણશી ગાલા (ઉં. વ. ૭૩) તા. ૩૦-૧૧-૨૪ ના અવસાન પામેલ છે. પુરબાઈ નેણશીના પુત્ર. જ્યોતિના પતિ. કપિલ, ભવ્યાના પિતાશ્રી. મહેન્દ્ર, મનોજ, નવિન, નિર્મળા, પ્રભાવતી, રતન, હંસાના ભાઇ. કોડાય કેસરબેન ગાંગજી ગોગરીના જમાઇ. પ્રા. શ્રી વ. સ્થા. જૈ. શ્રા. સં. સં. શ્રી કરસન લધુ નિસર હોલ, ૧લે માળે, દાદર. ટા. ૨ થી ૩.૩૦.

દેવપુરના હાલે વસઈના દિનેશ ખીમજી હરીયા (ઉં. વ. ૬૮) તા. ૧-૧૨-૨૪ના અવસાન પામેલ છે. વેલબાઈ ખીમજીના પુત્ર. ધનવંતીના પતિ. ચેતના, નયનના પિતા. પ્રવિણ, પુષ્પા, રશ્મીના ભાઈ. દેવપુર જેઠીબાઈ વીરજી માણેકના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ.નયન હરીયા. એફ-૩૦૩, પંતનગરી, રમેદી, વસઈ (વે).

વડાલાના શાંતીલાલ ખીમજી નિસર (ઉં. વ. ૭૭) તા. ૧-૧૨-૨૪ના અવસાન પામેલ છે. સાકરબેન ખીમજીના પુત્ર. કસ્તુરબેનના પતિ. શિલ્પા, શિતલ, રશ્મિના પિતાશ્રી. સ્વ. હીરજી, સ્વ. ભવાનજી, સ્વ. ધીરજ, વસંત, ચંચળબેન, નિર્મળાના ભાઇ. કપાયાના પુરબાઇ મુરજી કાંઇયા સંગોઇના જમાઇ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. નિલેશ ખીમસીયા, એ/૨૦૭, શિવ સૃષ્ટી, અંબિકાનગર, ગોગ્રાસવાડી, ડોંબીવલી (ઇ.) ૪૨૧૨૦૧.

મોટા આસંબીયાના માતુશ્રી મણીબેન નાનજી ગડા (ઉં. વ. ૯૭) તા. ૩૦-૧૧-૨૪ ના અવસાન પામેલ છે. કુંતાબાઈ કાનજી રાયશીના પુત્રવધૂ. સ્વ. નાનજીના પત્ની. પરેશ, પ્રશાંત, મનોજના માતુશ્રી. બિદડાના મોંઘીબેન હંસરાજના પુત્રી. પ્રેમજી, દામજી, ખીમજી, દેવચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. નાનજી ગડા, નમન, પ્લોટ નં. ૧૨૭, જે લાઈન, સેકટર નં. ૮, વાશી, નવી મુંબઇ-૭૦૩.

**ઘોઘારી વિસા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ ચેંબુર નિરંજના શાહ (ઉં. વ. ૯૩) રવિવાર, તા. ૧-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રમણલાલ ભગવાનદાસ શાહના પત્ની. તે કિશોર, હંસા, વિજય, કૈલાસ, પ્રકાશના માતુશ્રી. લલિતકુમાર, હર્ષા, નીશાના સાસુ. મેઘના, સિદ્ધાર્થના દાદી. તે નીરજ તથા નીયતિના નાની. લૌકિક વ્યવહાર બંધ છે. દેહદાન કરેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ માટુંગા સ્વ. પોપટલાલ સોમચંદ મહેતા તથા પ્રેમકુંવરબેનના સુપુત્ર શશીકાંતભાઇ (ઉં. વ. ૮૨) તે અ. સૌ. ચંદ્રીકાબહેનના પતિ શનિવાર તા. ૩૦-૧૧-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે નિમીષ-પરિતા, કરિશ્મા-મોનીશના પિતાશ્રી. તે હિંમતભાઇ-પ્રવીણાબેન, નગીનભાઇ-મંજુલાબેન, કંચનબેન-જયંતીલાલ શાહ, વિમળાબેન પૂનમચંદ દોશી, પુષ્પાબેન ભોગીલાલ શેઠ, ઇન્દુબેન અનંતરાય શેઠ, માલતીબેન હર્નિષભાઇ શાહનાં ભાઇ. મણિલાલભાઇ શામજી પોપટના તથા મીઠાબેનના જમાઇ. પ્રભુભક્તિ બુધવાર તા. ૪-૧૨-૨૪ના સવારના ૧૦થી ૧૨. ઠે. એસ. એન. ડી. ટી. કોલેજ-હોલ, રફી અહમદ કીડવાઇ રોડ, માટુંગા-મુંબઇ.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાવનગર નિવાસી હાલ પૂના ચંદ્રકાંતભાઇ લહેરચંદભાઇ શાહ (ઉં. વ. ૯૦) તા. ૩૦-૧૧-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ઇન્દિરાબેનના પતિ. મનીષભાઇ, બીરેનભાઇ તથા સ્વ. રીમાબેન જીતેશકુમાર શાહ, જયનાબેન વિજયકુમાર ગોપાણી, જીગીષાબેન સંજયકુમાર દોશી, અવનીબેન દિવ્યેશકુમાર શાહના પિતા. સ્વ. કાંતિભાઇ, રમણીકભાઇ, સ્વ.બાબુભાઇ, વિનોદભાઇ, પુષ્પાબેન સંઘવી, સ્વ. લલિતાબેન વોરા, કોકિલાબેન સંઘવીના ભાઇ. સ્વ. ડુંગરશીભાઇ ધરમશીભાઇ દોશીના જમાઇ. અ. સૌ. હેમાલી અ. સૌ. ચેતનાના સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી હાલ મુંબઇ કિરણભાઇ શાહ (ઉં. વ. ૮૩) તે સ્વ. હિંમતલાલ પ્રેમચંદ શાહના પુત્ર. મધુબેનના પતિ. પરાગભાઇના પિતા. સ્વ. રસીકલાલ લીલાધર શેઠના જમાઇ. સ્વ. જયંતીભાઇ, સ્વ. નરેન્દ્રભાઇ, રમેશભાઇના ભાઇ તા. ૧-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# તન-મન-ધનથી રહો તરોતાજા

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

## નિવૃત્તિ પછી આરોગ્યની યોગ્ય સંભાળ કેટલી જરૂરી?




છઠ્ઠા કે સાતમા ધોરણમાં ભણતા કોઈ પણ વિદ્યાર્થીને 'વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશને' આપેલી આરોગ્યની વ્યાખ્યા પૂછો કે તરત જ એ સડસડાટ બોલી જશેઃ a state of complete physical, mental and social well-being; and not merely the absence of disease or infirmity.: અર્થાત્ આરોગ્ય એટલે સંપૂર્ણ શારીરિક, માનસિક અને સામાજિક તંદુરસ્તી. બીમારી કે ખોડખાંપણ ન હોય ફક્ત એવી સ્થિતિને આરોગ્ય કહેવાય નહીં. ખરા અર્થમાં માણસ તંદુરસ્ત ક્યારે કહેવાય એ આ વ્યાખ્યામાં ઘણું સારી રીતે દર્શાવ્યું છે.

ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોના સ્વાસ્થ્ય માટે આવું ઘણું જ જરૂરી છે. લોકો પેથોલોજિકલ રિપોર્ટ સારા આવે તેને આરોગ્ય માની લેતા હોય છે. વાસ્તવમાં, એ બરોબર નથી. મનુષ્યને તંદુરસ્ત કહેવા માટે વૈશ્વિક આરોગ્ય સંસ્થાએ શારીરિકની સાથે સાથે માનસિક અને સામાજિક તંદુરસ્તીને પણ સમાન મહત્ત્વ આપ્યું છે.

સદ્‌નસીબે ભારતીય સમાજમાં હજી વડીલોને માન આપવામાં આવે છે. આથી એમની સામાજિક તંદુરસ્તી સચવાઈ રહે છે. વિદેશમાં ને હવે તો ભારતમાં પણ, માનસિક આરોગ્યની ઘણી કમી છે. છેલ્લાં થોડાં વર્ષોમાં માનસિક આરોગ્ય મોટી ચિંતાનો વિષય બની ગયું છે. વર્તમાન સમયમાં લોકોમાં અસલામતી, નકારાત્મકતા, નિરાશા, ચીડિયાપણું, ઉપેક્ષા અને ગ્લાનિ એ બધી ભાવનાઓ વધી ગઈ છે. મોટાં શહેરોમાં આ સમસ્યા વધારે છે, કારણ કે ત્યાંનું જીવન ઝડપી છે. મન વધારે ચંચળ રહે તો વધારે ગ્લાનિ, ચીડ વગેરે લાગણી વધારે આવે છે. આથી દરેકે તેનાથી બચવું જરૂરી છે. શારીરિક દૃષ્ટિએ હૃષ્ટપુષ્ટ વ્યક્તિ પણ માનસિક રીતે તંદુરસ્ત ન હોય તો તેને પૂર્ણ આરોગ્ય કહી શકાય નહીં.

અંગત રીતે અને સામાજિક સ્તરે સ્વસ્થ રહેવા માટેનો સૌથી સારો ઉપાય કુદરતની નજીક વધારે સમય રહેવાનો છે. આપણે મોટા ભાગે ઘરમાં કે ઑફિસમાં ભરાઈને રહીએ છીએ. કુદરતી હવા અને પ્રકાશ પૂરતા પ્રમાણમાં મળતાં નથી. પ્રકૃતિ જ એક એવી વસ્તુ છે, જે આપણામાંથી નકારાત્મકતાને શોષી લેવાની શક્તિ ધરાવે છે.

આથી આપણે બાગ-બગીચા, દરિયાકિનારો, નદીકિનારો, પર્વત, વગેરે જેવી કુદરતી અને ખુલ્લી જગ્યાઓએ જવાનું રાખવું જોઈએ. આવી જગ્યાએ પણ ટોળામાં કે બધાની સાથે રહેવાને બદલે થોડો સમય એકલા ગાળવો જોઈએ. લોકો સાથે હળવું-મળવું, પરંતુ કુથલી, ટોળટપ્પાં કે અન્યોની ટીકાથી દૂર રહેવું જોઈએ. ફક્ત કુદરતના સાંનિધ્યમાં રહેવું.

અહીં આપણો એક પરંપરાગત સિદ્ધાંત પણ યાદ રાખવા જેવો છેઃ 'જેવો આહાર તેવો વિચાર' (વિકાર). જો આપણે પોષણ વગરનો અને અયોગ્ય ખોરાક લઈએ તો તેનાથી શારીરિકની સાથે સાથે ભાવનાત્મક આરોગ્યને પણ નુકસાન પહોંચાડે છે. વધુપડતો ગરમ કરેલો, મસાલેદાર, અતિશય ઠંડો કે પ્રોસેસ કરેલો ખોરાક ખાવાથી તબિયત બગડે છે તથા મન પણ બગડે છે.

મોટા ભાગે લોકો આના વિશે ધ્યાન આપતા નથી. ઘણી વાર ખબર હોવા છતાં લોકો ફક્ત સ્વાદના શોખ પૂરા કરવા માટે એવી બધી વસ્તુઓ ખાઈ લે છે અને તબિયત બગાડે છે.

કોઈ પણ ઉંમરે શારીરિક ચુસ્તી-સ્ફૂર્તિનું મહત્ત્વ ભૂલવું જોઈએ નહીં. મોટી ઉંમરે આકરો વ્યાયામ કરવો નહીં. સહેલાં યોગાસનો કે હળવી કસરતો કરો એ પૂરતું છે. અમારી શાળાના એક શિક્ષક કહેતા કે ચાલવું એ સૌથી સારો વ્યાયામ છે. વાત સાચી છે. ગાંધીજી પણ એમ કહી અને કરી ગયા છે.

જોકે, અહીં એ પણ જાણી લેવું જરૂરી છે કે ફક્ત ચાલવાનું પૂરતું નથી. શરીરનો દરેક સ્નાયુ વપરાય અને કસાય એ પણ જરૂરી છે. યોગાસન કરવાથી આ લાભ થાય છે. યોગાસન શરીરનાં આંતરિક અવયવોને પણ કસે છે. યોગાસન કરવા માટે પ્રશિક્ષિત યોગ શિક્ષક જરૂરી છે. જેમને વરિષ્ઠ નાગરિકો સાથેનો અનુભવ હોય એવા પ્રશિક્ષક વધારે સારા. પ્રાણાયામના લાભ વિશે વાચકોને વધારે કહેવાની જરૂર નથી, કારણ કે આજના સમયમાં તો બાળક-કિશોરોને પણ એ સમજાઈ ગયું છે.

આમ શારીરિક, માનસિક અને સામાજિક આરોગ્યની કાળજી રાખ્યા બાદ આપણે ઈશ્વર સાથે પણ સંધાન સાધવું જોઈએ. ફક્ત ભજન સાંભળવાથી, મંદિરે જવાથી કે ક્રિયાકાંડ કરવાથી વધુ ફાયદો થતો નથી. આ બધી પ્રવૃત્તિથી પ્રભુ સાથે તાદાત્મ્ય સધાય છે, પરંતુ છેવટે તો મેડિટેશન-ધ્યાન ધરવાથી-મંત્રજાપ કરવાથી કે નિઃસ્વાર્થ સમાજસેવા કરવાથી જ લાભ થાય છે. જગ પ્રત્યેની પ્રીત ઘટાડીને ઈશ્વરની સમીપ જવું.

યાદ રહે, નિવૃત્તિ પછી વાનપ્રસ્થાશ્રમમાંથી સંન્યસ્તાશ્રમમાં જવાનું હોય છે. ■

# વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

## આરોગ્ય વીમાના ક્લેમ કેમ નામંજૂર થાય છે?




આ લેખ શૃંખલામાં આપણે કેશલેસ, રિઇમ્બર્સમેન્ટ અને કેશલેસ એવરીવ્હેર એમ ત્રણ પ્રકારના આરોગ્ય વીમાના ક્લેમ વિશે જાણ્યું. આજે જાણીએ કયા સંજોગોમાં વીમાના ક્લેમ ફગાવી દેવામાં આવે છે....

આની પાછળ ૧૧ કારણ છે, જેમકે...

### ૧) લેપ્સ થઈ ગયેલી પૉલિસી/ગ્રેસ પિરિયડઃ

જ્યારે પણ વીમાધારક કોઈ ક્લેમ કરે ત્યારે વીમા કંપની એ જોશે કે પોલિસી સક્રિય છે કે નહીં. જો વીમાધારકે પોલિસી સમયસર રિન્યુ નહીં કરી હોય અને એ એક્સપાયર થઈ ગઈ હશે તો વીમા કંપની ક્લેમ મંજૂર નહીં કરે. દરેક પોલિસીનો નિશ્ચિત વેલિડિટી (વૈધતા) સમયગાળો હોય છે. એની સમાપ્તિની તારીખ પહેલાં પ્રીમિયમ ચૂકવીને પોલિસીનું નવીનીકરણ એટલે કે રિન્યુઅલ કરાવવું જરૂરી છે. સમાપ્તિની તારીખ નીકળી ગઈ હોય તો પછી ગ્રેસ પિરિયડ શરૂ થાય છે, જે પ્રીમિયમ ચૂકવવા માટે મળેલો વધારાનો સમયગાળો હોય છે. જો કે, દરેક વીમા કંપનીમાં આ સમયગાળો અલગ અલગ હોય છે અને ગ્રેસ પિરિયડ દરમિયાન કોઈ ક્લેમ આવે તો એનો સ્વીકાર થતો નથી.

### ૨) ત્રુટિયુક્ત માહિતીઃ

ક્લેમ નામંજૂર થાય એની પાછળનું એક મોટું કારણ વીમાધારકે ક્લેમ ફોર્મમાં ભરેલી ખોટી માહિતી હોય છે. ફોર્મ ભરતી વખતે પોલિસી નંબર, નામ, ઉંમર, બીમારીની વિગતો, વગેરે યોગ્ય અને સાચી રીતે ભરવી જરૂરી છે.

### ૩) વેઈટિંગ પિરિયડ દરમિયાન થયેલો ક્લેમઃ

વીમાધારકને પહેલેથી કોઈ બીમારી હોય કે બીજી કોઈ તકલીફ હોય એવી સ્થિતિમાં વીમા કંપની અમુક વેઇટિંગ પિરિયડ રાખે છે. પ્રસૂતિ માટેનો ખર્ચ વગેરે ક્લેમ મંજૂર કરવા માટે પણ આવો વેઇટિંગ પિરિયડ હોય છે. આમ એ વેઇટિંગ પિરિયડ દરમિયાન થયેલા ક્લેમ મંજૂર થતા નથી.

### ૪) નોન ડિસ્ક્લોઝરઃ

વીમો લેતી વખતે તમામ માહિતી પારદર્શક રીતે વીમા કંપનીને જણાવવી જરૂરી હોય છે. જો પહેલેથી થયેલી બીમારી વીમો લેતી વખતે જાહેર કરવામાં આવી ન હોય તો ક્લેમ નામંજૂર થઈ શકે છે. વીમા કંપની દરેક વ્યક્તિની આરોગ્યની સ્થિતિ અને એને બીમારી થવાના જોખમ માટેનો એક અંદાજ બાંધતી હોય છે અને એના આધારે પોલિસીનું પ્રીમિયમ નક્કી થાય છે. આવશ્યક માહિતી એને આપવામાં આવે નહીં તો વીમાધારકના આરોગ્યની સ્થિતિ અને બીમારી થવાના જોખમનો સાચો અંદાજ મળતો નથી અને વીમા કંપનીને નુકસાન થઈ શકે છે. આથી દરેક વીમા કંપનીને પ્રામાણિકપણે સાચી વિગતો આપવી જરૂરી હોય છે.

### ૫) ક્લેમ કરવામાં વિલંબઃ

મોટાભાગની કંપની ક્લેમ કરવા માટે એક નિશ્ચિત સમયગાળો રાખતી હોય છે. એ સમયમર્યાદા પૂરી થઈ જાય તો વીમા કંપનીને એ ક્લેમ નામંજૂર કરવાનો હક હોય છે, જેની જાણ એમણે પોલિસીની શરતોમાં કરેલી હોય છે. આમ વીમાધારકે સમયસર ક્લેમનાં ફોર્મ ભરીને વીમા કંપનીને મોકલવાં જરૂરી હોય છે.

### ૬) અપૂરતા દસ્તાવેજોઃ

જે રીતે વીમા કંપની ક્લેમ કરવા માટે નિશ્ચિત સમયગાળો આપે છે એ જ રીતે ક્લેમની ચકાસણી કરવા માટે

નિશ્ચિત દસ્તાવેજો માગતી હોય છે. ક્લેમ કરતી વખતે એ દસ્તાવેજો સુપરત કરવા જરૂરી હોય છે. જો કોઈ

દસ્તાવેજ ન હોય કે પછી એમાં માહિતી અધૂરી હોય તો શક્ય છે કે વીમા કંપની એ ક્લેમ નામંજૂર કરી દે. આથી, ક્લેમ કરતી વખતે તમામ ફોર્મ અને દસ્તાવેજોને ચકાસી લેવાં જરૂરી છે.

### ૭ ) વીમાની રકમ પૂરી થઈ ગઈ હોયઃ

ક્યારેક વીમાધારકે જેટલી રકમનો વીમો કઢાવ્યો હોય એ રકમ અગાઉના ક્લેમમાં પૂરી થઈ ગઈ હોય છે. પૂરેપૂરી રકમ વપરાઈ ગઈ ન હોય, થોડી જ રકમ બાકી હોય અને ક્લેમ વધારે રકમનો હોય તો જેટલી રકમ બાકી હોય એટલાનો જ ક્લેમ મંજૂર થાય છે. બાકીની રકમ વીમાધારકે પોતે હોસ્પિટલને ચૂકવવી પડતી હોય છે. એક જ વખતના હોસ્પિટલાઇઝેશનમાં વીમાની રકમ પૂરેપૂરી વપરાઈ જાય ત્યારે રિસ્ટોરેશનનો બેનિફિટ હોય તોપણ વધારાની રકમનો ક્લેમ મંજૂર થતો નથી.

### ૮) આઉટ ઑફ કવરેજ/એક્સક્લુઝનઃ

પોલિસીમાં અમુક પ્રકારની સારવાર આવરી લેવામાં આવતી નથી. આવી સારવારના ક્લેમ મંજૂર થતાં નથી. આથી આરોગ્ય વીમા પોલિસી ખરીદતી વખતે એનાં નિયમો અને શરતો તથા કઈ બીમારી આવરી લેવાશે અને કઈ આવરી નહીં લેવાય એની પૂરી જાણકારી પ્રાપ્ત કરી લેવી જોઈએ. જે બીમારી આવરી લેવાઈ ન હોય એને 'એક્સક્લુઝન' કહેવાય છે. યાદ રહે, દરેક પોલિસીમાં કોઈક ને કોઈક એક્સક્લુઝન કે મર્યાદા હોય છે.

### ૯) ખોટી માહિતીઃ

જો વીમા કંપનીને લાગે કે વીમાધારકે ક્લેમમાં ખોટી માહિતી આપી છે તો એ ક્લેમ દગાબાજીના નામે નામંજૂર થઈ શકે છે.

### ૧૦) પ્રિ-ઑથોરાઇઝેશનઃ

અમુક પ્રકારની સારવાર કે સર્જરી કરાવવા માટે વીમા કંપની પાસેથી પહેલેથી અમુક મંજૂરી લઈ લેવી પડે છે. એને 'પ્રિ-ઑથોરાઇઝેશન' કહે છે. આવી સ્થિતિમાં જો પહેલેથી મંજૂરી લેવાઈ ન હોય તો વીમા કંપની ક્લેમ નામંજૂર કરી શકે છે. જો પહેલેથી સારવાર ચાલતી આવી હોય તો હોસ્પિટલે પહેલાં કન્સલ્ટેશન અને ત્યાર બાદના ફોલો અપની વિગતો પૂરી પાડીને પ્રિ-ઑથોરાઇઝેશન કરાવવાનું હોય છે, અન્યથા ક્લેમ નામંજૂર થઈ શકે છે.

### ૧૧) રિ-વેરિફિકેશનઃ

જો ક્લેમની કે રિઇમ્બર્સમેન્ટ ક્લેમની રકમ ઘણી મોટી હોય તો વીમા કંપનીના અધિકારી ઘરે આવીને એની ચકાસણી કરતા હોય છે. એ વીમાધારક પાસે એક લેખિત ડિક્લેરેશન પર સહી પણ લઈ શકે છે. એમાં અપાયેલી બધી માહિતીનો મેળ ક્લેમ કરતી વખતે અપાયેલી માહિતી સાથે બેસવો જોઈએ. આવું થાય નહીં એ માટે હંમેશાં કેશલેસ હોસ્પિટલમાં સારવાર કરાવવાને પ્રાધાન્ય આપવું જોઈએ. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

## વાયુ પ્રદૂષણ - આબોહવા જ નહીં, આરોગ્ય માટે પણ એટલું જ જોખમી



આ બીજી ડિસેમ્બર 'વિશ્વ પ્રદૂષણ નિવારણ દિવસ' તરીકે ઊજવાઈ ગયો. ભારતમાં અત્યારે પ્રદૂષણ એક જબરી મૂંઝવતી આફત છે. આ આફત માટે માત્ર કુદરત જવાબદાર નથી. એ મનુષ્યસર્જિત પણ છે. પાટનગર દિલ્હીની હવા એવી તો ઝેરી થઈ ગઈ છે કે વાર-તહેવારે ત્યાંની શાળા-કૉલેજ, ઈત્યાદિમાં ફરજિયાત રજા પાડવી પડે છે અને આ આફતના નિવારણ માટે વર્ષાનુવર્ષ માથાકૂટ થતી રહે છે. મુંબઈની હવામાં પણ શિયાળા વખતે પ્રદૂષણનો પ્રભાવ વર્તાઈ આવે છે. આપણે જ નહીં, સમગ્ર વિશ્વ બદલતા પર્યાવરણથી ચિંતિત છે. આમ તો પ્રદૂષણ અને બદલાતી આબોહવા એક મુદ્દો છે જ, પરંતુ તેની સાથે એક બીજો મુદ્દો પણ સંકળાયેલો છે, જેને માત્ર ભારત જ નહીં, પણ વિશ્વએ ધ્યાનમાં લેવા જેવો છે. એ મુદ્દો છે પ્રદૂષણની આપણા આરોગ્ય પર થતી અનેકવિધ અસરનો.

પ્રદૂષણને 'સાઇલેન્ટ કિલર' કહેવામાં આવે છે, કારણ કે અસ્થમાના દર્દીઓ સિવાય તેની સીધી કોઈ અસર ન દેખાતી હોવા છતાં તે અનેક રીતે સામાન્ય મનુષ્યના આરોગ્યને પણ ગંભીર અસર કરે છે.

ભારતના 'સ્ટેટ ઑફ ગ્લોબલ ઍર (એસઓજીએ)-૨૦૨૪'ના રિપોર્ટ અનુસાર વાયુ પ્રદૂષણને કારણે ભારતમાં છેલ્લાં પાંચ વર્ષથી રોજ ઓછી ઉંમરનાં ૪૬૪ બાળકોનાં મૃત્યુ થાય છે. રિપોર્ટ અનુસાર તમાકુ અને ડાયાબિટીસથી થતાં મૃત્યુ કરતાં પણ આ આંક મોટો છે!

એ વાત પણ જાણીતી છે કે વાયુ પ્રદૂષણથી સૌથી વધુ પ્રભાવિત છે બાળકો, વડીલો અને જેમણે સતત ખુલ્લામાં કામ કરવું પડે છે તેવા લોકો. વાયુ પદૂષણ બાળકોનાં ફેફસાંના વિકાસને રોકે છે અને એમની રોગપ્રતિકારક શક્તિ નબળી બનાવે છે. પરિણામે બાળકોને શ્વાસ લેવામાં તકલીફ થાય છે અને પાંચ વર્ષથી નાની ઉંમરનાં બાળક તો મૃત્યુના મુખમાં ધકેલાય છે. આ ઉપરાંત પણ વાયુ પ્રદૂષણને કારણે આપણે ઘણી બીમારીના પણ શિકાર બની શકીએ છીએ, જેમકે...

### શ્વસનના રોગ...

વાયુ પ્રદૂષણની સૌથી વધુ અસર આપણાં ફેફસાં પર પડે છે. પ્રદૂષિત રજકણ માનવ ફેફસાં તરફ જતી નળીને નુકસાન પહોંચાડે છે, જેના કારણે ટ્યુબ સાંકડી થઈ જાય છે. તેની અસર ફેફસાં અને તેની આસપાસના સ્નાયુને થાય છે. વાયુ પ્રદૂષણથી સ્વસ્થ લોકોમાં પણ અસ્થમા જેવી બીમારી થઈ શકે છે. આ સિવાય ન્યુમોનિયા, અસ્થમા અને ફેફસાંના કૅન્સર જેવા જીવલેણ રોગો પણ હવાના પ્રદૂષણને કારણે થાય છે.

### કિડની રોગ...

તબીબો અને નિષ્ણાતોના મતે વાયુ પ્રદૂષણને કારણે 'નેફ્રોપથી' નામની બીમારી પણ થઈ શકે છે, જેનો સીધો સંબંધ કિડની સાથે છે. આ સિવાય પ્રદૂષિત હવામાં જોવા મળતાં કાર્બનથી પણ કિડનીને નુકસાન થવાનો ખતરો રહે છે.

### પ્રદૂષિત કણ હૃદય પર પણ હુમલો કરે છે

સ્વસ્થ લોકો માટે સૌથી મહત્ત્વપૂર્ણ અંગ હૃદય છે. ફેફસાં અને કિડની ઉપરાંત વાયુ પ્રદૂષણ હૃદય પર પણ હુમલો કરે છે. વાયુ પ્રદૂષણથી હૃદયની ગંભીર બીમારીઓ થઈ શકે છે. આવી સ્થિતિમાં વાયુ પ્રદૂષણ વધવાને કારણે હૃદયના ધબકારાનું અસંતુલન, હાર્ટ ફેલ્યોર અને હાઈપરટેન્શન જેવી જિદ્દી અને જીવલેણ બીમારીઓ થઈ શકે છે.

### મગજ પર અસર...

પ્રદૂષિત હવા આપણા મગજ પર પણ અસર કરે છે. પ્રદૂષણને કારણે શરીરમાં સ્ટ્રેસ હોર્મોન્સનો સ્રાવ થાય છે, જે માનસિક સ્વાસ્થ્ય પર ખરાબ અસર કરે છે. નિષ્ણાતોના મતે, પ્રદૂષિત કણ વયસ્કો અને વૃદ્ધોના મગજ પર હુમલો કરે છે, જેના કારણે એમને બોલવા માટે સંઘર્ષ કરવો પડે છે. એ અસર ક્યારેક એટલી ગંભીર હોય છે કે ગણિતના સરળ દાખલા પણ ઉકેલવામાં એમને ઘણી તકલીફ પડે છે. ધૂળ અને પ્રદૂષણને કારણે લોકોની યાદશક્તિ નબળી પડી શકે છે.

### ગર્ભાવસ્થા દરમિયાન પ્રદૂષિત હવાની અસર...

દૂષિત હવા અને પ્રદૂષણ સગર્ભા સ્ત્રીઓને પણ નિશાન બનાવે છે. ઝેરી પદાર્થો શ્વાસમાં જવાથી ગર્ભ પર પણ અસર થાય છે.

તેનાથી પ્રી-મેચ્યોર ડિલિવરીનું જોખમ ઊભું થાય છે. આ સિવાય જન્મ સમયે બાળકનું વજન ઓછું રહી શકે છે જેના કારણે કુપોષણ જેવી ગંભીર સમસ્યા થઈ શકે છે.

### પ્રદૂષિત હવા ત્વચાની પણ દુશ્મન છે...

જો તમે ત્વચામાં શુષ્કતા અને બળતરા, લાલાશ અને ખરજવું જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છો, તો સમજી લો કે એનું કારણ વાયુ પ્રદૂષણ છે. પ્રદૂષિત હવામાં રહેલાં રજકણોને કારણે ત્વચાને ઘણી અવળી અસર થઈ શકે છે.

### વાયુ પ્રદૂષણથી પણ કૅન્સર થઈ શકે...

હવાના પ્રદૂષણ ઉપરાંત, સેકન્ડ હેન્ડ સ્મોક, અલ્ટ્રાવાયોલેટ કિરણોત્સર્ગ, એસ્બેસ્ટોસ, કેટલાંક ટોક્સિક - ઝેરી રસાયણો સહિત અન્ય પ્રદૂષકોના સંપર્કમાં આવવાથી પણ કૅન્સરનું જોખમ થઈ શકે છે. આ કૅન્સર જીવલેણ નીવડી શકે છે.

તબીબોનું માનવું છે કે જો તમારે વાયુ પ્રદૂષણથી પોતાને બચાવવા હોય તો માસ્કનો ઉપયોગ કરવો પડશે. આ ઉપરાંત, તમારે પૂરતું પાણી પીવું પડશે અને બિનજરૂરી બહાર ભટકવાનું ટાળવું પડશે. આ તમામ પગલાં લીધાં પછી જ વાયુ પ્રદૂષણથી થતા રોગોને નિવારી શકાશે કે કાબૂમાં લઈ શકાશે.

આ સિવાય જો તમે ઘરની અંદર વાયુ પ્રદૂષણને રોકવા માગતા હો તો તમારે રસોડાની અંદર ચીમની અને વોશરૂમમાં એક્ઝોસ્ટ ફેનનો ઉપયોગ કરવો પડશે, જેથી ઘરમાં પૂરતું વેન્ટિલેશન રહે. ઉપરાંત શક્ય હોય તો તમે ઘરમાં કુદરતી હવા શુદ્ધીકરણ કરે તેવા છોડ લગાવી શકો છો, જેમ કે સ્નેક પ્લાન્ટ, સ્પાઈડર પ્લાન્ટ, પામ ટ્રી વગેરે.... ■




■ એચ. એન. ગોલીબાર

જીમી એ બધાના મારથી બચવાની નિષ્ફળ કોશિશ કરતો હતો. એણે પોતાની અડધી ખૂલેલી આંખથી ફક્ત એટલું જ જોયું કે યુવતી કજલી નહીં પણ રૂપા જ હતી. એ પોતાનું મોઢું છુપાવીને ધ્રુસકે-ધ્રુસકે રડી રહી હતી. જીમી પોતાની ધીરે-ધીરે બંધ થતી આંખથી ફક્ત એટલું જ જોઈ શક્યો કે પોતે બેભાન થઈ રહ્યો છે.

રેલવે પોલીસની બદદથી બેભાન પડેલા જીમીની તાત્કાલિક સારવાર કરવામાં આવી. મુંબઈ હવે દૂર ન હોવાથી એથી વધુ કંઈ ન કરતાં મુંબઈ પહોંચ્યા પછી જીમીને તાત્કાલિક હૉસ્પિટલમાં દાખલ કરી દેવામાં આવ્યો. ગાડીના ડબ્બામાં ઉશ્કેરાયેલા ઘણા બધા લોકોએ એની પિટાઈ કરી નાખી હતી. મારી-મારીને એને અધમૂઓ કરી નાખવામાં આવ્યો હતો. રૂપાના પતિએ તો જીમીની ખૂબ જ સારી પેઠે પિટાઈ કરી હતી. જો જીમીની જગ્યાએ બીજો કોઈ કાચો-પોચો માણસ હોત તો એ માર સહન ન કરી શક્યો હોત, એના ત્યાં જ રામ રમી ગયા હોત. તે છતાંય જીમી એ મારથી બેભાન તો થઈ જ ગયો હતો. એના આખા શરીરે મારનાં નિશાન અને ફોલ્લા ઊપસી આવ્યાં હતાં. જગ્યાએ-જગ્યાએ લોહી ફૂટી નીકળ્યું હતું.

હૉસ્પિટલના ખાટલા પર જ્યારે એ ભાનમાં આવ્યો, ત્યારે એનું આખું શરીર દરદથી પીડાતું હતું. એના આખા શરીરે જાણે દુઃખાવો થઈ રહ્યો હોય એમ લાગતું હતું. એણે ધીરે-ધીરે પોતાની આંખો ખોલી, પણ આંખો વધુ ન ખૂલી. ઝાંખું-ઝાંખું દેખાતું હતું, પણ એને ખ્યાલ આવી ગયો કે, ડૉક્ટર એની મલમપટ્ટી કરી રહ્યા છે અને બે ઢીંગલી જેવી નર્સો એની પાસે ઊભી-ઊભી ડૉક્ટરના કામમાં મદદ કરી રહી છે.

લગભગ એક અઠવાડિયાની એકધારી સારવાર પછી એ પથારીમાંથી બેઠો થયો. એના માથા પર અને બન્ને હાથ પર જગ્યા-જગ્યાએ પાટાપિંડી કરેલી હતી. સળંગ આઠ દિવસ એકધારા ખાટલા પર સૂઈ રહેવાથી જીમી ખૂબ જ કંટાળો અનુભવતો હતો. એ પોતે જો રૂપાને કજલી સમજીને એની પાસે ન ગયો હોત તો આજે એવા દિવસો ન જોવા પડત, વિચારતો-વિચારતો જીમી અફસોસ કરી રહ્યો હતો.

હૉસ્પિટલના એ વૉર્ડમાં ઘણા-બધા દર્દીઓ હતા. લાઈનબંધ ગોઠવેલા લોખંડના પલંગો પર બીમાર દર્દીઓ અને જખ્મી થયેલા દર્દીઓ પડ્યા હતા. કોઈ દર્દી દર્દના માર્યે કણસતો હતો તો વળી કોઈ સાવ બેભાન હાલતમાં પડ્યો હતો. કોઈ-કોઈ દર્દીઓ વળી પોતાને મળવા આવેલાં સગાંવહાલાંઓ સાથે વાતચીત કરી રહ્યા હતા. આખા વૉર્ડમાં ચાર-પાંચ નર્સો દવાની ટ્રે લઈને આંટા મારી રહી હતી. જીમીની બાજુમાં પણ એક દર્દી બેઠો હતો. એ ક્યારનોય જીમીને તાકી-તાકીને જોઈ રહ્યો હતો. જીમીને બેઠો થયેલો જોઈને એ એની સાથે કંઈક વાતચીત કરવા માગતો હોય એમ લાગતું હતું.

‘કેમ છે હવે? તબિયત સારી લાગે છે ને?’ પૂછું-પૂછું કરતાં એણે પૂછી નાખ્યું.

‘હા, હવે સારું લાગે છે.’ જાતજાતના અફસોસ સાથેના વિચારો કરતો જીમી દર્દી તરફ જોતાં બોલ્યો.

‘તમે ખૂબ જ નસીબદાર છો. નહીંતર તમને આટલું બધું વાગ્યું હોવા છતાં તમે આટલા જલદી સાજા થઈ જ ન શકો, પણ એક વાત તો ચોક્કસ છે.’ દર્દીએ પોતાની વાતનો દોર ચાલુ રાખતાં કહ્યું: ‘જો એ નર્સે તમારી આટલી બધી સારવાર અને દેખરેખ ન રાખી હોત તો તમે આટલા જલદી સાજા ન થાત. એ નર્સનો તો તમારે આભાર માનવો જ જોઈએ.’

‘કઈ નર્સ!’ જીમીએ તરત જ એ વાતોડિયો દર્દીને પૂછ્યું.

‘એ જ મેરી, જેણે તમારી જરૂરત કરતાં પણ વધુ સારસંભાળ રાખી છે. આજના જમાનામાં તો આટલી હદે સગાંવહાલાં પણ સંભાળ નથી રાખતાં.’

‘કોણ છે આ મેરી?’

‘આપણા આ જ વૉર્ડની એક નર્સ છે. લગભગ આઠેક દિવસથી જ આવી છે. નવી ભરતી થઈ હોય એમ લાગે છે. ખૂબ જ દેખાવડી અને જુવાન છે. ખરું પૂછો તો કોઈ ફિલ્મની હીરોઇન હોય એવી લાગે છે. અત્યારે એની ડ્યૂટીનો સમય થઈ જ ગયો છે. એ આવતી જ હશે.’ કહેતાં એ દર્દી ચૂપચાપ પોતાની રજાઈ માથે ખેંચતો સૂઈ ગયો.

જીમી ફરી વિચારોના વંટોળમાં ખોવાઈને તકિયાના ટેકે આરામથી સૂઈ ગયો. જાતજાતના વિચારો કરતો એ એ જ હાલતમાં સૂતો રહ્યો. બાજુના ખાટલા પર દર્દીને તપાસતી નર્સનો અવાજ એને આવી રહ્યો હતો. જીમીએ ધીરે રહીને પોતાની ડોક તે તરફ ફેરવી. સફેદ દૂધ જેવા ડ્રેસમાં સજ્જ થયેલી નર્સની પીઠ એને દેખાઈ રહી હતી. એની પીઠ જોતાં જ જીમીને લાગ્યું કે હોય ન હોય, પણ આ એ જ નર્સ મેરી હોવી જોઈએ જેના હમણાં થોડી વાર પહેલાં જ બાજુવાળા દર્દીએ ખૂબ જ વખાણ કર્યાં હતાં. જીમી આંખો બંધ કરીને એમ ને એમ પડ્યો રહ્યો.

એ નર્સ દર્દીને ગોળીઓ અને દવાઓ બાબતમાં કંઈક સમજાવી રહી હતી. એ દર્દીને બધું સમજાવ્યા પછી નર્સ તરત જ જીમીના ખાટલા તરફ ફરી. જીમીએ પોતાની આંખની પાંપણો ઊંચી કરતાં એને જોઈ. હવે એ જીમીની બિલકુલ નજીક આવી ને એણે જીમીનો હાથ પોતાની નાજુક આંગળીઓથી પકડીને એની નાડી તપાસવા લાગી.

એ ખૂબસૂરત નર્સના શરીરેથી આવતી સુગંધ જીમીને બેચેન બનાવી રહી હતી. આ સુગંધ તો એની જાણીતી હતી - આ સુગંધથી તો એ પરિચિત હતો. આ સુગંધનો તો એ માલિક હતો.

એણે તરત જ પોતાની આંખો ખોલી નાખી અને પોતાની નાડી તપાસી રહેલી એ નર્સ મેરી તરફ એણે એક નજર કરી.

અને એ નર્સનો ચહેરો જોતાં જ એના મોઢામાંથી નીકળી ગયું: ‘કજલી...!’

નર્સ મેરીના હાથમાંથી તરત જ જીમીનો હાથ છૂટી ગયો. જીમી તરત જ પોતાના બન્ને હાથ મેરીની કમરની આસપાસ વીંટાળીને જોરજોરથી બૂમો મારવા લાગ્યો.

‘કજલી...મારી કજલી, હવે હું તને નહીં જવા દઉં, તું મને વારેઘડીએ શા માટે હેરાન કરે છે કજલી! મેં તારું શું બગાડ્યું છે? તું મારી છે કજલી...હું તને નહીં જવા દઉં.’

‘આ શું કરો છો તમે, છોડો મને છો...ડો!’ નર્સ મેરી પોતાને જીમીની પક્કડમાંથી છોડવાની કોશિશ કરતાં બોલી. અચાનક થયેલા હુમલાથી મેરી ડઘાઈ ગઈ હતી.

‘ના, ના...હું હવે તને નહીં છોડું. તું જ મારી પ્રેમિકા છે. તું જ મારી જિંદગી છે. હું તારો છું કજલી તારો...શા માટે તું મને પરેશાન કરે છે, હું તને નહીં જવા દઉં કજલી...હવે હું તને નહીં જવા દઉં...’

વૉર્ડના બધા જ દર્દીઓ પોતાની ડોક લાંબી કરી-કરીને આશ્ચર્યથી આ તરફ જોઈ રહ્યા હતા.

જીમી એક દર્દી હોવા છતાં એક મરદ હતો, જ્યારે બિચારી મેરી એક નાજુક શરીરવાળી ઓરત હતી. જીમીની ઝપાઝપી અને એની પકડમાંથી એ પોતાને છોડાવી શકતી નહોતી. ઝપાઝપીમાં જીમીનો ખાટલો પણ ખસતો જતો હતો અને બાજુમાં પડેલી પાણીની માટલી અને બીજી વસ્તુઓ પણ વેર-વિખેર થઈ રહી હતી. જોતજોતામાં તો આખા વૉર્ડમાં જબરજસ્ત ધમાલ મચી ગઈ.

બે-ત્રણ ડૉક્ટરો અને બીજી નર્સો આ તરફ દોડીને આવી રહ્યાં હતાં. જીમીને ખ્યાલ હતો કે એ બધાં પોતાની તરફ જ દોડીને આવી રહ્યાં છે, પરંતુ એણે પોતાના દિલના સંતોષ ખાતર ફરી એક વાર એની પકડમાંથી છૂટવાની નિષ્ફળ કોશિશ કરી રહેલી મેરીનો ચહેરો જોઈ લીધો. હા, એ ખરેખર કજલી જ હતી. પોતે એને ઓળખવામાં સહેજે ભૂલ કરી નહોતી. પોતે જે કંઈ કર્યું છે એ બરાબર છે. એમાં પોતાનો કોઈ જ વાંક નથી.

દોડી આવેલા ડૉક્ટરો અને નર્સો તરત જ જીમીના ખાટલાને ઘેરી વળ્યાં અને એમાંના બે મજબૂત ડૉક્ટરો તરત જ જીમીને પોતાનાં મજબૂત બાવડાંથી પકડીને નર્સ મેરીને એની પકડમાંથી છોડાવવાની કોશિશ કરવા લાગ્યા. આટલા દિવસની પથારી છતાંય જીમીના શરીરની તાકાતમાં હજી કોઈ ફરક પડ્યો નહોતો. ‘કજલી મારી છે, મારી કજલીને છોડી દો...છોડી દો...છોડી દો મને...’ વગેરે બકતાં એ ડૉક્ટરોના હાથમાં ઝલાતો નહોતો. નર્સ મેરી બિચારી આમથી-તેમ ફંગોળાતી હતી.

**ના, ના...હું હવે તને નહીં છોડું. તું જ મારી પ્રેમિકા છે. તું જ મારી જિંદગી છે. હું તારો છું કજલી તારો...શા માટે તું મને પરેશાન કરે છે, હું તને નહીં જવા દઉં કજલી...**

જીમીને કાબૂમાં લેવા માટે ઝપાઝપી કરી રહેલા એક ડૉક્ટરે તરત જ એક નર્સને બેહોશીનું ઇન્જેક્શન લાવવાની સૂચના આપી દીધી.

તરત જ આજુબાજુથી બીજા બે-ત્રણ વૉર્ડબોય દોડી આવતાં માંડ માંડ નર્સ મેરીને જીમીની પકડમાંથી છોડાવડાવી. નર્સ મેરી હાંફતી-હાંફતી એક તરફ ઊભી રહી ગઈ. જીમી પણ ખૂબ જ હાંફતો-હાંફતો હજીય બૂમાબૂમ કરી રહ્યો હતો. ત્રણ ડૉક્ટર અને ચાર વૉર્ડબૉયે ભેગાં મળીને જીમીને બળજબરીથી ખાટલા પર પકડીને સુવડાવી રાખ્યો અને એ દરમ્યાનમાં ઇન્જેક્શન લેવા માટે ગયેલી નર્સ દોડતી આવી પહોંચી અને જીમીને તાત્કાલિક બેહોશીનું ઇન્જેક્શન આપવામાં આવ્યું. ઇન્જેક્શનની તાત્કાલિક અસર થઈ અને જીમી તરત જ શાંત થઈ ગયો.

ડૉક્ટરોના અનુમાન પ્રમાણે જીમી પર પાગલપણાનો હુમલો થયો હતો. ડૉક્ટરો એકબીજા સાથે અત્યારે એ જ ચર્ચા કરી રહ્યા હતા.

‘અચાનક દર્દીને આવો હુમલો કઈ રીતે થયો હશે?’ ડૉક્ટર જોષીએ મૂંઝવણથી બેભાન પડેલા જીમી તરફ જોતાં કહ્યું.

‘મારા ખ્યાલ મુજબ આની પત્નીનો ચહેરો આપણી મેરીના ચહેરા સાથે જરૂર મળતો આવતો હોવો જોઈએ. સિસ્ટર!’ ડૉક્ટર અશોકે બાજુમાં ઊભી-ઊભી પોતાનાં કપડાં સરખાં કરતી નર્સ મેરીને સંબોધતાં પૂછ્યું: ‘દર્દીએ તમને ક્યારેય એવી વાત કરી હતી કે એની પત્નીનો ચહેરો તમારા ચહેરા સાથે મળતો આવે છે?’

‘ના, ડૉક્ટરસાહેબ. આવું તો આજે જ બન્યું છે. એ પહેલાં તો દર્દી પૂરો ભાનમાંય નહોતો.’

‘તો પછી મારી ગણતરી બિલકુલ સાચી છે.’ ડૉક્ટર અશોકે મેરીનો જવાબ સાંભળીને કહ્યું: ‘મારા ખ્યાલથી એની પર પાગલપણાનો હુમલો થયો છે, એને આપણે મેન્ટલ વૉર્ડમાં ખસેડી લેવો જોઈએ.’

બન્ને ડૉક્ટરો ચર્ચા કરતાં આગળ વધી ગયા. સાથેની બીજી બે-ત્રણ નર્સો પણ સાથે ચાલવા લાગી. મેરી હજી ત્યાં જ ઊભી હતી. એ બેભાન પડેલા જીમી તરફ જોઈ રહી હતી. ડૉક્ટરના ગયા પછી મેરીના હાવ-ભાવ બિલકુલ બદલાઈ ગયા હતા. એના ચહેરા પર એક રહસ્યભર્યું હાસ્ય ફેલાઈ ગયું, અને એ તરત જ ઝડપી પગલાં ભરતી વૉર્ડની બહાર નીકળી ગઈ.

લગભગ એક અઠવાડિયાની સારવાર પછી જીમીને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી. ડૉક્ટરોના અનુમાન પ્રમાણે હવે જીમી સાવ સાજો-સમો થઈ ગયો હતો. એના હાથની અને માથાની પાટાપિંડી છોડી નાખવામાં આવી હતી. હૉસ્પિટલમાંથી જતાં-જતાં જીમીએ નર્સ મેરી બાબતમાં પૂછપરછ કરી, ત્યારે જાણવા મળ્યું કે મેરી આઠ દિવસની રજા પર હતી.

મેરીએ આઠ દિવસની રજા લીધાનું સાંભળીને જીમીને ખૂબ જ અફસોસ થયો હતો. પોતે જેને કજલી સમજતો હતો, એને બીજા બધા તો મેરી જ સમજતા હતા. હા, પોતાની જ કજલી - પોતાની પત્ની કજલીને પોતે સારી રીતે ઓળખી લીધી હતી. તો પછી આવું બન્યું કઈ રીતે? કજલી હૉસ્પિટલમાં આવી કઈ રીતે? ટ્રેનમાં પણ કજલીએ દેખાવ દઈને પોતાને હૉસ્પિટલ ભેગો કર્યો હતો. આખરે આ બધો શો ગોટાળો છે, જીમીની સમજમાં કંઈ જ ન આવ્યું.

અનેક વિચારોને વાગોળતો જીમી છેવટે હૉસ્પિટલથી પોતાના ફ્લૅટ પર પહોંચી ગયો. મુંબઈનો આ ફ્લૅટ જીમી માટે બધું જ કંઈ હતું. ડાર્કરૂમમાં સ્ટુડિયો, ઘર વગેરે જે કંઈ સમજો એ બધું આ ફ્લૅટમાં જ હતું. ઘરમાં પગ મૂકતાં જ એની સામે ટપાલોનો ઢગલો પડ્યો હતો. એણે એ ટપાલો ઉપાડીને બાજુના ટેબલ પર મૂકી અને પહેલાં પોતે નાહી-ધોઈને પોતાની સુસ્તી ઉડાડી દીધી. હૉસ્પિટલમાં તો એ પંદર દિવસથી નાહ્યો નહોતો.

તૈયાર થઈ એણે એક પછી એક ટપાલો વાંચવા માંડી. એ ટપાલોમાંની મોટા ભાગની ટપાલો એની પાસે કૅલેન્ડરો માટેનાં ચિત્રોની માગણીઓ કરતી કંપનીઓની હતી. કારણ કે, જૂનું વરસ પૂરું થઈ નવું વરસ શરૂ થવાની તૈયારી હતી.

જીમીએ એકાદ દિવસના આરામ પછી તરત જ કજલીનાં ઉઘાડાં કલાત્મક ચિત્રો તૈયાર કરવા માંડ્યાં. એણે પોતાની પીંછીના કલર અને કસબ વડે એ ચિત્રોમાં જાન લાવી દીધો, એ ચિત્રોને બોલતાં કરી દીધાં. એમાં એણે એવા રંગો પૂર્યા હતા કે જોનાર તો છક્ થઈ જાય. ચિત્રો તૈયાર થઈ ગયાં પછી એણે એ ચિત્રો કૅલેન્ડર તૈયાર કરતી કંપનીઓને પહોંચાડી દીધાં. પછી આમ ને આમ લગભગ બે-એક મહિના પસાર થઈ ગયા. જીમી કજલીનાં ચિત્રો તૈયાર થઈ જાય પછી જ કજલી પાસે જવા માગતો હતો. જેથી કરીને એ ચિત્રોના પૈસા પણ પોતાને મળી જાય, અને એ પોતે કજલીને પૈસા દેખાડીને એને લલચાવી શકે. એની ગણતરી મુજબના એના બનાવેલાં ચિત્રોનાં કૅલેન્ડરો તૈયાર થઈને આવી ગયાં. જીમીના હાથે તૈયાર થયેલાં એ કલાત્મક ચિત્રોનાં કૅલેન્ડરો જોઈને બધા મોંમાં આંગળાં નાખી ગયા. જે કોઈ પણ એ કૅલેન્ડર જોતું એ કજલીના ખૂબસૂરત શરીરના વખાણ કર્યા વગર ન રહેતું. બધા એકીઅવાજે એના વખાણ કરી રહ્યા હતા. સાથે-સાથે જીમીને પણ આવાં સરસ ચિત્રો બનાવવા બદલ ધન્યવાદની ઢગલાબંધ ટપાલો આવવા લાગી હતી અને કંપનીના માલિકો તો જીમીને ફોન કરી-કરીને એને ધન્યવાદ આપતાં પૂછી રહ્યા હતા કે, ચિત્રમાંની એ ખૂબસૂરત યુવતી કોણ હતી? ક્યાંની હતી? અને પોતે એ ચિત્રો ક્યાં બનાવ્યાં હતાં?

પણ જીમીએ બધી જ વાતોને ટાળી દીધી હતી. કજલી બાબતમાં એણે એ યુવતી કોઈ અજાણી હતી અને પોતે એના ફોટા પાડીને એને છોડી દીધી હતી, એવું કંપનીના માલિકોને કહીને એમને ચૂપ કરી દીધા હતા. છેવટે તો કજલી એની પત્ની જ હતીને! પોતાની પત્નીને કોઈ ખરાબ નજરે જુએ કે એની બાબતમાં કોઈ કાંઈ પૂછે કે એને ઓળખે એ કયા પતિને પસંદ હોઈ શકે છે?

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| કલાઈ | Ag |
| ચાંદી | Fe |
| તાંબુ | Sn |
| સોનુ | Cu |
| લોખંડ | Au |

### ઓળખાણ પડી?

અનેક હિન્દી ફિલ્મોમાં જોવા મળતા આ રોમેન્ટિક ફૂલની ઓળખાણ પડી? નેધરલેન્ડ્સમાં નેશનલ ફ્લાવર તરીકે માન્યતા મળી છે.



અ) આરીશ બ) લિલી (ક) ટ્યુલિપ ડ) જાસ્મીન

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | રિ | ૨ ચ | ૩ ય | ■ | ૪ બ | ચ | ૫ પ | ણ | ■ |
| થ | ■ | ૬ ર | સ | ૭ કે | લિ | ■ | ર | ■ | ૮ ગો |
| ૯ ઢ | મા | મ | ■ | ળ | ■ | ૧૦ જ | મ | ૧૧ રુ | ખ |
| ર્શ | ■ | ■ | ૧૨ જ | વ | નિ | કા | ■ | ૧૩ પ | ણ |
| ૧૪ ક | ૧૫ મ | ■ | ૧૬ વા | ણી | ■ | ૧૭ ત | ૧૮ ડ | ■ | પ |
| ■ | ૧૯ ક | ૨૦ હા | ની | ■ | ૨૧ અ | ■ | ૨૨ બો | ૨૩ પ | ટ્ટી |
| ૨૪ દ | સ | મી | ■ | ૨૫ ના | ન | ૨૬ મ | ■ | ર | ■ |
| ૨૭ ચા | દ | ■ | ૨૮ ખા | ર | વ | ણ | ■ | ૨૯ પ્રાં | ૩૦ ત |
| વા | ■ | ૩૧ શા | ■ | ■ | ર | ■ | ૩૨ ખા | તિ | ર |
| ૩૩ ન | વ | પ | લ્લ | વિ | ત | ■ | ૩૪ રા | ય | ણ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | ૬ | |
| | | ૭ | | ૮ | | | ૯ | | ૧૦ |
| ૧૧ | ૧૨ | | | ૧૩ | | | | | |
| ૧૪ | | | | | | | ૧૫ | ૧૬ | |
| | | ૧૭ | | | | | ૧૮ | ૧૯ | |
| ૨૦ | ૨૧ | | | | ૨૨ | | | | |
| ૨૩ | | | ૨૪ | | | ૨૫ | | | ૨૬ |
| | | | | | ૨૭ | | | ૨૮ | |
| | | ૨૯ | | ૩૦ | | | ૩૧ | | |
| ૩૨ | | | | ૩૩ | | | | | |

**આડી ચાવી**

૧. સહજ, કુદરતી (૪)
૪. સર્જન કરવું તે (૪)
૭. વ્યવસાય, ધંધો, રોજગાર (૪)
૯. ઢીલું (૩)
૧૧. ગુસ્સો, દિલગીરી (૩)
૧૩. સાપ, શરીરમાંનો એક વાયુ (૨)
૧૪. -- ચડાવવો એટલે ઉશ્કેરવું (૨)
૧૬. ---કાયદા ત્રાસવાદી સંગઠન છે (૨)
૧૭. પંખીની અઘાર (૩)
૧૮. --- થવું જોઇએ આત્મનિર્ભર થવું (૪)
૨૦. ખાસ, વધારે, તફાવત (૩)
૨૨. માપ, ડાઇમેન્શન (૪)
૨૩. છટકવાની બારી (૫)
૨૫. ધરાયેલું, તૃપ્ત (૨)
૨૭. સોળે સાન, વીસે-- (૨)
૨૮. ઠપકો (૨)
૩૦. સત્ત્વ (૨)
૩૨. ઠંડીમાં ઓઢવા જોઇએ (૩)
૩૩. ચીલે ચાલનારું, ગાડરિયું (૬)

**ઊભી ચાવી**

૧. પોતાનો અનુભવ (૪)
૨. પ્રગતિ (૩)
૩. ઓછું (૨)
૪. પ્રિય વ્યક્તિ (૩)
૫. સોનું (૩)
૬. પહેલાં---થી સમાચાર મોકલાતા (૨)
૮. કવિતાની છાંટ ધરાવતું (૪)
૧૦. ઠંડીમાં ગળે વીંટાળો (૪)
૧૨. લીમડાની એક --- મીઠી (૨)
૧૫. ઉપરનું, ઊંચેનું (૫)
૧૬. ભણ્યા વગરનું (૩)
૧૭. મદ્ય, દારૂ, તે પીવાનું પાત્ર (૩)
૧૯. અણઘડ, મૂર્ખ, રોંચું (૩)
૨૦. વિસ્તારપૂર્વક (૫)
૨૧. વાઘ, સિંહ, ચિત્તો (૨)
૨૪. બાળક (૨)
૨૬. ખૂબ, પુષ્કળ (૪)
૨૭. દરેકને --- સાંભળવી ગમે (૩)
૨૯. માતા (૨)
૩૦. ---નું ફર્નિચર મોંઘું પડે (૨)
૩૧. રસ્તો, આસન, મોકળાશ (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘પ્રદૂષણનો કાળોતરો શહેરની બેહાલી કરી ગયો’ પંક્તિમાં કાળોતરો શબ્દનો અર્થ જણાવો.

અ) ઝેરી ગેસ બ) કાતિલ સમસ્યા ક) ઝેરી નાગ ડ) મોટું કોકડું

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ METEOROLOGYના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) માટી બ) હવામાન ક) પાણી ડ) મશીન

### માતૃભાષાની મહેક

ગંધના દસ પ્રકાર છે:
(૧) ઇષ્ટ, કસ્તૂરીમાં, (૨) અનિષ્ટ, વિષ્ટામાં. (૩) મધુર, ફૂલમાં. (૪) ખાટો, આમલીમાં, (૫) કડવો, મરચામાં. (૬) નિર્હારી, હિંગમાં. (૭) સંહત એટલે મિશ્રિત, જુદા જુદા કલ્કમાં. (૮) રુક્ષ, સરસવના તેલમાં, (૯) સ્નિગ્ધ, તાજા ગરમ કરેલા ઘીમાં અને (૧૦) વિશદ, ચોખામાં.

### ઈર્શાદ

તેર વરસના અબોલડા ને બાર વરસની પ્રીત!
આ તે કેવી રીત, સજનવા! આ તે કેવી રીત?

-- જગદીશ જોષી

### માઈન્ડ ગેમ

મીઠી ખુશ્બુ ધરાવતો અને આરોગ્ય સેવામાં ડેન્ટિસ્ટ દ્વારા વપરાતો લાફિંગ ગેસ કેમેસ્ટ્રીમાં કયા નામથી પ્રચલિત છે એ આપેલા વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) સોડિયમ ક્લોરાઈડ બ) હાઈડ્રોજન પેરોક્સાઈડ
ક) નાઈટ્રસ ઓક્સાઈડ ડ) અમોનિયમ સલ્ફેટ

### સુડોકુ-૭૦૪૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | | ૩ | | ૪ | | ૧ | ૬ |
| ૧ | | ૬ | | | | ૯ | | ૪ |
| | ૭ | | ૬ | | ૧ | | ૮ | |
| ૬ | | | | ૪ | | | | ૮ |
| | | | ૭ | | ૩ | | | |
| ૫ | | | | ૨ | | | | ૩ |
| | ૩ | | ૪ | | ૭ | | ૫ | |
| ૭ | | ૫ | | | | ૩ | | ૯ |
| ૮ | ૬ | | ૯ | | ૫ | | ૨ | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૪૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૮ | ૬ | ૧ | ૯ | ૨ | ૪ | ૫ |
| ૬ | ૨ | ૯ | ૪ | ૫ | ૮ | ૩ | ૭ | ૧ |
| ૧ | ૪ | ૫ | ૩ | ૭ | ૨ | ૬ | ૮ | ૯ |
| ૯ | ૮ | ૧ | ૨ | ૬ | ૩ | ૭ | ૫ | ૪ |
| ૫ | ૬ | ૪ | ૧ | ૯ | ૭ | ૮ | ૩ | ૨ |
| ૭ | ૩ | ૨ | ૫ | ૮ | ૪ | ૧ | ૯ | ૬ |
| ૮ | ૧ | ૬ | ૯ | ૩ | ૫ | ૪ | ૨ | ૭ |
| ૪ | ૯ | ૩ | ૭ | ૨ | ૬ | ૫ | ૧ | ૮ |
| ૨ | ૫ | ૭ | ૮ | ૪ | ૧ | ૯ | ૬ | ૩ |

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ગળ્યું | SWEET |
| ખારું | SALTY |
| ખાટું | SOUR |
| કડવું | BITTER |
| સ્વાદિષ્ટ | TASTY |

ઓળખાણ પડી?
મુન્નાર

ગુજરાત મોરી મોરી રે
આંખ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
જેલ

માઈન્ડ ગેમ
CARBOHYDRATE

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ડૉ. પ્રકાશ કટકિયા (૩) સુરેખા દેસાઈ (૪) શ્રીમતિ ભારતી કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) નીતા દેસાઈ (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) ધિરેન્દ્ર ઉદ્દેશી (૧૧) ગીતા ઉદ્દેશી (૧૨) પ્રતિમા પામાણી (૧૩) વિભા મહેશ્વરી (૧૪) ખુશરૂ કાપડીયા (૧૫) હર્ષા મહેતા (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) મીનળ કાપડિયા (૧૯) નૂતન વિપિન (૨૦) મહેન્દ્ર લોઢવિયા (૨૧) મહેશ સંઘવી (૨૨) ભાવના કર્વે (૨૩) મહેશ દોશી (૨૪) જ્યોતિ ખાંડવાલા (૨૫) કલ્પના આશર (૨૬) વિના સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) જગદીશ ઠક્કર (૨૯) અંજુ ટોલિયા (૩૦) શિલ્પા શ્રોફ (૩૧) મનીષ શેઠ (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) દિલીપ પરીખ (૩૫) નિતિન બજારિયા (૩૬) અરવિંદ કામદાર (૩૭) અશોક સંઘવી (૩૮) પુષ્પા ખોના (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) ઈનાક્ષીબેન દલાલ (૪૪) હિનાબેન દલાલ (૪૫) શિલ્પા શ્રોફ (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૭) પ્રવીણ વોરા (૪૮) નંદકિશોર સંજાણવાળા (૪૯) દિલીપ પરીખ (૫૦) રસિક જુઠાણી (ટોરન્ટો - કેનેડા)

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# પોષક તત્ત્વોથી ભરપૂર સ્વાદિષ્ટ જડીબુટ્ટી છે ફુદીનો



'ફુદીનો' ભારતીય રસોડામાં એક આગવી ઓળખ ધરાવે છે. સવાર પડે તેની સાથે ઘરના પ્રત્યેક સભ્યોની મનપસંદ ચામાં 'આદું-ફુદીનો' જરૂરી બની જાય છે. તેમાં વળી ઠંડીની મોસમમાં લીલાંછમ મળતાં કૂણાં ફુદીનાનાં પાનનો ઉપયોગ વિવિધ રીતે કુશળ ગૃહિણી દ્વારા કરવામાં આવે છે. શેરીના નાકે ઊભી રહેતી ચાની લારી પાસેથી પસાર થાવ ત્યારે આપને ચા પીવા લલચાવે તેવી ગરમાગરમ ચામાં આદું-ફુદીનાની મીઠી સોડમ આવતી હોય છે. કોથમીર-ફુદીનાની પ્રતિદિન બનતી તાજી ચટણી ખાવાની એક અલગ જ મજા છે. ફુદીનાને સંસ્કૃતમાં પૂતિહા કે રોચિની કહેવામાં આવે છે. તો હિન્દીમાં પુદીના, પંજાબીમાં પહાડી પોદીના, મરાઠીમાં પુદિના, નેપાળીમાં બાવરી તરીકે ઓળખવામાં આવે છે. ફુદીનાની સુગંધ વાળું દંતમજંન કે પેસ્ટ બજારમાં સરળતાથી મળી રહે છે. તો ફુદીનાની સુગંધ ધરાવતી ચ્યુઈંગમ, પિપરમિન્ટ અને ઈન્હેલરને ખાંસી-શરદીમાં રામબાણ ઉપાય તરીકે અજમાવવામાં આવે છે. યુનાઈટેડ સ્ટેટસ્ ઑફ ઍગ્રીકલ્ચરલ રિસર્ચ (યુએસડીએ)નું કહેવું છે કે ફુદીનાના પાનનું પોષણ મૂલ્ય સારું છે. ૧૦૦ ગ્રામ ફુદીનાના પાનમાં ૩.૭૫ ગ્રામ પ્રોટીન, ૨૪૩ મિલિગ્રામ કેલ્શિયમ, ૫.૦૮ મિલિગ્રામ આયર્ન, ૮ ગ્રામ ફાઈબર, ૫૬૯ મિલિગ્રામ પોટેશિયમ સમાયેલું હોય છે. ફુદીનાનાં પાન ઠંડક આપવાની સાથે આગવી સુગંધ ધરાવે છે જેને કારણે સ્વાદરસિયાઓમાં અતિપ્રિય બની ગયાં છે. ફુદીનાના પાનનો ઉપયોગ અઢળક રીતે કરી શકાય છે. ઉકાળો, સલાડ, સ્ટાર્ટર, ચા, સૉસ, ચટણી, પરાઠા, બિરિયાની વગેરે. પાણીપુરીના પાણીમાં ફુદીનાનો ઉપયોગ સર્વશ્રેષ્ઠ થતો કહી શકાય. ફુદીનાના સ્વાદવાળું પાણી ગુજરાતમાં લોકો ખાસ પીતા હોય છે.

ફુદીનાનાં પાનના આરોગ્યવર્ધક લાભઃ

પાચનમાં સુધારો કરે છેઃ નિષ્ણાતોના મત મુજબ ફુદીનાના પાનનું નિયમિત યોગ્ય માત્રામાં સેવન કરવાથી પાચનક્રિયામાં સુધારો જોવા મળે છે. પાચનતંત્રની માંસપેશી ફુદીનાના સેવનથી મજબૂત બને છે. પેટ ફૂલવું, ગૅસ, અપચો, બ્લોટિંગ કે આફરો ચડી જવો જેવી સમસ્યાથી રાહત મળે છે. ફુદીનાનાં ૫-૬ પાન સંચળ સાથે ચાવી જવાથી પાચનમાં સુધારો જોવા મળે છે. તેનું મુખ્ય કારણ ફુદીનાના પાનમાં ઍન્ટિ-ઑક્સિડન્ટ, મેન્થૉલ, ફાઈટોન્યુટ્રિએન્ટસ્‌ની માત્રા ભરપૂર હોય છે. જે ભોજનને પચાવવામાં મદદ કરે છે. ફુદીનાનો ઉપયોગ વિવિધ શરબત, સલાડ કે છાસમાં સરળતાથી કરી શકાય છે.

મોંની દુર્ગંધમાં ગુણકારીઃ અનેક લોકોનાં મોંમાંથી સતત દુર્ગંધ આવતી રહે છે. તેને લીધે તેઓ સંકોચ અનુભવે છે. ફુદીનાનાં પાનમાં લીંબુ-સંચળ ભેળવીને ચાવી જશો તો મોંની દુર્ગંધમાં અચૂક લાભ થશે. મેડિકલ ન્યૂઝ ટુડેમાં આવેલી માહિતી પ્રમાણે ફુદીનામાં મેન્થોલ હોય છે. ઍન્ટિ-બેક્ટેરિયલ ગુણ ફુદીનામાં સમાયેલાં છે. જે જીભ તથા પેઢાંને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે. ભોજન બાદ કોગળા કરવાનું ટાળવાને કારણે મોંમાં જીવાણુ બનવા લાગે છે. ફુદીનાના પાનનાં સ્વાદ ધરાવતું માઉથવૉશ વાપરવાથી બેક્ટેરિયાને રોકવામાં મદદ મળે છે. આમ ફુદીનાના પાનમાં કુદરતી ગુણ સમાયેલા છે જે શ્વાસને તાજગી બક્ષે છે.

ઍન્ટિ-ઑક્સિડન્ટથી ભરપૂરઃ ફુદીનાનાં પાનમાં ઍન્ટિ-ઑક્સિડન્ટની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. જેને કારણે શરીરને મુક્તકણોથી બચાવે છે. શરીરને ઑક્સિડેટિવ તાણથી બચાવે છે. ફુદીનાનાં પાનને વાટીને તેમાં ગુલાબજળ ભેળવીને મિશ્રણ તૈયાર કરવું. મિશ્રણનો ઉપયોગ ચહેરા ઉપર કરવો. ચહેરો ચમકદાર તથા સાફ બને છે. ખીલ-કાળા ડાઘને દૂર કરવામાં મદદ મળે છે.

શરદી-સળેખમમાં ગુણકારીઃ ફુદીનાના પાનનું સેવન કરવાથી શરદી-સળેખમમાં રાહત મેળવી શકાય છે. ફુદીનાનાં પાનનો કાઢો બનાવીને પી શકાય છે. ફુદીનાના પાનને ચાવી જવાથી કે તેને સુંઘતા રહેવાથી શરદીમાં રાહત મળે છે. શરદીને કારણે અનેક વખત માથું દુખવું કે અસ્થમા જેવી તકલીફ દર્દીને થતી હોય છે. આવા સંજોગોમાં ફુદીનાનાં પાનનું શરબત મધ સાથે પીવાથી લાભ મળે છે.

અસ્થમાના દર્દી માટે લાભકારીઃ નિયમિત રૂપે ફુદીનાનું સેવન કરવાથી છાતીમાં ભરાયેલો કફ બહાર નીકળી જાય છે. કેમ કે ફુદીનામાં મૅન્થોલ રહેલું છે જે ફેફસાંમાં ભરાયેલા કફને છૂટો કરવામાં મદદ કરે છે. વળી નાકની નશોને મુલાયમ બનાવે છે. જેને કારણે તેના સેવન બાદ અસ્થમાની તકલીફમાં રાહત મેળવી શકાય છે. આ ફક્ત એક નુસખો અપનાવી શકાય બાકી નિષ્ણાત ડૉક્ટરની સલાહ તથા દવા અસ્થમાના દર્દી માટે ગુણકારી ગણવી જોઈએ.

માનસિક તાણ તથા મૂડને સુધારવામાં મદદરૂપઃ ફુદીનાના પાનનો ઉપયોગ અરોમા થેરાપીમાં સૌથી વધુ કરવામાં આવે છે. તેથી જ તો તેને પ્રાચીન જડીબુટ્ટી ગણવામાં આવે છે. ફુદીનાનાં પાન તાજાં હોય કે સૂકાયેલાં તેમાં એક અલગ જ સુગંધ સમાયેલી છે. જે માનસિક તાણને ઘટાડવામાં મદદ કરે છે.

રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનાવે છેઃ ફુદીનાના પાનમાં વિટામિન્સ, મેગ્નેશ્યિમ, ફોસ્ફરસ સમાયેલાં છે. જે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. શરીરના સેલ્સનું સમારકામ કરવામાં મદદ કરે છે. ફુદીનાના સેવનથી હવાના પ્રદૂષણને કારણે થતાં સંક્રમણથી શરીરને બચાવી શકાય છે. વિટામિન સીની ભરપૂર માત્રા શરીરને હાઈડ્રેટેડ રાખવાની સાથે રોગપ્રતિરોધક ક્ષમતા વધારવાનું કામ કરે છે. ■

## કાકડી-ફુદીનાના પાનનું રાયતું



૧ કપ દહીં, ૨ નંગ ઓછાં તીખાં લીલા મરચાં. ૧ કપ ખમણેલી કાકડી, ચપટી શેકેલાં જીરાનો પાઉડર, અડધો કપ ફુદીનાનાં ઝીણાં સમારેલાં પાન, ૨ચમચી ખાંડ, સ્વાદાનુસાર સંચળ.

**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ ફુદીનાનાં પાનને બરાબર સાફ કરી લેવાં. મિક્સર જારમાં પાનને ચર્ન કરી લેવાં. બ્લેન્ડરમાં ખાંડ, ફુદીનાનાં પાન સ્વાદ પ્રમાણે લેવાં, ઉપરથી દહીં ઉમેરવું, ખાંડ, સંચળ, ભેળવીને બરાબર ચર્ન કરી લેવું, એક બાઉલમાં કાઢીને ઉપરથી કાકડીનું છીણ, લીલું મરચું તથા કોથમીરથી સજાવીને પીરસવું.

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# અળખામણી ઍસિડિટી...




પેટને સાંકળી લેતી અમુક બીમારી કે રોગ વચ્ચે આમ તો એસિડિટી એ પાચનતંત્રની સામાન્ય છતાં એક અળખામણી સમસ્યા છે. એસિડિટી એટલે કે અમ્લતા-ખટાશનાં અમુક લક્ષણ જાણવા જેવાં છે, જેમકે...

જમ્યા પછી ઘચરકા (ખાટા ઓડકાર) આવે. (ક્યારેક કડવા કે તીખા ઓડકાર આવે.)

ગળામાં, છાતીમાં કે પેટમાં બળતરા થવી તથા હેડકી આવવી. રાતના સમયે ઉધરસ આવે અને ઊંઘ ઓછી આવે. પછી સવારે જાગીએ ત્યારે મોંમાં ખાટો સ્વાદ હોય.

મોઢામાં ચાંદા પડે કે અવાજ બેસી જવો.

હથેળી અને પગના તળિયામાં બળતરા થવી.

વધુપડતો અપાનવાયુ છૂટવો.

વધુ એસિડિટીમાં લીલી-પીળી અને કડવી ઊલટી થઈ શકે.

બેચેની તથા ગભરામણ પણ થાય.

**એસિડિટીનાં કારણઃ** એસિડિટીનો રોગ શરીર અને મન બંનેની અસંતુલિતતા (psycho Somatic Disorder)ના કારણે થાય છે.

**માનસિક કારણઃ** ઈર્ષ્યા, અદેખાઈ, વધુપડતી હરીફાઈવાળી વૃત્તિ, ભય, ટેન્શન કે વધુપડતો લોભ રાખવાથી એસિડિટી થઈ શકે છે. સોંપેલું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેની ચિંતા રહેવાથી પણ એસિડિટી થઈ શકે..

**શારીરિક કારણઃ** જે કારણોથી અજીર્ણ થાય છે પ્રાયઃ તે કારણોથી એસિડિટી થાય છે.

આહારનું વ્યવસ્થિત પાચન ન થવાથી.

અન્નનળીનો વાલ્વ ઢીલો હોવાથી જઠરાગ્નિમાં રહેલા એસિડના ઓડકાર આવવાની સંભાવના વધી જાય છે.

વધુપડતા તીખા, તળેલા કે નશીલા પદાર્થોના સેવનથી.

ઉપવાસની આગલી સાંજે તળેલું, તીખું કે ખાટું જમવાથી.

જમ્યા બાદ તરત જ સૂઈ જવાથી.

અમુક દુઃખાવો દૂર કરવા (pain killer)ની દવાના સેવનથી પણ આ સમસ્યા વકરે

મેદસ્વિતા - જાડી વ્યક્તિઓના પેટ ઉપર વધુ દબાણ આવવાથી સમયાંતરે પેટનો વાલ્વ ઢીલો થઈ શકે છે.

કમરથી વધુ ફીટ કપડાં પહેરવાની આદતને કારણે.

**એસિડિટીમાં આહાર-સંહિતાઃ** આ રોગ કેવળ ખાન-પાનની સંભાળ લેવાથી મટે છે. ગમે તેવી દવાઓ હોય તોપણ તે આહારની સંભાળ લીધાં વિના કાંઈ જ ફાયદો કરતી નથી.

બને તો અન્નાહાર બંધ કરી ફક્ત દૂધ અને તાજાં ફળોના આહાર પર થોડા દિવસ રહેવાથી વગર દવાએ આ રોગ સારો થઈ જશે.

લીલાં પાંદડાંવાળાં શાકભાજીનો ઉપયોગ વધુ કરવો.

વધુ મસાલેદાર અને તીખો આહાર ન લેતાં, સાદો અને સાત્ત્વિક આહાર લેવો.

ટમેટાં અને ટમેટાંમાંથી બનતી વસ્તુનો ત્યાગ કરવો...

**એસિડિટીના ઉપચારઃ** બપોરે અને સાંજે ભોજન બાદ ૧ ચમચી આમળાનું ચૂર્ણ પાણી સાથે લેવું.

વિકટ સંજોગોમાં એસિડિટી થઈ હોય અને જ્યારે કાંઈ પણ ઉપચારની વ્યવસ્થા ન હોય ત્યારે પોતાની જ લાળ ગળ્યા કરવી. આપણી લાળ અનેક પાચકરસોથી ભરપૂર છે. તે પાચકરસો પેટને પાચન કરવામાં ખૂબ જ સહાયક થતા હોય છે અને પેટના એસિડને સંતુલિત રાખતા હોય છે.

૧-૨ ગ્લાસ માટલાનું ઠંડું પાણી પી જવું.

૨૫-૩૦ ગ્રામ કુંવરપાઠાનો રસ પીવો.

૧ કપ પાણી કે છાશમાં શેકેલું થોડું જીરું તથા સાકર મેળવીને પીવું.

૨ કેળાંમાં ૨ ચમચી ઘી અને ૧ ચમચી સાકર નાખીને ખાવા.

૩ ચમચી આમળાંનો રસ, ૧૦ ગ્રામ કાળી દ્રાક્ષ અને ૧ ચમચી મધ ભેગું કરી ખાવાથી એસિડિટી મટે છે.

અનાનસના ટુકડા પર સાકર અને મરી ભભરાવીને જમવું.

જીરું અને સાકરનું ચૂર્ણ પાણી સાથે લેવું.

૧૦૦ મિલી લીટર ગાજરનો રસ રોજ પીવાથી એસિડિટી મટે છે.

શતાવરીનું ચૂર્ણ દૂધ સાથે લેવું.

૨૦ નંગ કાળી દ્રાક્ષ ધોઈને રાત્રે પાણીમાં પલાળી સવારે મસળી તેનું પાણી પીવું. ■

## આટલી સાવધાની જરૂર રાખો

આહાર-વિહાર અને માનસિક વલણમાં ફેરફારો કરવાથી આ રોગ કાયમી નાબૂદ થઈ શકે છે માટે માત્ર કામચલાઉ ઉપચાર ન કરવા.

પોતાની ઇચ્છા મુજબ ન થાય ત્યારે ગુસ્સે ન થઈ જવું.

ધીરજતા અને ક્ષમાનો ગુણ જીવનમાં અપનાવવો.

કાર્યભાર અને આંતરિક જીવનનું સંતુલન કરતાં શીખવું.

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# પાણીની ભ્રમણા-જાળ



પૃથ્વી પર ઉપલબ્ધ એક બહુમૂલ્ય સંશોધન એ છે પાણી, સજીવોનો જીવવાનો આધાર એટલે પાણી. જીવનનું અસ્તિત્વ એ પાણી છે. પૃથ્વી પર પંચોતેર ટકા પાણી છે ને પીવાલાયક કે મીઠું કે તાજું પાણી માત્ર ત્રણ ટકા છે. પાણી આપણા જીવનનો કે પ્રકૃતિના દરેક જીવિત જીવનો અનિવાર્ય અને મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. શરીરની ઊર્જાનો સ્રોત, સ્વાસ્થ્ય અને સંતુલિત વિકાસનો પાયો છે. પાણી ફક્ત તરસ બુઝાવે છે તેવું નથી તે બીજાં ઘણાંય કામ કરે છે. પાણીમાંનું ઑક્સિજન શરીરના સેલને જીવિત રાખે છે. શરીરમાં પાણી ઑક્સિજન પહોંચાડવાનું અને તાપમાનને નિયંત્રિત રાખવાનું કામ કરે છે.

પાણીએ શક્તિશાળી રાસાયણિક તત્ત્વ છે. જેની સંજ્ઞાના $H_2O$ છે. પાણીમાં ઑક્સિજનની સાથે સાથે બીજાં ઘણાંય તત્ત્વો છે. રંગહીન અને એક સ્વાદ વગરનું સ્વાદવાળુ છે. પાણી એ એક બહુ ઉત્તમ વિલાયક છે. (વિલાયક એટલે બધાને પોતાનામાં ઓગાળી દેનાર) વિલાયક આર્યનો અને અણુઓના પરિવહનમાં મદદ કરે છે. પાણી એ ત્રણ સ્વરૂપમાં છે. વરાળ (ગૅસ), તરલ (લિક્વિડ) અને ઘનસ્વરૂપ (બરફ). પાણીને ગરમ કરતાં તેમાંથી ઑક્સિજન નીકળી જાય છે. એટલે કે ઑક્સિડેશન થાય છે.

લોકોમાં પ્રશ્ન એ છે કે ગરમ પાણી પીવું સારું કે ઠંડું પાણી પીવું સારું. વૈજ્ઞાનિક રીતે વાત કરીએ તો ઠંડું પાણી પીવું સારું (અતિ ઠંડું નહીં) ગરમ કરતાં ઑક્સિજન ઊડી જાય તો પાણી સખત બની જાય. વધુમાં વધુ લોકો ગરમ પાણી સારું છે એમ માને છે, કારણકે તેમાં બેકટેરિયા મરી જાય તો પાણી સારું એ તથ્ય ખોટું છે.

પાણી ઊકળતાં જ તેમાંથી ઑક્સિજન નીકળી જાય છે. પાણીનો માનક ($P_H$) સાત છે. એટલે કે તે આલ્કલાઇન છે અને ઊકળતાં જ તેનો માનક ($P_H$) બદલાઈ જાય છે. એટલે સાત કરતાં નીચે આવી જાય તેથી તે ઍસિડિક બની જાય છે.

પાણી સખત બની જાય છે. તેમાં કેમિકલ રિએક્શન થાય છે. ટેસ્ટ લેસ બને છે. નેચરલ ફ્લેવર બળી જાય છે. ઑક્સિજન કન્ટેન પર અસર પડે છે. ફિઝિકલી ચેન્જ થાય છે. (કેમિકલી નહીં) તેમાંનાં તત્ત્વોની પ્રોપર્ટી લોસ થાય છે.

પાણી ઊકળવાને કારણે તેમાં આર્સેનિક, નાઇટ્રાઇડ અને ફ્લુરાઇડની માત્રા વધી જાય છે. બીજાં તત્ત્વો ઝેરીલાં બની જાય છે. અથવા ખતરનાક તત્ત્વોની માત્રા વધી જાય છે.

નાઇટ્રાઇડ જે પાણીનો અવયવ છે. તે નાઇટ્રાઇડ નાઇટ્રોસૈમીનમાં બદલાઈ જાય છે. તે કેન્સરનું કારણ બને છે. એટલે કે કારસીનોજેનિક તત્ત્વોની માત્રા વધી જાય છે. આર્સેનિકની માત્રા પણ વધી જાય છે. જેના કારણે હાર્ટએટેક, માનસિક બીમારી કીડનીની ખરાબી થાય છે.

કીડનીને સખત પાણી કાઢવા માટે વધારે જોર લગાવું પડે છે. તેથી તેના નેફ્રોન નબળા પડી જાય છે. કીડનીના સેલને પણ પાણીમાંના ઑક્સિજનની જરૂર પડે છે. જે ઉકાળેલા પાણીમાં હોતું નથી. ફલુરાઇડની માત્રા વધી જવાથી હાડકાં પર અસર પડે છે. હાડકાં વાંકાચૂકાં કે આડાતેડાં થઈ જવાની શક્યતા વધી જાય છે. બીજા અન્ય ખાદ્યપદાર્થ (જે ખરાબ ખાદ્યપદાર્થ છે તેની)ની અસર પણ શરીર પર થાય છે.

બરફ જો સોજા પર ઘસવામાં આવે તો સોજા નીકળી જાય છે. એટલે કે ઠંડક વધુ કામ કરતી હોય છે.

લોકો શિયાળામાં ગરમ વસ્તુઓનાં પીણાં અધિક પીએ છે. ઉકાળેલા કાઢા વગેરે સામાન્ય તાપમાન કરીને પીવા યોગ્ય હોય છે. ગરમ પીણાં શરીરમાં નુકસાનદાયક છે. ઊકળતાં જ તે ઍસિડિક બની જાય છે. ત્યારે શરીર પર માઠી અસર થાય છે.

વૈજ્ઞાનિક કારણો જોઈએ તો ઉકાળેલું પાણી ઠંડું કરીને પણ ઝાડ પર નાખવામાં આવે કે ઘરના ગમલામાં ઉગાડેલા ઝાડ પર નાખવામાં આવે તો તે એક બે દિવસમાં ઝાડ કે પોધો સૂકાઇ જાય છે અને જો બરફવાળું પાણી કે બરફ નાખવાથી ઝાડની ઊગવાની પ્રક્રિયા ઝડપથી વધી જાય છે. તેમાં ફળ કે ફૂલો જલદી આવી જાય છે. જેમકે રાજસ્થાનમાં ગરમી છે તો ઝાડ પણ સૂકાયેલાં છે. કાશ્મીર કે અન્ય ઠંડા પ્રદેશમાં હરિયાળી વધુ દેખાય છે. ફૂલો કે ફળો વધુ માત્રામાં થાય છે.

ઑસ્ટ્રેલિયામાં જંગલોમાં જ્યારે આગ લાગે ત્યારે નદીનાં પાણી ગરમ થતાં જ કરોડોની સંખ્યામાં માછલીઓનાં મૃત્યુ થયાં. આનું કારણ પાણી ગરમ થતાં ઑક્સિજન નીકળી ગયું.

ઘરમાં રાખેલી ફિશ ટેંકમાં જો ગરમ કરેલું પાણી ઠંડું કરીને પણ નાખવામાં આવે તો માછલી તત્કાળ મરી જાય છે. પાણી સામાન્ય તાપમાનવાળું એટલે પ્રકૃતિએ જે પાણી આપ્યું છે તે જ પીવું. બે-ત્રણ વખત ગાળીને પીવું.

જે એરિયામાં ખરાબ પાણી આવતું હોય તો સહેજ ગરમ કરવાથી તેનો કચરો નીચે બેસી જાય છે. ઉકાળવું તે બાબત ખોટી છે.

ઉકાળેલું કે ગરમ પાણી પીવાના કારણે શરીરના સેલમાં ઑકિસજનની કમી- ઓછપ થઈ જતાં સેલનું મૃત્યુ થઈ જાય છે અને અનેક પ્રકારની બીમારી થવા લાગે છે. ચામડીના રોગો વધી જાય છે.

પાણીમાં બે પ્રકારના બેકટેરિયા હોય છે. અરોબીક અને અનઅરોબીક. અરોબીક બેકટેરિયા ત્યાં હોય જયાં ઑક્સિજનનું પ્રમાણ વધુ હોય છે. આ સારા બેકટેરિયા છે. ઠંડા પાણીમાં ઑક્સિજનની માત્રા વધુ હોય છે. આ બેકટેરિયા શરીરમાં એનર્જી વધારવાનું કામ કરે છે. જેથી શરીરમાં બીમારી આવતી નથી, આવી હોય તો જલદી સારી થઈ જાય છે.

અનઅરોબીક બેકટેરિયા ત્યાં હોય જયાં ઑક્સિજનની માત્રા બહુ જ ઓછી અથવા નહિવત્ હોય છે. જેના કારણે શરીરમાં કે બીજા અન્ય જીવોમાં બીમારી આવી જાય છે. આનો મતલબ એ છે કે શરીરમાં ઑક્સિજન મજબૂત હોવું જરૂરી છે. ઠંડાં પાણીની પટ્ટી પેટ પર રાખતાં જ અરોબીક બેકટેરિયા ઑક્સિજન વધારી દે છે એટલે કે ઠંડા પાણીમાં આ બેકટેરિયા પાવરફૂલ કામ કરે છે.

ઠંડા પાણીનો નેપકીન પેટ ઉપર રાખવાથી તરત જ સારું થવા લાગે છે. વરસાદનાં પાણીમાં પણ ચાળીસ ટકા બરફ હોય છે. જેથી ઝાડ જલદીથી ઊગી નીકળે છે.

એસીડીટીના કારણે બધા રોગ થાય છે. વધુ એસીડીટી કૅન્સરમાં પરિવર્તિત થાય છે. ત્યારે ઠંડાં પાણી પટ્ટી કે કાચો પ્રાકૃતિક આહાર જેમાં ઑક્સિજનની માત્રા અધિક હોય તેવો આહાર કામ કરે છે. ઠંડીના મોસમમાં જ લીલાં પાંદડાંવાળી ભાજીઓ અધિક થાય છે. કારણ કે ઠંડકમાં ઑક્સિજન વધુ હોય છે.

આ ઠંડીની મોસમમાં વધુ ગરમ કરેલી વસ્તુઓ ન લેવી. નહાવા માટે થોડી ઠંડક ઊડે તેટલું જ પાણી ગરમ કરવું, અતિ ગરમ કરેલાં પાણીથી નહાવું તે હાનિકારક છે. ■

feedback@bombaysamachar.com
ફોક્સ પ્લસ
રશ્મિ શુકલ

# રોજની કઈ ૮ આદત કિડનીને પહોંચાડે છે નુકસાન?

આપણી કિડની શરીરનું એક મહત્ત્વનું અંગ છે, જે લોહીને ફિલ્ટર કરે છે અને શરીરમાંથી ઝેરી તત્ત્વોને દૂર કરે છે. માટે કિડનીને સ્વસ્થ રાખવી એ આપણા શરીર માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, પરંતુ આપણી કેટલીક રોજિંદી આદતો (હાર્મફુલ ડેઈલી હેબિટ્સ) કિડનીને નુકસાન પહોંચાડે છે અને કિડની રોગનું જોખમ વધારે છે. ઘણી વખત આપણે આ આદતો પર ધ્યાન નથી આપતા અને ધીરે ધીરે કિડનીને નુકસાન થવા લાગે છે. ચાલો જાણીએ કઇ આદતો (કિડની પ્રોટેક્શન ટિપ્સ)થી કિડનીને નુકસાન થવાનું જોખમ રહેલું છે.

**ઓછું પાણી પીવુંઃ** શરીર માટે પાણી ખૂબ જ જરૂરી છે. તે કિડનીને ઝેરી પદાર્થોને દૂર કરવામાં મદદ કરે છે. ઓછું પાણી પીવાથી કિડની પર બોજ વધે છે અને પથરી જેવી સમસ્યા થઈ શકે છે.

**અતિશય મીઠાનું સેવનઃ** મીઠાના સેવનથી બ્લડ પ્રેશર વધે છે અને કિડની પર દબાણ આવે છે. પ્રોસેસ્ડ ફૂડ, જંકફૂડ અને નમકીન નાસ્તામાં મીઠું વધુ માત્રામાં હોય છે. ઉચ્ચ પ્રોટીનનું સેવન પ્રોટીનની વધુ માત્રા ખાવાથી કિડની વધુ કામ કરે છે. માંસ, ઈંડા અને ડેરી ઉત્પાદનોમાં પ્રોટીન વધુ હોય છે.

**દારૂપીવોઃ** આલ્કોહોલ કિડનીને નુકસાન પહોંચાડે છે અને કિડની રોગનું જોખમ વધારે છે. આલ્કોહોલ લીવરને પણ નુકસાન પહોંચાડે છે, જે કિડનીના કાર્ય માટે જરૂરી છે.

**ધૂમ્રપાનઃ** ધૂમ્રપાન કરવાથી બ્લડ પ્રેશર વધે છે અને રક્તવાહિનીઓ સાંકડી થાય છે. જેના કારણે કિડનીને નુકસાન થાય છે.

**પેઇન કિલર દવાઓનો વધુ પડતો વપરાશઃ** પેઈન કિલર દવાઓ વધુ માત્રામાં લેવાથી કિડનીને નુકસાન થઈ શકે છે.

**અનિયંત્રિત ડાયાબિટીસઃ** ડાયાબિટીસ કાબૂમાં ન આવવાથી કિડનીને નુકસાન થાય છે અને કિડનીના રોગનું જોખમ વધે છે. બ્લડ શુગર લેવલ વધવાને કારણે ધીમે-ધીમે કિડનીને નુકસાન થવા લાગે છે અને કિડનીને નુકસાન થાય છે.

**સ્થૂળતાઃ** સ્થૂળતા હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને હૃદય રોગનું જોખમ વધારે છે, જે કિડની રોગ તરફ દોરી શકે છે.

**કિડનીને સ્વસ્થ રાખવા શું કરવું?:** પુષ્કળ પાણી પીવો, મીઠાનું સેવન ઓછું કરો, પ્રોસેસ્ડ ફૂડ અને જંક ફૂડ ટાળો, ફળો અને શાકભાજી ખાઓ, નિયમિત વ્યાયામ કરો, તમારું વજન નિયંત્રણમાં રાખો, ધૂમ્રપાન કરશો નહીં, દારૂનું સેવન ન કરો,

જો તમને કોઈ સમસ્યા લાગે તો ડોક્ટર પાસે તપાસ કરાવો. ■

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# પ્રણવોપાસના દ્વારા અનિદ્રાની સમસ્યામાંથી કેવી રીતે મુક્ત થઇ શકાય

આપણે જોઇ ગયા છીએ તે પ્રમાણે વ્યક્તિત્વની મૂળભૂત સંવાદિતાના વિઘટનને કારણે અનિદ્રાની બીમારી આવે છે. આ વ્યકિતત્વની સંવાદિતાની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં પ્રાણાયામ ભારે મૂલ્યવાન સાધન છે. પ્રાણાયામના અભ્યાસથી પ્રાણમય શરીર બળવાન, સ્વસ્થ અને સુસંવાદી બને છે. પ્રાણમય શરીર મન અને શરીર બંનેને પ્રભાવિત કરે છે. એટલે પ્રાણાયામના નિયમિત અને દીર્ઘ અભ્યાસથી સમગ્ર વ્યક્તિત્વ સુસંવાદી બને છે.



માનવ-વ્યક્તિત્વ સુસંવાદી અને બને એટલે સ્વાભાવિક રીતે જ અનિદ્રાની બીમારી દૂર થવા લાગશે અને સરસ અને મીઠી નિદ્રાનું આગમન થશે.

(૪) પ્રણવોપાસનાઃ પ્રણવોપાસનાનું વિગતવાર વર્ણન ''તાણ (stress)ની યૌગિક ચિકિત્સા'' નામના પ્રકરણમાં આપેલ છે. અહીં આપણે પુનરાવર્તન નહીં કરીએ. અહીં આપણે એટલું જોઇશું કે પ્રણાવોપાસના દ્વારા અનિદ્રાની સમસ્યામાંથી કેવી રીતે મુક્ત થઇ શકાય છે.

પ્રણવોપાસના તો એક ઉચ્ચ કોટિની અધ્યાત્મસાધના છે. તેનો પ્રધાન વિનિયોગ તો આધ્યાત્મિક વિકાસ માટે છે, પરંતુ એક ગૌણ વિનિયોગ તરીકે પ્રણવોપાસના દ્વારા અનિદ્રાની સમસ્યામાંથી મુક્તિ મેળવી શકાય છે. પ્રણવોપાસના વસ્તુતઃ નાદાનુસંધાનની સાધના છે. પ્રણવોપાસનામાં પ્રણવના ઉચ્ચારણની સાથેસાથે પ્રણવનાદ પર ચિત્તને એકાગ્ર કરવાનું હોય છે. ચિત્ત નાદ સાથે એકાકાર થાય તે અભીષ્ટ છે. ચિત્ત પ્રણવનાદમાં લીન બનવા માંડે છે. પ્રણોપાસનાથી ચિત્તાની પોતાના સ્વરૂપમાં લીન બનવાની ઘટના છે. પ્રણોપાસનાથી દીર્ઘ અભ્યાસ ચિત્તા પોતાનામાં લીન થતાં શીખે છે.

આપણી પ્રારંભમાં જ જોઇ ગયા છીએ કે ચિત્ત પોતાના સ્વરૂપમાં લીન બની જાય તે ઘટના નિદ્રામાં પ્રવેશવા માટે આવશ્યક છે. પ્રણવોપાસના દ્વારા ચિત્ત આ પ્રક્રિયા સારી રીતે હસ્તગત કરી લે છે, તેથી અનિદ્રામાંથી મુક્ત થવામાં સહાય મળે છે.

આમ પ્રણવોપાસના પણ અનિદ્રામાંથી મુક્ત થવામાં એક મૂલ્યવાન સહાયક અભ્યાસ છે.

(૫) બસ્તિઃ બસ્તિ એટલે મલાશય અને મોટા આંતરડાની પાણી દ્વારા સફાઇ.

ગુદામાર્ગે પાણીને ઉપર ચડાવવામાં આવે છે. પાણી મલાશય અને મોટા આંતરડામાં પહોંચે છે. થોડી વાર પછી પાણી બહાર આવે છે. પાણી બહાર આવે છે ત્યારે મલાશય અને આંતરડામાં જમા થયેલા મલ, વાયુ આદિ અશુદ્ધ તત્ત્વોને પોતાની સાથે બહાર લાવે છે.

આમ બસ્તિ વસ્તુતઃ મલાશય અને આંતરડાને પાણી દ્વારા ધોવાની ક્રિયા છે. બસ્તિક્રિયાથી મલાશય અને આંતરડાની દીવાલ સ્વચ્છ બને છે.

બસ્તિક્રિયાની અનેક પદ્ધતિઓ છે. અહીં આપણે યૌગિક બસ્તિના સ્વરૂપને સમજીએ છીએ. આ ક્રિયા કોઇ જાણકાર પાસેથી શીખવી જોઇએ.

બસ્તિ એટલે પેડુનો ભાગ. આ ક્રિયામાં પેડુ અને પેટમાં રહેલા મલાશય અને મોટા આંતરડાનું શોધન કરવામાં આવે છે, તેથી તેને બસ્તિક્રિયા કહેવામાં આવે છે.

યૌગિક બસ્તિકર્મ કરવા માટે નૌલિ અનિવાર્ય છે, તેથી નૌલિ સારી રીતે હસ્તગત કર્યા પછી જ બસ્તિકર્મની પ્રારંભ કરવો જોઇએ. તે જ રીતે મયૂરાસન પણ સારી રીતે હસ્તગત કર્યું હોય તે આવશ્યક છે.

આશરે ચાર ઇંચ લાંબી ધાતુ, પ્લાસ્ટિક કે લાકડાની પોલી નળી તૈયાર કરવી. ગુદામાં સરળતાથી પસાર થઇ શકે અને તે અવસ્થામાં થોડો વખત રહી શકે તેટલી જાડાઇની નળી હોવી જોઇએ. પ્રયોગ કરતાં પહેલાં નળી ગરમ પાણીથી બરાબર સાફ કરવી.

પહોળા મુખનું, કથરોટના આકારનું એવું વાસણ લેવું જેમાં પાણી ભરીને એવી રીતે બેસી શકાય કે જેથી બંને નિતંબનો થોડો ભાગ અને ગુદા પાણીમાં ડૂબી શકે.

આટલી પૂર્વતૈયારી કરીને પછી નીચેચી પદ્ધતિથી બસ્તિકર્મ કરવું.

વાસણને સ્વચ્છ પાણીથી ભરો.

સાફ કરેલી નળીને થોડું ઘી લગાડો. નળીને લગભગ ૧/૩ ભાગ જેટલી ગુદાની અંદર પસાર કરો.

ઉત્કટાસનમાં બેસો. પાણીથી ભરેલું વાસન એવી રીતે ગોઠવાશે કે બંને પગ વસણની બહાર રહેશે અને બંને નિતંબ, ગુદા અને નળી પાણીમાં રહેશે.

બંને હાથ જમીન પર ટેકવો અથવા બંને કોણી પાસેનો ભાગ સાથળ પર ટેકવીને હથેળીઓ એકબીજી સાથે દબાય તેવી રીતે ગોઠવો. હાથની આ રીતે ગોઠવણી કરવાનો હેતુ એ છે કે એ અવસ્થામાં મધ્યનૌલિ કરવાની છે.

આ અવસ્થામાં વ્યવસ્થિત બેસીને મધ્યનૌલિ કરો. નૌલિને કારણે પેટમાં હવાનું દબાણ ઓછું થતાં પાણી નળી અને ગુદા વાટે ઉપર ચડશે. પાણી મલાશય અને પછી મોટા આંતરડામાં પહોંચશે મધ્યનૌલિ બની શકે તેટલા લાંબા સમય માટે ધારણ કરી રાખો.

જ્યારે શ્વાસ બહાર ધારણ કરી રાખવાનું શક્ય ન લાગે ત્યારે શ્વાસ છોડી મધ્યનૌલિ છોડી દો. તરત આંગળી વડે નળીના દ્વારને બંધ કરી દો. નળી ગુદામાંથી બહાર કાઢી લો. પાણી નળી વાટે બહાર ન નીકળી જાય તેની કાળજી રાખો.

પાણી જ્યાં સુધી અંદર ધારણ કરી શકાય ત્યાં સુધી ધારણ કરી રાખો. આ સમય દરમિયાન ડાબી-જમણી બંને બાજુથી નૌલિ ચક્રાકાર ઘુમાવ્યા કરો. તેમ કરવાથી અંદર રહેલું પાણી મલાશય અને મોટા આંતરડાની સારી રીતે સફાઇ કરશે.

પાણી અંદર ધારણ કરવાનું શક્ય ન લાગે એટલે પાણી બહાર છોડી દો.

થોડી વાર પછી મયૂરાસન કરો, જેથી આંતરડામાં બચેલું વધારાનું પાણી પણ બહાર નીકળી જાય. આ બસ્તિ માટેનું મયૂરાસન સામાન્ય મયૂરાસન કરતાં જુદું છે. આ બસ્તિના મયૂરાસનમાં બંને પગ પહોળા અને થોડા ઊંચા રાખવાના હોય છે અને ગુદાના સ્નાયુઓ ઢીલા રાખવાના હોય છે. આ આસનને બસ્તિ-મયૂરાસન કહે છે.

પ્રાચીનકાળમાં જ્યારે સ્વચ્છ પાણીનાં જળાશયો કે નદીઓ ઉપલબ્ધ હતાં ત્યારે બસ્તિપ્રયોગ ત્યાં કરવામાં આવતો. હવે આ યુગમાં તે સગવડ ઉપલબ્ધ ન હોવાથી, બાથરૂપ-સંડાસયુક્ત એકાંત ઓરડામાં બસ્તિનો પ્રયોગ કરવો જોઇએ.

બસ્તિનો પ્રયોગ ખાલી પેટે કરવો જોઇએ. સામાન્યતઃ સવારે પેટ સાફ થાય પછી બસ્તિ-પ્રયોગ કરવો જોઇએ. આગલી રાત્રે થોડો હળવો અને ઓછો ખોરાક લેવાથી અનુકૂળતા રહેશે. ગુદાનો ભાગ મળયુક્ત હોય તો નળીનું મુખ તેનાથી બંધ થઇ જાય તેવો સંભવ છે. આમ થાય તો પાણી નળી વાટે ઉપર ચડશે નહીં. આ મુશ્કેલી હોય તો બસ્તિ કરતાં પહેલાં ગણેશક્રિયા દ્વારા ગુદા સાફ કરવી જોઇએ.

તાવ આવતો હોય ત્યારે બસ્તિ-પ્રયોગ ન કરવો.

બસ્તિ-ક્રિયાને આયુર્વેદમાં અતિશય મૂલ્યવાન ચિકિત્સાપદ્ધતિ ગણવામાં આવે છે. યૌગિક બસ્તિ તો તેથી પણ વધુ મૂલ્યવાન છે.

યૌગિક બસ્તિક્રિયાનો પ્રયોગ કરવા માટે નૌલિકર્મ અને બસ્તિ-મયૂરાસન સારી રીતે સિદ્ધ કર્યાં હોય તે આવશ્યક છે, જે બધા માટે સહજ-સાધ્ય નથી. જેઓ યૌગિક બસ્તિક્રિયાનો પ્રયોગ ન કરી શકે તેઓ વિકલ્પે આયુર્વેદની વિધિથી પણ બસ્તિપ્રયોગ કરી શકે છે. હવે તો બસ્તિનાં અનેક સાધનો પણ મળે છે. કોઇ જાણકારના માર્ગદર્શન પ્રમાણે આવા કોઇ સાધનનો ઉપયોગ કરીને પણ અસ્તિપ્રયોગ કરી શકાય છે અને એ રીતે બસ્તિક્રિયાના લાભ મેળવી શકાય છે. ■



feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠકર

# રૂપ દેખાય દર્પણમાં - સ્વરૂપ દેખાય અંતરમાં

નામ : ચંપા બા, ઉ.વ : ૮૭, ઠરેલી ચા પર તર વળી હોય એવી કરચલીઓવાળો ચહેરો, ગોબાવાળી બે વાટકી ચિટકાડી હોય એવા બે ગાલ, કેટરિંગના વેઇટરના ગંધાતા કાળા કોટના બટન જેવી બે આંખ, સૂતરફેણી પર વરખ લગાડ્યો હોય એવા વાળ, ભરેલા ભીંડા જેવું નાક એકવડિયો બાંધો..... ટૂંકમાં જીર્ણોદ્ધાર માગી લે એવું વૃદ્ધ શરીર.

જોકે, મન? ૮૭ વર્ષના શરીરમાં છુપાયેલું ૨૫ વર્ષનું રંગીલું મન. હજી પણ મન ઢેલ બની (આમાં મોર ન કહેવાય) થનગાટ કરે.. હવે એ થનગાટ સાથે ચંબુ જ્યોતિષીને કુંડળી બતાવતાં પૂછ્યુંઃ

'અલ્યા જોશીડા, જો તો મારી કુંડળીમાં સંતાનયોગ ક્યારે છે?!'

'તારી ભલી થાય ડોશલી..' આ ઉમરે સંતાનોનો મોહ સમજી શકાય, પણ મૈં તુમ્હારે બચ્ચો કી માં બનને વાલી હું એવો સંતાન પેદા કરવાનો મોહ જાગે તો ભીંત પર માથું પછાડવાનું મન ન થાય? થાય.. ડોશીનું નઈ હવે આપણું! સાલું, આ ઉંમરે બધુ 'જય શ્રીકૃષ્ણ' થઈ ગયું હોય ને તમને આવા શેના અશકય લાગે એવા અભરખા જાગે છે? પણ એવું આપણાથી ડોશીને ન પુછાય.

અને પેલા ચંબુ પોપટે જાણે કુંડળીના વિષયમાં પીએચ.ડી. કર્યું હોય એમઃ 'બા, તમારી કુંડળીના બધા ગ્રહ આડાઅવળા થઈ ગયા છે. કોઈ પોતાના ઘરમાં નથી. બધા ગ્રહ પોતાના ગૃહમાં સ્થિર થાય ને ગુરુ પાવરફૂલ બની શુક્ર ઉપર દૃષ્ટિ કરે તો..'

'વા..ઉ! તો સંતાન થાય ને?' બા મૂડમાં આવી ગયાઃ

'પણ ચંબુડા, અમારા બાપુગુરુ કેટલા વખતથી જેલમાં છે. બાકી અમારા ગુરુની દૃષ્ટિ માત્ર શુક્ર જ નઈ બધા ગ્રહ પર પડે એવી છે અને એ ગુરુના આશ્રમમાંથી કોઈ ખાલી હાથે એટલે કે ખાલી ખોળે ગયું નથી.'

'તો પછી કરો જલસા.... થોડો વખત રાહ જોવો પછી છોકરાઓના ઢગલેઢગલા. બા, તમારું ઘર, ઘર મટી મેટરનિટી હોમ બનશે. પછી ૧૦૦ દીકરાની મા - ધૃતરાષ્ટ્રની વાઈફ ગાંધારી સુદ્ધાં શરમાઈ જશે, પણ તમારે થોડું સુંદરતા તરફ ધ્યાન આપવું પડશે.'

'ઓકે' બોલી ચંપાબા સુંદરતાની ખાતરી કરવા મારી દર્પણની દુકાને આવ્યાં.

'ઠાકર, પેલા નાના દર્પણનો શું ભાવ છે?'

'૫૦ રૂપિયા, આના ૧૦૦ રૂપિયા, આ ફ્રેમવાળું ૧૫૦નું ને આ મોટું ૨૦૦નું....' મેં દુકાનનાં બધાં જ અલગ અલગ ભાવનાં દર્પણ બતાવ્યાં, પણ બાએ એક પણ દર્પણ ન ખરીદ્યું.

અંતે મેં પૂછ્યુંઃ 'બા, આટલાં દર્પણ જોયાં પછી એક પણ કેમ ખરીદતાં નથી?'

'જો ભાઈ ઠાકર, હું નાની હતી, જુવાન હતી, ત્યારે એ જમાનામાં ૨ રૂપિયાનું દર્પણ મળતું ને એમાં હું રૂપાળી દેખાતી, પણ તારા આ ૨૦૦ રૂપિયાવાળા દર્પણમાં હું રૂપાળી દેખાતી નથી!'

'અરે, બા... ઉંમર આપણી વધે - દર્પણની નઈ. તમે ઘરડાં થયાં..'

'એય, ઘરડી કોને કહે છે?' બા બગડયાંઃ

'ઘરડી તારી બા, તારી બાયડી, ઘરડી તારી દીકરીઓ. ખબરદાર, જો ઘરડી શબ્દ બીજી વાર બોલ્યો તો હમણાં પાર્લરમાં જઈ ફેશિયલ, બ્લિચ કરાવી, લિપસ્ટિક લગાડી, વાળમાં ડાઈ લગાડેલી જોઈશ તો તારા જેવા કેટલાય લાઈન મારવા લઈનમાં આવ જાય, એટલી રૂપાળી લાગું.. મને ૮૭ ઑન્લી થયા, સમજ્યો?'

'બા તમારે લાંબું જીવવું છે, પણ ઘરડાં નથી થવું... અરે, બા આ હાડમાંસની બનેલી ચામડી પર થોડા કેમિકલનું રંગરોગાન કરાવો એને રૂપ સમજો છો? અરે, ગમે એટલો ખર્ચો કરી બનાવટી રૂપ ઊભું કરી શકશો, પણ આ ઈર્ષા, અહંકાર અકડાઈથી ભરેલી તંગ રેખા દૂર કરવા કયા બ્યુટિ પાર્લરમાં જશો? જુઓ બા, સુંદરતાની ખોટ હશે તો સારા સ્વભાવથી સુધરશે, પણ સારા સ્વભાવની ખોટ તો સુંદરતાથી ન પૂરી શકાય અને બીજું, બસ, રિક્ષા, ટ્રેન કે પ્લેન માં બ્રેક છે; પણ સમય અને વધતી ઉમરમાં બ્રેક નથી. રૂપની માર્કેટ વેલ્યુ રોજ ડાઉન થતી જાય છે. ઉંમર કોઈને છોડતી નથી. દર્પણમાં તો તમારું બહારનું રૂપ દેખાય, સ્વરૂપ જોવા અંતરમાં જોવું પડે અને ખરા રૂપને જોવું હોય તો દર્પણની જરૂર જ નથી. ખરું પ્રતિબિંબ જોવું હોય તો કોઈનાં આંસુ લૂછવાની જરૂર છે. બા, એક વાત કહું?'

'બોલ, બેટા'

'આજે ૩ ડિસેમ્બરે મારું શરીર પણ ૭૧ વર્ષમાં પ્રવેશ કરશે...'

'અરે વાહ, તો તો જન્મદિનની પાર્ટી.. બોલ ક્યાં લઈ જઈશ?'

'અરે બા, દિવસ ભલે નવો ઊગે, જન્મદિન નવો આવે, પણ શરીર તો રોજ જૂનું થતું જાય છે. દરેક જન્મદિન આમ તો મૃત્યુદિન જ છે. જન્મદિનની પાર્ટી હોય, પણ મૃત્યુદિનની પાર્ટી થોડી હોય?'

'અરે બેટા, મૃત્યુદિન ગણે તોપણ પાર્ટી તો માગીશ, કારણ કે હવે સંસારની જંજાળ અને શારીરિક પીડાઓમાંથી એક વર્ષની વધુ મુક્તિ મળી. જે પરમાત્માએ મોકલ્યા એ પરમાત્મા પાસે જવાનું નજીક આવવા લાગ્યું. મને પરમાત્મા લઈ જાય એ પેહલાં તું બોલ, હવે તું કયાં લઈ જઈશ?'

હું તો વિચારમાં પડી ગયોઃ 'સાલુ, આ બુઢ્ઢુ દેખાતી ડોશીના મગજમાં આવી બુદ્ધિ - આવી સમજનો જન્મ કઈ રીતે થયો? આપણને પણ આ બધું સમજાઈ જાય તો..

બોલો, શું કહો છો? ■

feedback@bombaysamachar.com

ફોક્સ

અનંત મામતોરા

# પ્રદૂષણથી વધી રહી છે આંખમાં એલર્જી



હાલમાં ઘણા લોકો આંખની એલર્જીથી પીડાય છે. આંખની એલર્જી મુખ્યત્વે ચાર પ્રકારની હોય છે, ટાઇપ-૧, ટાઇપ-૨, ટાઇપ ૩ અને ટાઇપ ૪. તેમાં પણ દિવાળી દરમિયાન ફટાકડાના કારણે તેમજ મેટ્રોના ચાલી રહેલા કામમાં હવામાં ઉડતી ધૂળ અને કણોને કારણે એલર્જીનું પ્રમાણ વધ્યું છે. તેમાં પણ રજાના દિવસોમાં લોકો બહાર ફરવા જાય છે, જેના કારણે કારના ધુમાડાથી થતી એલર્જીનું પ્રમાણ પણ વધી ગયું છે. દિવાળી દરમિયાન સ્મોકની એલર્જી માટે હવામાં રહેલું કાર્બન મોનોક્સાઇડ મોટાભાગે જવાબદાર છે. તેમ જ, ફટાકડા ફોડ્યા પછી તરત જ આંખોને સ્પર્શ થતાં ફટાકડામાં રહેલા સલ્ફરને કારણે એલર્જીનું પ્રમાણ પણ વધુ જોવા મળી રહ્યું છે.

**ફૂલોથી પણ થઈ શકે આંખની એલર્જીઃ** દિવાળીમાં માત્ર ધુમાડાના કારણે આંખની એલર્જી થાય એવું નથી. આ સમયગાળા દરમિયાન, ફૂલ અને ફૂલોના તોરણનો ઉપયોગ વધુ થાય છે. આપણે આપણા બાળકોને ફટાકડાના ધુમાડાથી દૂર રાખી શકીએ છીએ. તેમને શ્વાસ લેવામાં કંઈ તકલીફ ન થાય તેના માટે તેમને માસ્ક પહેરાવી શકીએ છીએ. આ ઉપરાંત, ઘણા લોકો કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન આંખોને સંપૂર્ણપણે ઢાંકી દે તેવા ચશ્માં પહેરવાની સારી કાળજી લઈ રહ્યા છે, જેથી આંખોને કોઈ નુકસાન ન થાય. તે આંખોને ધુમાડાથી પણ બચાવે છે, પરંતુ ધુમાડાથી એલર્જી પણ થઈ શકે છે. આનું કારણ એ છે કે ફૂલોમાં રહેલા પરાગકણો. તેની એલર્જીનું પ્રમાણ પણ વધુ છે. આમાં, આંખની આસપાસ સૂક્ષ્મ કણો રચાય છે, જેને વર્નલ કટાર કહેવામાં આવે છે. જ્યારે ધૂળ કે ધુમાડાને લીધે એલર્જી થાય અને આંખ લાલ થઈ જાય, તેને એલર્જીક કન્જક્ટિવાયટિસ કહેવાય છે.

**ટીબીને કારણે એલર્જીઃ** આજકાલ જેવી રજાઓ પડે કે લોકો બહારગામ ફરવા નીકળી જાય છે. તે સમયે જો કોઈ વ્યક્તિ ટીબીના દર્દીના સંપર્કમાં આવે તો ટીબીના ચેપને કારણે પણ તેની આંખમાં એલર્જી થઈ શકે છે. શું તેનો મતલબ કે તેને ટીબી થયો છે? જો નહીં, તો તેને ટીબીને કારણે એલર્જી થઇ છે. તેને ફેલ્કટન કહેવામાં આવે છે.

**ઉપાયઃ** આપણે એ વાત હંમેશાં ધ્યાનમાં રાખવી જોઈએ કે ઉપચાર કરતાં સાવચેતી હંમેશા શ્રેષ્ઠ છે. આંખોને પીવાના પાણીથી ધોવી જોઈએ. જો તમે પહેલાથી જ જાણો છો કે તમને ધુમાડાથી એલર્જી છે, તો તમારે દિવાળી દરમિયાન ધુમાડાથી દૂર રહેવું જોઈએ. તમે સાવચેતીના પગલાં તરીકે એલર્જી પરીક્ષણ પણ કરી શકો છો. જેમાં તમને શેની એલર્જી છે તેની માહિતી મળે છે. ઘણીવાર ખાદ્યપદાર્થોને કારણે પણ એલર્જી થાય છે. દિવાળીમાં આપણે ઘણી બધી મીઠાઈઓ ખાઈએ છીએ. તેથી એલર્જી પરીક્ષણ એ અસરકારક સાવચેતીનું માપ બની શકે છે.

તમે ઘરે એર પ્યુરિફાયર ઇન્સ્ટોલ કરી શકો છો. જેથી બહાર ગમે તેટલું પ્રદૂષણ હોય, અંદરની હવા સ્વચ્છ રહે અને તમે સુરક્ષિત રહો. તમે સાવચેતીનાં પગલાં લઈ શકો છો જેમ કે મુસાફરી કરતી વખતે માસ્ક પહેરવું, તમારી આંખોને સંપૂર્ણપણે ઢાંકી દે તેવા ચશ્માં પહેરવા જેવા કોવિડ યુગ દરમિયાન ઉપયોગમાં લેવાતા હતા.

**શું ટાળવું?ઃ** અમેરિકામાં એક ઘટના બની છે. એક કંપનીના આંખના લુબ્રિકન્ટથી ઘણા લોકો અંધ થયા હતા. કેટલાક મૃત્યુ પણ પામ્યા. તેથી ડૉકટરો વારંવાર કોમ્પ્યુટરની સામે બેસવાથી સૂકી થયેલી આંખોમાં લ્યુબ્રિકન્ટ્સનો ઉપયોગ કરવાની ભલામણ કરે છે. આ લુબ્રિકન્ટનો ઉપયોગ કરવાથી કોઈ જોખમ નથી, પરંતુ ૩૦ દિવસથી વધુ જૂના લુબ્રિકન્ટનો ઉપયોગ કરવાથી આંખમાં બળતરા થઈ શકે છે. તેથી,આ લુબ્રિકન્ટ્સનો ઉપયોગ નિષ્ણાતોની સલાહ પર જ કરવો જોઈએ. ઘણી વાર ડૉક્ટરને જોયા વગર એલર્જી શેની છે, તેની બરાબર ખબર પડતી નથી. તેથી ડૉકટરો લુબ્રિકન્ટના ઉપયોગની ભલામણ કરતા પહેલા આંખની તપાસ કરવાનું કહે છે.

કેટલીકવાર, જો એલર્જી ગંભીર હોય, તો ડૉક્ટર સ્ટેરોઇડ્સ સૂચવે છે. આનાથી દર્દીને ઝડપથી રાહત મળે છે, પરંતુ આ દર્દીઓ આગલી વખતે એલર્જી થાય ત્યારે તે જ સ્ટેરોઇડ્સનો ઉપયોગ કરે છે. આ સ્ટેરોઇડ્સના વધુ પડતા ઉપયોગથી મોતિયા, ગ્લુકોમા અને અન્ય ચેપ થઈ શકે છે. તેથી ધ્યાનમાં રાખો કે સારવાર કરતાં સાવધાની સારી. તેમ છતાં આંખો માટે નિષ્ણાતની સલાહ લેવી હિતાવહ છે. ■

feedback@bombaysamachar.com

ધ્યાન રાખો...

ડૉ. માજિદ અલીમ

# કૅન્સરથી બચવું છે તો સજાગ થવું પડશે

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનું માનવું છે કે જાગૃકતા વધારવાથી જ કૅન્સરને અટકાવવામાં, સમયસર એનું નિદાન થવાથી અને સારવારની શક્યતાઓથી બીમારીમાં સુધાર થઈ શકે છે. આ જ કારણ છે કે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને નિમ્ન અને મધ્યમ આવકવાળા દેશોમાં કૅન્સર પ્રત્યે સજાગતા વધારવાની ભલામણ કરી છે. કૅન્સરની જો શરૂઆતમાં જ ઓળખ થઈ જાય અને સમયસર સારવાર શરૂ કરવામાં આવે તો વ્યક્તિનું આયુષ્ય વધારી શકાય છે. એથી એને લઈને સજાગતાથી યોગ્ય ઉપચારના પર્યાયો અને બીમારી સાથે સંકળાયેલી ખોટી ધારણાંઓને સરળતાથી દૂર કરી શકાય છે.

**કેવી રીતે સજાગ રહેવુંઃ** સમયાંતરે નિયમિત આરોગ્યની તપાસ કરવી જોઈએ. બ્લડ ટેસ્ટ, સ્ક્રિનિંગ અને અન્ય સ્કૅન દ્વારા શરૂઆતમાં જ કૅન્સરનાં લક્ષણો ઓળખવામાં મદદ મળે છે. સાથે જ શારીરિક ફેરફારમાં પણ ધ્યાન રાખવું જોઈએ કે શરીરમાં ક્યાંય ગાંઠ તો નથી બની રહી. રક્ત-સ્રાવ તો નથી થઈ રહ્યો, વજનમાં વધારો કે પછી ઘટાડો તો નથી થઈ રહ્યો. લાંબા ગાળા સુધી જો ખાંસી ઠીક ન થાય તો એ પણ કૅન્સરની નિશાની છે. આ બધી બાબતો પર ધ્યાન આપવાની સાથે જ ડૉક્ટરની સલાહ પણ લેવી અગત્યની છે. આ ઉપરાંત જીવનશૈલીમાં પણ સુધાર લાવવો જોઈએ. જંકફૂડથી બચવું, સ્વસ્થ આહાર લેવો, નિયમિત કસરત કરવી. ધૂમ્રપાન અને આલ્કોહોલથી દૂર રહેવું. સાથે જ વિવિધ પ્રકારના કૅન્સરની માહિતી રાખવી જોઈએ, જેથી યોગ્ય સમયે સારવાર કરી શકાય.

**ભારતીયોએ વધુ ધ્યાન આપવું જોઈએઃ** આપણે ભારતીયોને કૅન્સર પ્રત્યે વધુ સાવધ રહેવાની જરૂર છે. એનું કારણ એ છે કે આપણી જીવનશૈલીમાં ઝડપથી ફેરફાર થયો છે. જંકફૂડ ખાવાની ટેવ, વધતું પ્રદૂષણ, તંબાકુનું સેવન અને આનુવંશિક લક્ષણો એના માટે કારણભૂત હોઈ શકે છે. આપણા દેશમાં તંબાકુના વધુ પડતા સેવનને કારણે મોં અને ફેફસાનું કૅન્સર થાય છે અને વર્તમાનમાં એમાં ઘણો વધારો થયો છે. સાથે જ બ્રેસ્ટ કૅન્સર, કોલોરેક્ટલ કૅન્સર અને સર્વાઇકલ કૅન્સરની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. એનાથી ખ્યાલ આવે છે કે આપણે વધુ સતર્ક રહેવાની જરૂર છે. કૅન્સર માટે લોકોમાં જાગૃકતા ફેલાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને કૅન્સરને લઈને લોકોમાં ફેલાયેલા ભ્રમને દૂર કરવામાં આવે છે. આવી રીતે કૅન્સર માટે સજાગતા લાવવી જ જરૂરી છે.

**જાગૃકતાથી શું લાભ થશે?ઃ** જો એવું પૂછવામાં આવે કે આવા અભિયાનથી શું લાભ થવાનો છે? તો એનો જવાબ એ છે કે એનાથી લોકો વધુ ને વધુ સજાગ બનશે. આવા કાર્યક્રમોથી જ લોકોને એ વિશેની વધુ માહિતીઓ છે. એથી લોકો નિયમિત આરોગ્યની તપાસ કરાવતા થયા છે અને શરૂઆતનાં લક્ષણો પર ધ્યાન આપે છે. એનું પરિણામ એ છે કે અસરકારક ઢબે સારવાર શક્ય બની છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનું માનવું છે કે કૅન્સરને અટકાવવામાં અને સારવારમાં જાગૃકતાએ અગત્યનું યોગદાન આપ્યું છે. ■

### બીમારી કે નારાજગી?

# શિંદેએ દિલ્હી જવાનું ટાળ્યું, અજિત પવાર પહોંચી ગયા


વિધાનસભ્યોને પણ મળવાનો ઈનકાર, થાણેના ઘરમાં આરામ ફરમાવી રહ્યા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના રખેવાળ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની તબિયતમાં હજુ સુધારો ન થતાં ડૉક્ટરોએ તેમને સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપી છે. તેથી તેઓ થાણેમાં શુભદીપ બંગલોમાં આરામ કરી રહ્યા છે. તાવ અને ગળામાં ઈન્ફેક્શનના કારણે ડૉક્ટરે તેમને આરામ કરવાની સલાહ આપી છે. જેથી તેમની સાથે ચર્ચા કરવા આવેલા વિધાનસભ્યોએ ડેલે હાથ લગાવીને પાછા જવું પડ્યું હતું. આ દરમિયાન બીમારીને કારણે શિંદેએ દિલ્હી જવાનું ટાળ્યું હતું, પરંતુ અજિત પવાર રવાના થઇ ગયા હતા. આ પાછળ શિંદેની નારાજગી છે કે ખરેખર બીમારીને કારણે તેઓ દિલ્હી નથી ગયા એ વિશે અટકળોનું બજાર ગરમ છે.

છેલ્લા બે દિવસથી તેઓ પોતાના ગામ ડેરેમાં આરામ કરી રહ્યા હતા અને રવિવારે સાંજે ફરીથી થાણેમાં તેમના નિવાસસ્થાનમાં આવ્યા છે. હાલ રાજ્યમાં મહાયુતિની સરકાર આવ્યા બાદ મુખ્ય પ્રધાનપદની સાથે અન્ય પદો માટે પણ સંઘર્ષ શરૂ થયો છે. શિંદે સેના દ્વારા ગૃહ પ્રધાનપદ મેળવવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. પરંતુ હવે શિંદે બીમાર પડતાં તેમના વિધાનસભ્યો સાથેની ચર્ચાઓ પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે.

તેમના ડૉક્ટર દ્વારા સોમવારે બ્લડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તેમના સંબંધીઓએ જણાવ્યું કે તેમને ગળામાં

(જુઓ પાનું ૪) ▶▶

## શિંદે માટે આ ત્રણ શક્યતાઓ

મુંબઇઃ મહારાષ્ટ્રની નવી સરકારના શપથગ્રહણની તારીખ નક્કી થઈ ગઈ છે, ત્યારે એકનાથ શિંદે નવી સરકારમાં શું ભૂમિકા ભજવશે તે ન તો શિવસેના ખુલીને કહી રહી છે કે ન ભાજપ. શિંદેને લઈને મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં તેઓ આગળ શું કરશે તે વિશે ઓછામાં ઓછી ત્રણ ચર્ચાઓ ચાલી રહી છે.

મહારાષ્ટ્રના કાર્યવાહક મુખ્ય પ્રધાન

(જુઓ પાનું ૪) ▶▶

### ચાણક્ય ચાલ ખેલી જશે

# સીએમની અનિશ્ચિતતાનો લાભ શરદ પવાર લઈ રહ્યા છે?

### શિંદેને મળવા આવ્હાડ, ફડણવીસને મળવા સાંસદ મોકલ્યા



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના નવા મુખ્ય પ્રધાન કોણ હશે અને નવા ગૃહ પ્રધાન કોણ બનશે તેના પર મહાયુતિમાં ગજગ્રાહ ચાલી રહ્યો છે ત્યારે બીજી તરફ શરદ પવારની રાજકીય હિલચાલે બધાને ચોંકાવી નાખ્યા છે. જ્યારે શિંદેએ બે દિવસ પહેલા તમામ બેઠકો રદ કરીને ગામમાં જવાનો નિર્ણય કર્યો ત્યારે શરદ પવારે તેમના વિશ્વાસુ વિધાનસભ્ય જીતેન્દ્ર આવ્હાડને શિંદેને મળવા મોકલ્યા હતા. હવે ફરી જ્યારે શિંદેએ બધી જ બેઠકો રદ કરી છે, ત્યારે

(જુઓ પાનું ૪) ▶▶

# એટીએમનો પાસવર્ડ જન્મતારીખ રાખનારા ચેતજો!

### પોલીસે એવો શાતિર ચોર પકડ્યો છે, જે ચોરેલાં એટીએમ કાર્ડ પરના નામને આધારે સોશિયલ મીડિયા પરથી જન્મતારીખ શોધી બૅન્ક ખાતામાંથી રૂપિયા કઢાવતો હતો

યોગેશ સી. પટેલ

મુંબઈઃ એટીએમ કાર્ડના પાસવર્ડ તરીકે પોતાની જન્મતારીખ રાખનારાઓએ ખાસ ચેતી જવા જેવું છે, કારણ કે પોલીસે એવા શાતિર ચોરને પકડી પાડ્યો છે, જે ચોરેલાં કાર્ડ પરના નામને આધારે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પરથી જન્મતારીખ મેળવતો હતો અને પછી એટીએમમાંથી રૂપિયા કઢાવવાનો પ્રયાસ કરતો હતો. આ પદ્ધતિથી ત્રણ બૅન્ક ખાતાંમાંથી રૂપિયા કઢાવવામાં આરોપીને સફળતા પણ મળી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

અંધેરી પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ વિનોદ દેવનલાલ પટલે (૩૩) તરીકે થઈ હતી. થાણેના માનપાડા પરિસરમાં મ્હાડા કૉલોનીમાં રહેતા પટલે પાસેથી ચોરેલાં ૧૪૯ એટીએમ કાર્ડ મળી આવ્યાં હતાં.

(જુઓ પાનું ૪) ▶▶

## હું નથી બનવાનો ડે. સીએમઃ શ્રીકાંત

### રાજકીય અટકળો પર પૂર્ણવિરામ મૂકી દીધું



મુંબઈઃ મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકારમાં મુખ્ય પ્રધાન પદ માટે દેવેન્દ્ર ફડણવીસ લગભગ નક્કી છે અને નાયબ મુખ્ય પ્રધાન પદ માટે શ્રીકાંત શિંદેના નામની ચર્ચા ચાલી રહી છે. હવે શ્રીકાંત શિંદેએ તેમના એક્સ એકાઉન્ટ પર પોસ્ટ કરીને આ તમામ ઘટનાક્રમ પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે એકનાથ શિંદે ખરાબ તબિયતને કારણે બે દિવસ તેમના ગામ આરામ કરવા ગયા હતા ત્યારે નાયબ મુખ્યપ્રધાન પદ માટે તેમના નામની ચર્ચા થઈ રહી હોવાના તમામ અહેવાલો પાયાવિહોણા છે. તેમણે વધુમાં કહ્યું કે,લોકસભાની ચૂંટણી બાદ પણ મને કેન્દ્ર સરકારમાં પ્રધાન પદની તક મળી હતી. જોકે, પાર્ટી સંગઠન માટે કામ કરવાનું વિચારીને મેં ત્યારે પણ પ્રધાન પદનો ઇનકાર કર્યો હતો. મને સત્તામાં પદની કોઈ લાલસા નથી. અમે મીડિયાની ઉત્તેજના અને સ્પર્ધાને સમજી શકીએ છીએ. પરંતુ હું તેમને વિનંતી કરું છું કે સમાચાર આપતી વખતે

(જુઓ પાનું ૪) ▶▶

# નવી સરકારનો ભવ્ય શપથગ્રહણ સમારોહ

### લાડકી બહેનો માટે રેડ કાર્પેટ, ૨૨ રાજ્યોના મુખ્ય પ્રધાન આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિને સ્પષ્ટ બહુમતી મળી છે. નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ પાંચ ડિસેમ્બરે યોજાશે. આ શપથ ગ્રહણ સમારોહની જોરદાર તૈયારીઓ આઝાદ મેદાનમાં ચાલી રહી છે. આ શપથ સમારોહ માટે લાડકી બહેનોને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું છે.



આઝાદ મેદાનમાં યોજાનારા કાર્યક્રમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી હાજર રહેશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ અને અન્ય કેન્દ્રીય પ્રધાનો પણ હાજરી આપશે. આ શપથ ગ્રહણ સમારોહમાં ૨૨ રાજ્યોના મુખ્યપ્રધાનો પણ મુંબઈ આવશે. આ પ્રસંગ માટે લાડકી બહેનોને રેડ કાર્પેટ આપવામાં આવી છે. શપથ ગ્રહણ સમારોહમાં ૪૦ હજાર લોકો હાજર રહેવાની શક્યતા છે.

## ભાજપ દ્વારા નિરીક્ષણ, શિવસેનામાં નારાજગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સરકારની સ્થાપનાની તૈયારીઓ ચાલી રહી છે અને શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. આ તૈયારીની સમીક્ષા કરવા માટે ભાજપના અનેક નેતાઓ સોમવારે આઝાદ મેદાનમાં આવ્યા હતા. આ સમારોહ પાંચ ડિસેમ્બરે સાંજે પાંચ વાગ્યે આઝાદ મેદાન ખાતે યોજાશે. દરમિયાન શિવસેના (એકનાથ શિંદે)ના વિધાનસભ્ય દીપક કેસરકરે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું હતું કે, જો અમને આ તૈયારીઓ જોવા બોલાવવામાં આવ્યા

(જુઓ પાનું ૪) ▶▶

# રિપોર્ટ કાર્ડના આધારે નક્કી થશે પ્રધાનપદની ફાળવણી

### અમિત શાહે મૂકી અમુક શરતો-માપદંડ



મુંબઈઃ મહારાષ્ટ્રમાં મુખ્ય પ્રધાન તરીકે દેવેન્દ્ર ફડણવીસના નામ પર ચર્ચા ચાલી રહી છે, પરંતુ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના કેન્દ્રીય નેતૃત્વએ પ્રધાન પદ આપતી વખતે શું માપદંડ હોવા જોઈએ તે અંગે શરતો જાહેર કરી છે. આ શરતોને પૂર્ણ કરનારને યોગ્યતાના આધારે પ્રધાન પદ આપવામાં આવશે. તે માટે કેન્દ્રીય ગૃહ પ્રધાને અમિત શાહે કેબિનેટમાં સામેલ થવા માગતા વિધાનસભ્યોના રિપોર્ટ કાર્ડ માગ્યાં છે.

શરતો મુજબ જો કેબિનેટમાં પૂર્વ મંત્રી છે, તો મહાયુતિ સરકાર દરમિયાન સંબંધિત પ્રધાને મંત્રાલયમાં કેવી રીતે કામ કર્યું ? સંબંધિત વ્યક્તિએ મંત્રાલયમાં કામ કરવા માટે કેટલો સમય ફાળવ્યો હતો.

(જુઓ પાનું ૪) ▶▶

## થાણેમાં રવિવાર સુધી 30 ટકા પાણીકાપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાતસા નદીના તટ પર પિસેમાં આવેલા ન્યૂમૅટિક ગેટ સિસ્ટમમાં શનિવાર, ૨૯ નવેમ્બરના ખામી સર્જાતા તેની અસર મુંબઈના પાણીપુરવઠાની સાથે જ થાણે શહેરને પણ થઈ છે. મુંબઈ મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે તેનું સમારકામ હાથ ધરવામાં આવવાનું પાંચ દિવસ સુધી મુંબઈની સાથે જ થાણેમાં પણ પાણીકાપ રહેવાનો છે. થાણે પાલિકાના જણાવ્યા મુજબ પિસેમાં ન્યૂમૅટિક ગેટ સિસ્ટમમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. તાત્કાલિક તેનું સમારકામ ચાલુ કરી દેવામાં આવ્યું હતું. પરંતુ સમારકામને કારણે નદીના પટમાં પાણીનું સ્તર ઓછું થવાથી થાણે પાલિકાને પાણી ઊંચકવાનું મુશ્કેલ થઈ રહ્યું છે. તેથી આગામી પાંચ દિવસ

(જુઓ પાનું ૪) ▶▶






**સલામ**: હાલમાં ચાલી રહેલા 'નેવી વીક' નિમિત્તે ભારતીય નૌકાદળના જવાનો દ્વારા અદ્દભુત કરતબો દેખાડવામાં આવી રહ્યા છે, જ્યારે ગેટવે ઑફ ઈન્ડિયાની ઈમારતને ત્રિરંગાના રંગથી શણગારવામાં આવી હતી. (જયપ્રકાશ કેળકર)

# લાડકી બહેનોને ૨૧૦૦ રૂપિયા ૧૦ મહિના બાદ મળશે?

### ભાઉબીજથી રકમમાં વધારો કરવાની શકયતા

મુંબઈઃ ચૂંટણી પહેલા મહાયુતિએ રાજ્યની મહિલાઓને વચન આપ્યું હતું કે જો તેને રાજ્યમાં ફરીથી સત્તામાં આવશે તો તેઓ લાડકી બહિણ યોજના હેઠળ મહિલાઓને દર મહિને ૨૧૦૦ રૂપિયા આપશે. રાજ્યમાં હવે મહાયુતિ સત્તામાં આવી ગઈ હોવાથી આ યોજનાની પાત્રતા ધરાવતી મહિલાઓ તેમના બેંક ખાતામાં ૨,૧૦૦ રૂપિયા ક્યારે આવશે એની રાહ જોઈ રહી છે.

આ દરમિયાન લાગે છે કે મહિલાઓને ૨૧૦૦ રૂપિયા મળવામાં સાતથી ૧૦ મહિનાનો સમય લાગી શકે છે. રાજ્ય સરકારે જાહેરાત કરી હતી કે લાડકી બહિણ યોજનાનો આગામી હપ્તો નવેમ્બર મહિનામાં ચૂકવવામાં આવશે. જો કે નવેમ્બરના અંત પછી પણ મહિલાઓને આ યોજનાનો હપ્તો નથી મળ્યો. મહારાષ્ટ્ર ભાજપના વરિષ્ઠ નેતા અને મહાયુતિનાં ઘોષણાપત્ર સમિતિના અધ્યક્ષ સુધીર મુનગંટીવારે આ યોજના સંદર્ભે આપેલા નિવેદન અનુસાર યોજના હેઠળ મહિલાઓને ૨,૧૦૦ રૂપિયા મેળવવામાં વિલંબ થઈ શકે છે. મુનગંટીવારે તાજેતરમાં એક અંગ્રેજી અખબારને આપેલા ઈન્ટરવ્યૂમાં લાડકી બહિણ યોજના, આ

(જુઓ પાનું ૪) ▶▶

# રાજકારણીઓ અસંતોષી જીવ હોય છેઃ ગડકરી



નાગપુરઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ કહ્યું છે કે રાજકારણ 'અસંતુષ્ટ આત્માઓનો સાગર' છે, જ્યાં દરેક વ્યક્તિ દુઃખી હોય છે અને પોતાની વર્તમાન સ્થિતિ કરતાં ઊંચા હોદ્દા માટે ઇચ્છુક હોય છે. રવિવારે નાગપુરમાં '૫૦ ગોલ્ડન રુલ્સ ઓફ લાઇફ' નામના પુસ્તકના લોકાર્પણ પ્રસંગે બોલતા ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે જીવન સમાધાન, મજબૂરીઓ, મર્યાદાઓ અને વિરોધાભાસોનો ખેલ છે.

વ્યક્તિ પારિવારિક, સામાજિક, રાજકીય કે કોર્પોરેટ જીવનમાં હોય, જીવન પડકારો અને સમસ્યાઓથી ભરેલું હોય છે અને તેનો સામનો કરવા માટે વ્યક્તિએ 'જીવન જીવવાની કળા' સમજવી જોઈએ, એમ ભાજપના વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું.

પ્રધાને રાજસ્થાનમાં યોજાયેલા એક કાર્યક્રમને યાદ કર્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે 'રાજકારણ એ અસંતુષ્ટ લોકોનો મહેરામણ હોય છે, જ્યાં દરેક વ્યક્તિ ઉદાસ હોય છે... જે નગરસેવક બને છે તે દુઃખી છે કારણ કે તેને વિધાનસભ્ય બનવાની તક મળી નથી, અને વિધાનસભ્ય દુઃખી છે કારણ કે તેને મંત્રીપદ મળી શક્યું નથી. મંત્રી બન્યા પછી સારું ખાતું નહીં મળવાથી અને મુખ્ય પ્રધાન નહીં બની શકવાથી દુઃખી છે અને મુખ્યમંત્રી ટેન્શનમાં છે કારણ કે તેમને ખબર નથી કે હાઈકમાન્ડ તેમને ક્યારે દરવાજો દેખાડી દેશે.' (પીટીઆઈ)■

# હર્ષિત રાણાએ બુમરાહની ખોટ ન વર્તાવા દીધી, ઑસ્ટ્રેલિયાનું ટેન્શન વધારી દીધું

## બાવીસ વર્ષીય ફાસ્ટ બોલરે પ્રેક્ટિસ-મેચમાં છ બોલમાં લીધી ચાર વિકેટ

ઍડિલેઇડ: ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે શુક્રવાર, છઠ્ઠી ડિસેમ્બરથી ઍડિલેઇડમાં રમાનારી બીજી ટેસ્ટ મેચ (ડે/નાઈટ) પિન્ક બોલથી રમાવાની છે, પરંતુ નવા ફાસ્ટ બોલર હર્ષિત રાણાએ રવિવારે કેનબેરાની ડે/નાઈટ પ્રેક્ટિસ વન-ડે મેચમાં પિન્ક બોલથી જે આતંક ફેલાવ્યો એને ભારત સામે રમનારી ઑસ્ટ્રેલિયાની ટેસ્ટ ટીમ જરૂર ધ્યાનમાં રાખશે. હર્ષિત એ દિવસે તેના શ્રેષ્ઠ પર્ફોર્મન્સની ચરમસીમાએ હતો. તેણે એક તબક્કે છ બોલમાં ચાર વિકેટ લીધી હતી.

પર્થની પ્રથમ ટેસ્ટના વિનિંગ કેપ્ટન જસપ્રીત બુમરાહે આ મેચમાં બોલિંગ નહોતી કરી અને આરામ કર્યો હતો, પરંતુ હર્ષિતે (૬-૦-૪૪-૪) તેની ખોટ જરાય નહોતી વર્તાવા દીધી.

ભારત પાંચ મેચની બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં ૧-૦થી આગળ છે. ભારત ટેસ્ટના વર્લ્ડ કપ માટેની ફાઇનલની રેસમાં હજી પણ એકદમ આગળ છે.

બાવીસ વર્ષનો હર્ષિત આઈપીએલમાં કોલકાતા નાઈટ રાઇડર્સ વતી રમે છે. આ ટીમે તેને ચાર કરોડ રૂપિયામાં રીટેન કર્યો છે. હર્ષિત પર્થની પ્રથમ ટેસ્ટ રમ્યો હતો, પરંતુ



તેની આ પહેલી જ આંતરરાષ્ટ્રીય શ્રેણી છે એટલે ઑસ્ટ્રેલિયન બેટર્સ હજી તેની ઘાતક બોલિંગથી પૂરેપૂરા વાકેફ નથી.

રવિવારે તે પ્રાઈમ મિનિસ્ટર્સ ઇલેવન સામેની મેચમાં એક તબક્કે બેટર્સ પર વરસી પડ્યો હતો. કેપ્ટન રોહિતે તેને ૧૫મી ઓવરમાં મોરચા પર બોલાવ્યો હતો. શરૂઆતની તેની ઓવરમાં થોડા રન બન્યા હતા, પણ હરીફ ટીમ માટે તેની ૨૩મી અને ૨૫મી ઓવર ઘાતક બની હતી.

૨૩મી ઓવરની શરૂઆતમાં પીએમ ઇલેવનનો સ્કોર ૧૩૧/૨ હતો, પણ હર્ષિતે એ ઓવરના ચોથા બોલમાં જેક ક્લેટન (૪૦ રન)ને અને છઠ્ઠા બોલમાં ઑલિવર ડેવિસને ક્લીન બોલ્ડ કરીને હરીફ ટીમને પોતાની તાકાતનો પરચો કરાવી દીધો હતો.

ત્યાર બાદ હર્ષિતે પચીસમી ઓવરના પહેલા બોલમાં જેક એડવર્ડ્સ (૧)ને અને ત્રીજા બોલમાં સેમ હાર્પર (૦)ને લોન્ગ લેગ પર પ્રસિદ્ધ ક્રિષ્નાના હાથમાં કેચઆઉટ કરાવ્યો હતો. હર્ષિતે બન્ને બેટરને મિડલ અને ઑફ સ્ટમ્પ પર એકસરખો શોર્ટ બોલ ફેંકીને જાળમાં ફસાવ્યા હતા. તેણે જોત જોતામાં (છ બોલમાં) ચાર વિકેટ લઈને યજમાન ટીમના સ્કોરને ૧૩૧/૨માંથી ૧૩૩/૬માં ફેરવી નાખ્યો હતો.

ભારતે આ મેચમાં ૨૪૧ રનનો ટાર્ગેટ ચાર વિકેટના ભોગે મેળવી લીધો હતો.

હર્ષિત આ મહિનાની બાવીસમી તારીખે જિંદગીના ૨૩ વર્ષ પૂરાં કરશે. તેણે પર્થની પહેલી ટેસ્ટમાં કુલ ચાર વિકેટ લઈને સફળ ઇન્ટરનેશનલ ડેબ્યૂ કર્યું હતું. ■

# 'આઈપીએલ ૨૦૨૫ માટે મેગા ઓક્શનમાં અમે યોગ્ય ટીમ કોમ્બિનેશન શોધવામાં સફળ રહ્યા': હાર્દિક પંડ્યા

મુંબઈ: મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ જેદ્દાહમાં મેગા ઈન્ડિયન પ્રીમિયર લીગની હરાજીમાં તેમના માટે જે કામ થયું છે તેના પર ખુશી વ્યક્ત કરી અને કહ્યું કે ફ્રેન્ચાઈઝીને ખેલાડીઓનું 'યોગ્ય કોમ્બિનેશન' મળ્યું છે. સ્ટાર ઓલરાઉન્ડર પંડ્યાએ કહ્યું કે યુવા અને અનુભવી ખેલાડીઓનું મિશ્રણ રાખવાની તેમની સ્પષ્ટ યોજના છે.

પંડ્યાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા મુંબઇ ઇન્ડિયન્સના વીડિયોમાં કહ્યું હતું કે હું ટેબલ (હરાજી બોલનારા લોકો)ના સંપર્કમાં હતો કે અમે કોના માટે બોલી બગાવવા જઇ રહ્યા છે અને મને લાગે છે કે અમે હરાજીમાં ખૂબ સારુ કર્યું અને ટીમ સારી દેખાઇ રહી છે. તેણે કહ્યું હતું કે અમે યોગ્ય કોમ્બિનેશન શોધી લીધું છે. અમારી પાસે બોલ્ટી (ટ્રેન્ટ બોલ્ટ) પાછો ફર્યો છે, દીપક ચહર પણ છે અને સાથે બિલ જેક્સ, રોબિન મિન્ઝ અને રિકલ્ટન જેવા યુવા ખેલાડીઓ છે. પંડ્યાએ કહ્યું, "તેથી મને લાગે છે કે અમે ખૂબ સારું કર્યું. અમે તમામ વિભાગો પર ધ્યાન આપ્યું છે.

પંડ્યાએ સ્વીકાર્યું કે સમગ્ર હરાજી પ્રક્રિયા રોમાંચક હતી, પરંતુ લાગણીઓને અંકુશમાં રાખવી મહત્ત્વપૂર્ણ છે, ખાસ કરીને તે ખાસ ખેલાડી માટે જતા સમયે જેની ટીમને સખત જરૂર છે. હરાજીની ગતિશીલતા હંમેશાં મુશ્કેલ હોય છે. જ્યારે તમે તેને લાઇવ જોતા હોવ ત્યારે તે ખૂબ જ રોમાંચક હોય છે અને લાગણીઓ હંમેશાં ઉપર અને નીચે થતી રહે છે કારણ કે તમે કોઇ ખેલાડીને પોતાની ટીમમાં સામેલ કરવા માંગો છો.

મુંબઈની ટીમે અનેક અનકેપ્ડ (જેમણે આંતરરાષ્ટ્રીય મેચ રમી નથી) યુવા ખેલાડીઓને ખરીદ્યા જેમાં નમન ધીર, રોબિન મિન્ઝ, વિગ્નેશ પુથુર, અર્જુન તેંડુલકર, બેવન જ્હોન જેકબ્સ, વેંકટ સત્યનારાયણ પેનમેત્સા, રાજ અંગદ બાવા, શ્રીજીત કૃષ્ણન અને અશ્વિની કુમાર સામેલ છે. આ યુવાનોનો ઉલ્લેખ કરતાં પંડ્યાએ તેમને સખત મહેનત કરવા વિનંતી કરી અને કહ્યું કે મુંબઈ ઈન્ડિયન્સ પાસે તેમને ટોચના ક્રિકેટર બનાવવામાં મદદ કરવા માટે સર્વશ્રેષ્ઠ સુવિધાઓ છે. ■



# ટ્રેવિસ હેડે ભારતના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહની ભરપૂર પ્રશંસા કરી

એડિલેડ: ઓસ્ટ્રેલિયન બેટ્સમેન ટ્રેવિસ હેડને લાગે છે કે ભારતીય ઝડપી બોલર જસપ્રીત બુમરાહ મહાન ઝડપી બોલરોમાંના એક તરીકે ઓળખાશે અને કહ્યું કે તે ગર્વથી પોતાના પૌત્ર-પૌત્રીઓને ભારતીય ઝડપી બોલરનો સામનો કરવાના મુશ્કેલ પડકાર અંગે જણાવશે.

પર્થમાં રમાયેલી બોર્ડર ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટ મેચમાં બુમરાહે શાનદાર પ્રદર્શન કર્યું હતું, જેના કારણે ભારત આ મેચ ૨૯૫ રનથી જીતવામાં સફળ રહ્યું હતું. હેડે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે, જસપ્રીત કદાચ સૌથી મહાન ઝડપી બોલરોમાંના એક તરીકે ઓળખાશે. અમે હાલમાં શોધી રહ્યા છીએ કે તે અમારા માટે કેટલું પડકારજનક હોઈ શકે છે. તેમની સામે રમવું સારું છે.

તેણે કહ્યું, "જ્યારે હું ભવિષ્યમાં મારી કારકિર્દી પર નજર કરીશ તો ગર્વથી મારા પૌત્ર-પૌત્રીઓને કહીશ કે મેં તેનો સામનો કર્યો છે." તેથી તેની સામે રમવું ખરાબ નથી. આશા છે કે મને ભવિષ્યમાં પણ તેની સામે રમવાની તક મળશે પરંતુ તેનો સામનો કરવો પડકારજનક છે.

હેડ એકમાત્ર ઓસ્ટ્રેલિયાનો બેટ્સમેન હતો જેણે પર્થમાં અડધી સદી ફટકારી હતી.

ટોચના ક્રમના બેટ્સમેન સ્ટીવ સ્મિથ, ઉસ્માન ખ્વાજા અને માર્નસ લાબુશેન રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા, પરંતુ વિસ્ફોટક મધ્યમ ક્રમના બેટ્સમેનને ખાતરી છે કે તેના સાથી ખેલાડીઓ ટિપ્સ માટે તેનો સંપર્ક કરશે નહીં.

તેણે કહ્યું, તે નિશ્ચિત છે કે તેઓ મારી પાસેથી બેટિંગ ટિપ્સ નહીં લે. દરેક ખેલાડીની રમવાની પોતાની રીત હોય છે.

હેડે એમ પણ કહ્યું કે ઓસ્ટ્રેલિયાના બોલરો અને બેટ્સમેનો વચ્ચે કોઈ મતભેદ નથી. પ્રથમ ટેસ્ટ દરમિયાન જોશ હેઝલવુડની ટિપ્પણી બાદ ટીમમાં સંભવિત મતભેદોની આશંકા વ્યક્ત થવા લાગી હતી. ■





# જુનિયર એશિયા કપમાં ભારતે જાપાનને ૨૧૧ રનથી કચડ્યું

## કૅપ્ટન મોહમ્મદ અમાનના અણનમ ૧૨૨, મુંબઈનો મ્હાત્રે પણ ઝળક્યો

શારજાહ: અન્ડર-૧૯ એશિયા કપ વન-ડે સ્પર્ધામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે અહીં યુએઈમાં પાકિસ્તાન સામેની પ્રથમ મૅચના પરાજય સાથે આરંભ કર્યા બાદ સોમવારે જાપાનને ૨૧૧ રનના તોતિંગ માર્જિનથી હરાવીને જીતવાની શરૂઆત કરી દીધી હતી.

જાપાનની ટીમે ૩૪૦ રનના મહાકાય લક્ષ્યાંક સામે ૫૦ ઓવર સુધી ભારતીય બોલર્સનો સામનો કર્યો હતો, પરંતુ આઠ વિકેટે તેમના માત્ર ૧૨૮ રન બની શક્યા હતા.

ભારતનો કૅપ્ટન મોહમ્મદ અમાન (૧૨૨ અણનમ, ૧૧૮ બોલ, સાત ફોર) આ જીતનો સુપરસ્ટાર હતો. ત્રણ બોલર (ચેતન શર્મા, હાર્દિક રાજ, કેપી કાર્તિકેય)નાં પણ વિજયમાં મહત્ત્વનાં યોગદાન હતાં. ત્રણેએ બે-બે વિકેટ લીધી હતી. એક વિકેટ યુધજિત ગુહાએ મેળવી હતી.

જાપાનના ઓપનર હ્યુગો કેલીના ૫૦ રન ટીમમાં હાઈએસ્ટ હતા જે તેણે ૧૧૧ બોલમાં બનાવ્યા હતા.

ચાર્લ્સ હિન્ઝ ૬૮ બોલમાં ૩૫ રન બનાવીને અણનમ રહ્યો હતો.

એ પહેલાં, ભારતની અન્ડર-૧૯ ટીમે બેટિંગ મળ્યા પછી ૫૦ ઓવરમાં છ વિકેટે ૩૩૯ રન બનાવ્યા હતા.

મુંબઈનો આયુષ મ્હાત્રે (૫૪ રન, ૨૯ બોલ, ચાર સિક્સર, છ ફોર) ૧૮૬.૨૦ના સ્ટ્રાઇક-રેટ સાથે આક્રમક ઇનિંગ્સ રમ્યો હતો. જોકે, સાથી ઓપનર અને આઈપીએલમાં રાજસ્થાને ૧.૧૦ કરોડ રૂપિયામાં ખરીદેલો ૧૩ વર્ષનો વૈભવ સૂર્યવંશી (૨૩ રન, ૨૩ બોલ, એક સિક્સર, એક ફોર) મોટી ઇનિંગ્સ રમવામાં ફરી નિષ્ફળ ગયો હતો. પાકિસ્તાન સામે તે એક જ રનમાં આઉટ થયો હતો.

જાપાન સામે કાર્તિકેયનું બેટિંગમાં પણ યોગદાન હતું. તેણે ૪૯ બોલમાં ૫૭ રન બનાવ્યા હતા. ■

# ડે- નાઈટ ટેસ્ટ અનિશ્ચિત હોઇ શકે છે, સંપૂર્ણ રીતે તૈયાર રહેવું પડશે: સ્ટીવ સ્મિથ



એડિલેડ: ભારતીય ટીમે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની શરૂઆતની મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, પરંતુ ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ખેલાડી સ્ટીવ સ્મિથે બીજી ડે-નાઈટ ટેસ્ટ મેચને અણધારી ગણાવી હતી અને કહ્યું હતું કે તેમનું ધ્યાન પિંક બોલ ટેસ્ટમાં આવનારા પડકારોનો સામનો કરવા પર છે. પાંચ મેચોની શ્રેણીમાં પ્રથમ ટેસ્ટમાં ભારે અંતરથી હાર્યા બાદ ઓસ્ટ્રેલિયા દબાણમાં છે. શ્રેણીની બીજી ટેસ્ટ શુક્રવારથી અહીં રમાશે. સ્ટાર સ્પોર્ટ્સ દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયોમાં સ્મિથે કહ્યું હતું કે, પિંક બોલથી ડે અને નાઇટના અલગ અલગ સમય પર પડકાર મળી શકે છે. એ વાત પર નિર્ભર કરે છે તો તમે ક્યાં બેટિંગ કરી રહ્યા છો. તે સમયની પરિસ્થિતિઓ અને બોલની સ્થિતિ સાથે અન્ય ચીજો કેવી છે.

તેણે કહ્યું, "હું આવી સ્થિતિમાં સંપૂર્ણ રીતે તૈયાર રહેવા માગું છું." પિંક બોલ ક્યારેક અણધારી વસ્તુઓ કરે છે. આવી સ્થિતિમાં વ્યક્તિએ સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે પણ પિંક બોલથી ટેસ્ટ રમવાના પડકારો વિશે વાત કરી હતી, પરંતુ તે માને છે કે રમતના મૂળભૂત સિદ્ધાંતો સમાન રહેશે.

કમિન્સે કહ્યું, "મને લાગે છે કે તમામ મૂળભૂત બાબતો વાસ્તવમાં સામાન્ય ટેસ્ટ જેવી જ હશે." તમે જાણો છો કે કેટલીકવાર રમત અલગ અલગ ઝડપે આગળ ચાલે છે કારણ કે બોલ જૂનો અને નરમ થતો જાય છે, પરંતુ આ ટેસ્ટ ક્રિકેટ છે. ■

# આગામી ઓલિમ્પિકને ધ્યાનમાં રાખી એશિયન ચેમ્પિયન ટ્રોફી જીતવી મહત્ત્વપૂર્ણ: રાની રામપાલ

રોહતક: ભારતીય મહિલા હોકી ટીમના ભૂતપૂર્વ કેપ્ટન રાની રામપાલનું માનવું છે કે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનું ટાઇટલ જીતવું એ ભારતીય મહિલા હોકી ટીમ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે કારણ કે તે લોસ એન્જલસમાં યોજાનારી આગામી ઓલિમ્પિક રમતોની તૈયારીની શરૂઆત છે. ભારતીય મહિલા હોકી ટીમે આખું વર્ષ સંઘર્ષ કર્યો અને પેરિસ ઓલિમ્પિક ગેમ્સ માટે ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહી હતી. જો કે, ભારતીય ટીમ તાજેતરમાં તેનું ત્રીજું એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી ટાઇટલ જીતવામાં સફળ રહી હતી.

રાનીએ પીટીઆઈને કહ્યું હતું કે , એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની જીત ઓલિમ્પિકની તૈયારીની દ્રષ્ટિએ અમારી મહિલા હોકી ટીમ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ સાથે તેણે ૨૦૨૮માં લોસ એન્જલસમાં યોજાનારી ઓલિમ્પિક ગેમ્સની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ એક સારી શરૂઆત છે. કોચ હરેન્દ્ર સિંહના નેતૃત્વમાં ટીમ સારું પ્રદર્શન કરશે.

આ ૨૯ વર્ષીય ખેલાડીએ ગયા મહિને હોકીમાંથી નિવૃત્તિ લીધી હતી. અગાઉ, તેણીને ભારતની સબ-જૂનિયર મહિલા ટીમના કોચ તરીકે નિયુક્ત કરવામાં આવી હતી. રાનીએ કહ્યું હતું કે , તમામ જૂનિયર ખેલાડીઓ સાથે કામ કરવાનો મારો અનુભવ ઘણો




સારો હતો અને મેં તેમાંથી ઘણું શીખ્યું. તે યુવાન છોકરીઓ હતી જેઓ મારી સમાન પૃષ્ઠભૂમિમાંથી આવી હતી. તેમની સમસ્યાઓને સમજવી અને માર્ગદર્શન આપવું સરળ હતું.

કોચ તરીકેના પોતાના અનુભવ વિશે વાત કરતાં તેણીએ કહ્યું, મેં તેમને કહ્યું કે જો હું સફળ થઈ શકું તો તમે પણ સફળ થઈ શકો. તેમને માર્ગદર્શનની જરૂર છે અને મેં મારા અનુભવો તેમની સાથે શેર કરીને તેમને તે માર્ગદર્શન આપવાનો પ્રયાસ કર્યો હતો.

ભૂતપૂર્વ સ્ટ્રાઈકર આગામી હોકી ઈન્ડિયા લીગમાં સુરમા હોકી ક્લબ માટે મેન્ટર તરીકે કામ કરશે. પ્રથમ વખત મહિલા ટૂર્નામેન્ટ પણ યોજાશે. રાનીએ ૨૦૦૮માં ૧૪ વર્ષની ઉંમરે ઓલિમ્પિક ક્વોલિફાયરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. તે જાણે છે કે યુવા ખેલાડી કેવા દબાણનો અનુભવ કરે છે. ■

# 'રોહિતભાઈ ૧૦ સાલ હો ગયે યાર', ભારતીય કૅપ્ટને ફેનના એક દાયકાની પ્રતીક્ષાનો કર્યો અંત



કેનબરા: ભારતીય ટીમના કૅપ્ટન રોહિત શર્મા હાલમાં ઑસ્ટ્રેલિયામાં છે અને પાંચ મૅચની ટેસ્ટ શ્રેણીમાં ભાગ લઈ રહ્યો છે. તે એડિલેડમાં રમાનારી બીજી ટેસ્ટ મેચમાં રમશે. આ પહેલાં રોહિત શર્મા તેના એક ફેન્સની ૧૦ વર્ષની રાહનો અંત લાવ્યો હતો. આ અદ્ભુત ક્ષણનો એક વીડિયો બીસીસીઆઈએ 'એક્સ' પર શેર કર્યો છે. રોહિતનો આ ફેન ઘણા સમયથી હિટમેનને મળવા અને તેનો ઓટોગ્રાફ લેવા માગતો હતો અને આખરે ભારતીય કૅપ્ટને તેનું સપનું પૂરું કર્યું હતું.

રોહિત શર્માનો આ વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે ભારતના કેટલાક ચાહકો રોહિત શર્માનો ઓટોગ્રાફ લેવા માટે પડાપડી કરી રહ્યા છે. રોહિત સ્ટેડિયમની ગેલેરીમાં તેના ફેન્સને મળી રહ્યો છે. તે એક તરફ લોકોને મળી રહ્યો છે અને ઓટોગ્રાફ આપી રહ્યો છે, પણ પછી તેની પાછળથી અવાજ આવે છે, "રોહિતભાઈ પ્લીઝ ૧૦ સાલ હો ગયે યાર." રોહિત ફેન્સની આ વાત આ સાંભળીને હસી પડે છે. તે ફેન્સે 'મુંબઇ કા રાજા'ના નારા પણ લગાવ્યા હતા. ઓટોગ્રાફ આપ્યા પછી બીજી બાજુ જાય છે અને તે ફેન્સની દાયકા લાંબી પ્રતીક્ષાનો અંત લાવે છે. રોહિત ફેન્સના નાના બેટ પર ઓટોગ્રાફ આપે છે.

નોંધનીય છે કે એડિલેડ ટેસ્ટ ડે-નાઇટ મેચ છે અને પિંક બોલથી રમાશે. ઑસ્ટ્રેલિયાના છેલ્લા પ્રવાસ દરમિયાન ભારતે આ મેદાન પર ડે-નાઈટ ટેસ્ટ મૅચ રમી હતી. આ મૅચની પ્રથમ ઈનિંગમાં ટીમ ઈન્ડિયા ૩૬ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી, જે ટેસ્ટમાં એક ઈનિંગમાં તેનો સૌથી ઓછો સ્કોર છે. ■

# વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ: ડ્રોની હેટ્રિક બાદ ડી ગુકેશ અને ડિંગ લિરેનની નજર જીત પર, સાતમા રાઉન્ડમાં ટકરાશે

સિંગાપોર: ભારતીય ગ્રાન્ડમાસ્ટર ડી ગુકેશ અને ડિફેન્ડિંગ ચેમ્પિયન ડિંગ લિરેન મંગળવારે અહીં વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપના સાતમા રાઉન્ડમાં સામસામે ટકરાશે. તેઓનું લક્ષ્ય સતત ત્રણ ગેમ ડ્રો કર્યા બાદ વિજય હાંસલ કરવાનો રહેશે. ઘણા ચેસ એક્સપર્ટની નજરમાં ૧૮ વર્ષીય ગુકેશ ટાઇટલ માટેનો પ્રબળ દાવેદાર છે, તે હજુ સુધી પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી શક્યો નથી અને તેણે હજુ સુધી કોઈપણ પ્રકારનું જોખમ લેવાનું યોગ્ય માન્યું નથી. બંને ખેલાડીઓ હાલમાં ત્રણ પોઈન્ટ સાથે બરાબરી પર છે.

ગુકેશ વ્હાઇટ મોહરા રમવા છતાં પહેલી ગેમ હારી ગયો હતો પરંતુ બીજી ગેમ આ ભારતીય ખેલાડી માટે આત્મવિશ્વાસ વધારનારી હતી કારણ કે ચીનના ખેલાડીએ જીતવા માટે કોઈ પ્રયાસ કર્યો ન હતો અને આસાન ડ્રો થવા દીધો હતો. લિરેનની ભૂલનો ફાયદો ઉઠાવીને ગુકેશે ત્રીજી ગેમ જીતીને સારી વાપસી કરી હતી, પરંતુ આ પછી આગામી ત્રણ ગેમમાં કોઈ પણ ખેલાડીએ જોખમ ઉઠાવવાનું યોગ્ય ન માન્યું અને પોઈન્ટને એકબીજામાં વહેંચી દીધા હતી. આ મેચ ૧૪ રાઉન્ડની છે અને જે પણ ખેલાડી પહેલા ૭.૫ પોઈન્ટ બનાવશે તે વર્લ્ડ ચેમ્પિયન બનશે.

બંને ખેલાડીઓએ અત્યાર સુધી જે પ્રકારની રમત રમી છે તે જોતા કોઈને પ્રબળ દાવેદાર માની શકાય તેમ નથી. તે ચીનના ખેલાડી પર દબાણ બનાવવા માટે આનો ફાયદો ઉઠાવવા માગશે. ગુકેશ હવે પછીની ત્રણમાંથી બે મેચો વ્હાઈટ પીસ સાથે રમશે અને જો તેને વર્લ્ડ ચેમ્પિયન બનવું હશે તો સારી રમત રમવી પડશે. ■





# જીડીપીના ઘટાડાની ચિંતા બાજુએ મૂકીને બ્લુચીપ શૅરોના બળે બેન્ચમાર્કે આગેકૂચ નોંધાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ યુએસ બજારોમાં મજબૂત વલણ સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ફોસિસ અને એચડીએફસી બેંક સહિતના બ્લુ-ચિપ શેરોમાં લેવાલીના ટેકા સાથે બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટી સોમવારે ઊંચા સ્તરે બંધ થયા હતા. આ સત્રમાં જીડીપીમાં નોંધાયેલા ઘટાડા અને આરબીઆઇના વ્યાજદર અંગેના સંભવિત નિર્ણય અંગેની ચિંતાનો બજારે છેદ ઉડાવી દીધો હતો.

પ્રારંભિક ઘટાડો પચાવીને બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૪૪૫.૨૯ પોઈન્ટ અથવા ૦.૫૬ ટકા વધીને ૮૦,૨૪૮.૦૮ પોઈન્ટ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૮૦,૩૩૭.૮૨ પોઈન્ટની ઊંચી સપાટી અને ૭૯,૩૦૮.૯૫ પોઈન્ટની નીચી સપાટીએ અથડાયો હતો. એ જ રીતે, નિફ્ટી ૧૪૪.૯૫ પોઈન્ટ અથવા ૦.૬૦ ટકા વધીને ૨૪,૨૭૬.૦૫ પોઈન્ટ પર પહોંચ્યો હતો.ત્રીસ શેરના સેન્સેક્સ પેકમાંથી અલ્ટ્રાટેક સિમેન્ટ, જેએસડબલ્યુ સ્ટીલ, અદાણી પોર્ટ્સ, ટેક મહિન્દ્રા, ટાઇટન, મારુતિ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટાટા સ્ટીલ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સૌથી વધુ વધનાર શેરોમાં સામેલ હતા, જ્યારે એનટીપીસી, હિન્દુસ્તાન યુનિલિવર, કોટક મહિન્દ્રા બેંક, ઇન્ડસઇન્ડ બેંક અને લાર્સન એન્ડ ટુબ્રો ટોપ લુઝર્સની યાદીમાં હતા.

મિશ્ર સંકેતો છતાં બજારોએ સપ્તાહની શરૂઆત સકારાત્મક નોંધ પર કરી હતી અને અડધા ટકાથી વધુ સુધારો નોંધાવ્યો હતો. નિરાશાજનક જીડીપી ડેટાને કારણે સત્ર નીચી સપાટીએ ખુલ્યું હતું, પરંતુ તમામ ક્ષેત્રોમાં પસંદગીના હેવીવેઇટ શેરોએ વેગ પકડ્યો હોવાથી રિકવરી જોવા મળી હોવાનું બ્રોકિંગ કંપનીના રિસર્ચ એનાલિસ્ટે જણાવ્યું હતું.

મિડકેપમાં ૧.૦૫ ટકા અને સ્મોલકેપમાં ૦.૮૪ ટકાનો ઉછાળો આવ્યો હતો. ક્ષેત્રીય સૂચકાંકોમાં રિયલ્ટી ૩.૧૬ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૨૬ ટકા, કોમોડિટીઝ (૧.૫૯ ટકા), મેટલ (૧.૨૮ ટકા), હેલ્થકેર (૧.૨૧ ટકા), કન્ઝ્યુમર ડિસ્ક્રિશનરી (૧.૧૪ ટકા) અને આઇટી (૧.૦૨ ટકા) ઇન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો. જ્યારે યુટિલિટીઝ અને બેંકેક્સમાં પીછેહઠ હતી.

બીએસઇ પર કુલ ટ્રેડેડ શેરોમાંથી ૨,૫૦૮ જેટલા શેરોમાં સુધારો જોવા મળ્યો હતો, જ્યારે ૧,૫૫૦ ઘટ્યા હતા અને ૧૭૯ મૂળ સ્થાને પાછાં ફર્યા હતા. દરમિયાન, મેક્સ ફાઇનાન્શિયલ અને એક્સિસ બેન્કના જોઇન્ટ વેન્ચર, મેક્સ લાઇફ ઇન્સ્યોરન્સે ભાવિ આર્થિક આર્થિક માટે જીવન વીમાની ભૂમિકા અંગે જાગૃતિ માટે ભરોસે કા ટૂર નામ શહેરભરમાં અભિયાન હાથ ધર્યું હતું. કંપની દેશમાં ૪૬૦ બ્રાન્ચ ધરાવે છે.

એશિયન બજારોમાં સિઓલનો બેન્ચમાર્ક નીચામાં મથાળે સ્થિર થયો હતો, જ્યારે ટોકિયો, શાંઘાઈ અને હોંગકોંગના બેન્ચમાર્ક ઊંચા સ્તરે બંધ થયા હતા. યુરોપિયન બજારો મોટે ભાગે નીચામાં ટ્રેડ થઈ રહ્યા હતા. જ્યારે શુક્રવારે યુએસ બજારો સકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે રૂ. ૪,૩૮૩.૫૫ કરોડના મૂલ્યની ઇક્વિટી ઓફલોડ કરી હતી. ડોમેસ્ટિક ઇન્સ્ટિટ્યુશનલ ઇન્વેસ્ટર્સ (ડીઆઇઆઇ)એ રૂ. ૫,૭૨૩.૩૪ કરોડની ઇક્વિટી ખરીદી હતી. મેન્યુફેક્ચરિંગ અને માઇનિંગ સેક્ટરની નબળી કામગીરી તેમજ નબળા વપરાશને કારણે આ નાણાકીય વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ભારતનો આર્થિક વિકાસ ધીમો પડીને ૫.૪ ટકાની બે વર્ષની નીચી સપાટીએ પહોંચ્યો હતો, પરંતુ દેશ સૌથી ઝડપથી વૃદ્ધિ પામતો મોટો દેશ બની રહ્યો હતો. ભારતનો ઉત્પાદન ક્ષેત્રનો વિકાસ (મેન્યુફેકચરિંગ પીએમઆઇ) નવેમ્બરમાં ઘટીને ૫૬.૫ની ૧૧ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો હતો, જે ફેક્ટરી ઓર્ડરમાં નરમ વધારા વચ્ચે સ્પર્ધાત્મક પરિસ્થિતિઓ અને ફુગાવાના દબાણને કારણે મર્યાદિત હતો. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૮૫ ટકા વધીને ૭૨.૪૫ પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. શુક્રવારે બેન્ચમાર્ક ૭૫૯.૦૫ પોઈન્ટ અથવા



૦.૯૬ ટકા ઉછળીને ૭૯,૮૦૨.૭૯ પર સેટલ થયો હતો. નિફ્ટી ૨૧૬.૯૫ પોઈન્ટ અથવા ૦.૯૧ ટકા વધીને ૨૪,૧૩૧.૧૦ પર પહોંચ્યો હતો. એકંદરે અમેરિકાના જોબ ડેટાથી માંડીને સ્થાનિક ધોરણે રિઝર્વ બેન્કની નીતિ પર નજર સાથે બજાર પોઝિટીવ ટોન જાળવતાં રેન્જબાઉન્ડ રહેવાની ધારણાં છે. જીડીપીના અત્યંત નિરાશાજનક આંકડા અને ઓટો ક્ષેત્રના નિરસ ડેટા સાથે બજાર આજે સપ્તાહની શરૂઆત કરશે. અલબત્ત ક્રૂડ ઓઇલના હાલ સાનુકૂળ રહેલા ભાવ અને યુએસ ડોલર ઇન્ડેક્સ તથા ટ્રેઝરી બિલની યિલ્ડનો ઘટાડો બજારને ટેકો આપશે.

આ અઠવાડિયે, બધાની નજર ચોથીથી છઠ્ઠી ડિસેમ્બરે યોજાનારી વર્તમાન કેલેન્ડર વર્ષની છેલ્લી નાણાકીય નીતિ સમિતિની બેઠક પર હશે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં વૃદ્ધિમાં મંદી હોવા છતાં, મોટા ભાગના નિષ્ણાતો રેપો રેટમાં કોઈ ફેરફારની અપેક્ષા રાખતા નથી, કારણ કે ફુગાવો આરબીઆઈના ચાર ટકાના લક્ષ્યાંક કરતાં ઘણો વધી ગયો છે. તેમના મતે વ્યાજ દરમાં ઘટાડો ફેબ્રુઆરી અથવા એપ્રિલની પોલિસી બેઠકમાં શરૂ થઈ શકે છે. એકંદરે રેટ કટ સાયકલની શરૂઆત માટેની સમયરેખા અને મધ્યસ્થ બેંક દ્વારા વૃદ્ધિની આગાહીના સંદર્ભમાં કોમેન્ટરી જોવાની ચાવી છે.

મધ્ય પૂર્વમાં તણાવ ઘટવાની આશાએ ગયા અઠવાડિયે ભાવમાં તીવ્ર ઘટાડાથી ભારતીય ઇક્વિટી બજારો માટે સહાયક ભૂમિકા ભજવી હોવાથી તેલની કિંમતો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ભારત ચોખ્ખું તેલ આયાતકાર દેશ છે અને તેલના ભાવમાં કોઈપણ ઘટાડો સામાન્ય રીતે આવતા ક્વાર્ટરમાં ભારતીય કોર્પોરેટ્સના ઓપરેટિંગ ડેટાને વેગ આપે છે. એક માર્કેટ એનાલિસ્ટે કહ્યું હતું કે, તાજેતરની રેલી માત્ર બાઉન્સ છે અને તેનાથી વધુ કંઈ નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઘણા નકારાત્મક પરિબળો મુખ્યત્વે એફઆઇઆઇનું વેચાણ હજુ પણ નિયંત્રણમાં નથી. આવી સ્થિતિમાં રોકાણકારોએ બજારમાં પ્રવેશતા પહેલા નિર્ણાયક વલણની રાહ જોવી જોઈએ.

સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૭૯,૮૦૨.૭૯ના બંધથી ૪૪૫.૨૯ પોઈન્ટ્સ (૦.૫૬ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૩.૦૧ લાખ કરોડ વધીને રૂ.૪૪૯.૬૯ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૯,૭૪૩.૮૭ ખૂલીને ઉપરમાં ૮૦,૩૩૭.૮૨ અને નીચામાં ૭૯,૩૦૮.૯૫ સુધી જઈને અંતે ૮૦,૨૪૮.૦૮ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૨૧ સ્ક્રિપ વધી હતી અને ૯ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૨૩૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૫૦૮ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૫૫૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૭૯ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૪૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૭ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૦૫ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૮૪ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૯૦ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૯૪ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ રિયલ્ટી ૩.૧૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૨૬ ટકા, કોમોડિટીઝ ૧.૫૯ ટકા, મેટલ ૧.૨૮ ટકા, હેલ્થકેર ૧.૨૧ ટકા, કંઝ્યુમમર ડિસ્ક્રેશનરી ૧.૧૪ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૧.૦૨ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૮૯ ટકા, સર્વિસીસ ૦.૮૫ ટકા, ટેક ૦.૮૩ ટકા, ઓટો ૦.૭૯ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૭૩ ટકા, એનર્જી ૦.૫૨ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૪૪ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૩૭ ટકા, પાવર ૦.૨૮ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૨૨ ટકા અને ઓઈલ એન્ડ ગેસ ૦.૧૫ ટકા વધ્યા હતા, જ્યારે યુટિલિટીઝ ૦.૪૩ ટકા, એફએમસીજી ૦.૦૭ ટકા અને બેન્કેક્સ ૦.૦૨ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે અલ્ટ્રાટેક સિમેન્ટ ૩.૯૩ ટકા, જેએસડબલ્યુ ૨.૪૭ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૧૮ ટકા, ટેક મહિન્દ્ર ૧.૮૧ ટકા, ટાઈટન ૧.૭૫ ટકા, મારુતિ ૧.૬૦ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૫૯ ટકા, સન ફાર્મા ૧.૪૯ ટકા, તાતા સ્ટીલ ૧.૨૮ ટકા, રિલાયન્સ ૧.૨૮ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૧૮ ટકા અને ઈન્ફોસિસ ટેકનોલોજી ૧.૧૨ ટકા વધ્યા હતા. જ્યારે એનટીપીસી ૧.૫૫ ટકા, કોટક બેન્ક ૦.૭૦ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૬૯ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૬૦ ટકા, પાવર ગ્રીડ ૦.૪૯ ટકા, લાર્સન ૦.૪૭ ટકા, સ્ટેટ બેન્ક ૦.૩૩ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૦૩ ટકા અને તાતા કન્સલ્ટન્સી સર્વિસીસ ૦.૦૧ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૦૯.૯૨ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૯૫૮ સોદામાં ૧,૩૭૦ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૭,૦૬,૦૧૭ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૧૧,૨૩,૫૯૩.૬૫ કરોડનું રહ્યું હતું.

## નવેમ્બર મહિનાનો ઉત્પાદનનો પીએમઆઈ આંક ૧૧ મહિનાના તળિયે

નવી દિલ્હીઃ સ્થાનિક-આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક વલણ અને ફુગાવાલક્ષી દબાણ ઉપરાંત નવાં ફેક્ટરી ઑર્ડરમાં ધીમી ગતિએ વધારો થવાથી ગત નવેમ્બર મહિનાનો ઉત્પાદનનો પીએમઆઈ આંક ઘટીને ૧૧ મહિનાની નીચી ૫૬.૫ની સપાટીએ રહ્યો હોવાનું આજે એક માસિક સર્વેક્ષણમાં જણાવ્યું હતું. સિઝનલી એડજેસ્ટેડ એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ આગલા ઑક્ટોબર મહિનાના ૫૭.૫ સામે ઘટીને ૫૬.૫ની સપાટીએ રહ્યો છે. જોકે, ક્ષેત્રનો વૃદ્ધિદર લાંબાગાળાની સરેરાશ કરતાં ઊંચો રહ્યો છે. ૫૦ની ઉપરનો આંક ક્ષેત્રની વૃદ્ધિનો અને ૫૦ની નીચેનો આંક ઘટાડાનો નિર્દેશ આપતો હોય છે. ગત નવેમ્બર મહિનામાં ભારતના ઉત્પાદનના પીએમઆઈ આંકમાં આગલા મહિનાની સરખામણીમાં સાધારણ ઘટાડો થયો હોવા છતાં એકંદર આંક વૃદ્ધિના પંથે હોવાનું એચએસબીસીનાં ભારત ખાતેના ચીફ ઈકોનોમિસ્ટ પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું.

વધુમાં તેમણે અહેવાલમાં નોંધ્યું હતું કે આંતરરાષ્ટ્રીય માગ અથવા તો ઓર્ડર વધીને ચાર મહિનાની ઊંચી સપાટીએ રહેતાં ઉત્પાદન ક્ષેત્રમાં વૃદ્ધિ જળવાઈ રહી છે. સાથે સાથે ભાવલક્ષી દબાણ વધવાને કારણે ઉત્પાદન વિસ્તરણનો દર ધીમો પડ્યો છે.

સ્થાનિક આર્થિક સ્થિતિ અંગે અહેવાલમાં જણાવ્યું હતું કે ગત શુક્રવારની સરકારી આંકડાકીય માહિતી અનુસાર ગત જુલાઈથી સપ્ટેમ્બરના ત્રિમાસિકગાળામાં ખાસ કરીને ઉત્પાદન અને ખનન ક્ષેત્રે નબળી કામગીરી અને વપરાશી માગ નબળી રહેતાં દેશનો આર્થિક વિકાસ દર ધીમો પડીને બે વર્ષની નીચી ૫.૪ ટકાની સપાટીએ રહ્યો છે. સર્વેક્ષણમાં જણાવ્યાનુસાર ઉત્પાદન ક્ષેત્રમાં વેચાણ અને ઉત્પાદનમાં જોવા મળેલું વિસ્તરણ મુખ્યત્વે સકારાત્મક માગના વલણને આભારી છે. જોકે, સ્પર્ધાત્મકતા અને ભાવલક્ષી દબાણને કારણે વૃદ્ધિ મર્યાદિત રહી હોવાનું અહેવાલમાં ઉમેર્યું હતું.

વધુમાં ભંડારીએ જણાવ્યું હતું કે રસાયણ, રૂ, લેધર અને રબર જેવાં ઈન્ટરમીડિયેટ ગૂડ્સનાં ભાવમાં થયેલા વધારાને કારણે આઉટપૂટ ભાવ વધીને ૧૧ વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા.

## ડૉલરમાં મજબૂતાઈ અને નફારૂપી વેચવાલીએ વિશ્વ બજાર પાછળ સોના-ચાંદીમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં આજે સપ્તાહના આરંભે લંડન ખાતે સોના અને ચાંદીના ભાવ ૦.૫ ટકા જેટલાં ઘટી આવ્યાના અહેવાલો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ દરમિયાન બન્ને કિંમતી ધાતુઓમાં પીછેહઠ જોવા મળી હતી.

જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસાનો ઘટાડો આવ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધતાં વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહેતાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૩૧થી ૪૩૨નો મર્યાદિત ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૭૭૨ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૭૭૨ ઘટીને રૂ. ૮૮,૬૧૧ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વૈશ્વિક બજાર



પાછળ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૩૧ ઘટીને રૂ. ૭૬,૦૦૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૩૨ ઘટીને રૂ. ૭૬,૩૦૮ના મથાળે રહ્યા હતા.

આજે વૈશ્વિક બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૫ ટકાના સુધારા સાથે ક્વૉટ થઈ રહ્યો હોવાના નિર્દેશ ઉપરાંત નફારૂપી વેચવાલીના દબાણ હેઠળ હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૨૬૪૦.૯૩ ડૉલર અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા ઘટીને ૨૬૬૩.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૩૦.૪૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સની મજબૂતીને કારણે સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. તેમ છતાં વૈશ્વિક રાજકીય-ભૌગોલિક તણાવને ધ્યાનમાં લેતાં મોટો ઘટાડો અટક્યો હોવાનું આઈજી માર્કેટના સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવ્યું હતું.

આ સપ્તાહે જાહેર થનારા અમેરિકાના રોજગારીના ડેટા, એડીપીનો એમ્પ્લોયમેન્ટ રિપોર્ટ તથા નોન ફાર્મ પૅરોલનાં આર્થિક આંકડાઓ ફેડરલ રિઝર્વની નીતિને સ્પર્શે તેમ હોવાથી આ ડેટાઓ ભવિષ્યની નાણાનીતિના સંકેતો આપશે તેમ જ સપ્તાહ દરમિયાન ફેડરલના અધિકારીઓના વક્તવ્યોની પણ સોનાના ભાવની વધઘટ પર અસર થશે, એમ તેમણે ઉમેર્યું હતું.

જોકે, અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૧૭-૧૮ ડિસેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાદદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૬૭.૧ ટકા શક્યતા ટ્રેડરો જોઈ રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત નવેમ્બર મહિનામાં સોનાના વૈશ્વિક ભાવમાં સપ્ટેમ્બર ૨૦૨૩ પછીનો સૌથી મોટો વાર્ષિક ધોરણે ત્રણ ટકાનો ઘટાડો નોંધાયો હતો. તેમ જ સપ્તાહના અંતે બ્રિક્સ દેશોને ડૉલર સામે નવું ચલણ ન ઊભું કરવા જણાવવાની સાથે ચેતવણી પણ ઉચ્ચારી હતી કે જો ડૉલર સામે નવું ચલણ ઊભુ કરવામાં આવશે તો ૧૦૦ ટકા ટેરિફ લાદવામાં આવશે.

## ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા ગબડીને નવા તળિયે



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત ભાવી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે બ્રિક્સ રાષ્ટ્રો દ્વારા જો ડૉલર સામે નવું ચલણ ઊભું કરવામાં આવે તો ૧૦૦ ટકા ટેરિફ લાદવામાં આવે એવી ચેતવણી ઉચ્ચારવાની સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ રહેતાં આજે રૂપિયા સહિતના એશિયન ચલણો ડૉલર સામે નબળાં પડતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૧૩ પૈસા ગબડીને અંતે ૧૧ પૈસાના ઘટાડા સાથે ૮૪.૭૧ના નવા તળિયે બંધ રહ્યો હતો.

વધુમાં આજે જાહેર થયેલો નવેમ્બર મહિનાનો ઉત્પાદનનો પીએમઆઈ આંક ઘટીને ૧૧ મહિનાની નીચી ૫૬.૫ની સપાટીએ રહ્યો હોવાના અહેવાલ ઉપરાંત ગત શુક્રવારે જાહેર થયેલા અપેક્ષાથી નબળા જીડીપીના ડેટા અને વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા સાત મહિનામાં રાજકોષીય ખાધ સંપૂર્ણ વર્ષના અંદાજપત્રીય લક્ષ્યાંકના ૪૬.૫ ટકાના સ્તરે રહી હોવાના નિર્દેશોને કારણે ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૪.૬૦ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૪.૫૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૭૩ સુધી ગબડ્યો હતો, જ્યારે ઉપરમાં ૮૪.૫૮ સુધી ક્વૉટ થયા બાદ અંતે આગલા બંધ સામે ૧૧ પૈસા ઘટીને ૮૪.૭૧ની સપાટીએ બંધ રહ્યો હતો. નબળા આર્થિક ડેટા અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો અવિરત બાહ્ય પ્રવાહ ડૉલર સામે રૂપિયાને દબાણ હેઠળ રાખી રહ્યો છે. તેમ જ વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂતાઈ તથા ફુગાવાલક્ષી દબાણ અને ટ્રમ્પની ટેરિફ નીતિની ભીતિને ધ્યાનમાં લેતાં આગામી સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયો ૮૪.૫૦થી ૮૪.૯૫ની રેન્જમાં અથડાતો રહે તેવી અમારી ધારણા છે, એમ મિરે એસેટ્સ શૅરખાનના રિસર્ચ એનાલિસ્ટ અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૫૧ ટકા વધીને ૧૦૬.૨૭ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૯૯ ટકા વધીને બેરલદીઠ ૭૨.૫૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં ગત શુક્રવારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી જળવાઈ રહેતાં રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો. તેમ છતાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૪૫.૨૯ પૉઈન્ટનો અને ૧૪૪.૯૫ પૉઈન્ટનો સુધારો આવતાં અમુક અંશે રૂપિયાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં આગેકૂચ, વેપાર નિરસ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૧ રિંગિટ ઘટી આવ્યાના અહેવાલ હતા, જ્યારે શિકાગો ખાતેના સોયાતેલના વાયદામાં સુધારો દર્શાવાઈ રહ્યાના અહેવાલ હતા. આમ એકંદરે વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈ અને તાજેતરમાં સરકારે ટેરિફ વૅલ્યૂમાં વધારો કર્યો હોવાથી આજે આયાતીતેલમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના ભાવમાં અનુક્રમે રૂ. ૧૫ અને રૂ. ૧૦ વધી આવ્યા હતા. જોકે, આજે દેશી તેલમાં નિરસ માગે સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો અને સરસવમાં મથકો પાછળ રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. આજે સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હતા.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, સિંગતેલના રૂ. ૧૪૭૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૫ અને સરસવના રૂ. ૧૪૧૦ના મથાળે રહ્યાના અહેવાલ હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૨૫માં થયા હતા. આજે મધ્યપ્રદેશનાં મથકો પર અંદાજે ૩.૨૫ લાખ ગૂણી સોયાસીડની આવકો સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૪૩૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૦૦થી ૪૪૦૦માં થયાના અને ઈન્દોર ખાતે હાજરમાં સોયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૮૫ આસપાસના મથાળે થયાના અહેવાલ હતા.

## મથકો પાછળ ખાંડમાં જળવાતી પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૩૮૦થી ૩૪૩૦માં થયાના અહેવાલ હતા. આમ મથકો પરના નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં રિટેલ સ્તરની ખપપૂરતી માગ અને અમુક માલની ગુણવત્તા પણ નબળી આવતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. આઠથી ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ચારથી આઠનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મથકો પરના નિરુત્સાહી અહેવાલ અને અમુક માલની ગુણવત્તા પણ નબળી હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. આઠથી ૧૦ ઘટીને રૂ. ૩૫૬૨થી ૩૬૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠ અને ઉપલા મથાળેથી રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૬૩૨થી ૩૮૨૨માં થયા હતા.



જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૯૦થી ૩૫૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૬૦થી ૩૬૨૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

# રાજકોટની જૂની કલેક્ટર કચેરી ખાતે ઈ-કેવાયસી માટે લાંબી કતારઃ સર્વર ડાઉન, વીજળી ગુલ, ધાંધિયા યથાવત



**રાજકોટની જૂની કલેક્ટર કચેરી ખાતે ઈ-કેવાયસી માટે લાંબી કતાર**

રાજકોટની જૂની કલેક્ટર કચેરી ખાતે ઈ-કેવાયસી માટે લાંબી લાઈનો જોવા મળી રહી છે, એક બાજુ પુરવઠા વિભાગનું સર્વર ડાઉન અને બીજી બાજુ આજે વીજળી ગુલ થઈ જતા ઈ-કેવાયસી સહિતની બધી જ કામગીરી ઠપ થઈ ગઈ હતી. તેમજ એજન્ટ નારાજ કારણે સામાન્ય લોકો પણ ભારે રોષ જોવા મળ્યો હતો. ઝોન કચેરીમાં વીજળી ગુલ થઈ જતા તાત્કાલિક ઈ-કેવાયસી કામગીરી પૂર્વ મામલતદારમાં શરૂ કરવામાં આવી હતી. (તસવીર- પ્રવીણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની જૂની કલેકટર કચેરી ખાતે ઈ-કેવાયસી માટે લાંબી લાઈનો જોવા મળી રહી છે, એક બાજુ પુરવઠા વિભાગું સર્વર ડાઉન અને બીજી બાજુ આજે વીજળી ગુલ થઈ જતા ઈ-કેવાયસી સહિતની બધી જ કામગીરી ઠપ થઈ ગઈ હતી. તેમજ એજન્ટ નારાજ કારણે સામાન્ય લોકોમાં પણ ભારે રોષ જોવા મળ્યો હતો. ઝોન કચેરીમાં વીજળી ગુલ થઈ જતા તાત્કાલિક ઈ-કેવાયસી કામગીરી પૂર્વ મામલતદારમાં શરૂ કરવામાં આવી હતી. આ સાથે જ એજન્ટો ૬૦૦ રૂપિયા લઈને તાત્કાલિક ઈ-કેવાયસી કામગીરી પૂર્ણ કરી આપે છે તેવા આક્ષેપો બાદ કલેક્ટર દ્વારા તપાસના આદેશો પણ આપવામાં આવ્યા હતા.

ઝોન કચેરીના નાયક મામલતદાર અરવિંદ રૈયાણી જણાવ્યું હતું કે એક અઠવાડિયાથી સર્વર ડાઉન છે. અને તેમની જાણ અમે સરકારને પણ કરી છે. આજે વીજળી ન આવવાના કારણે ઈ-કેવાયસી સહિતની કામગીરી ખોરવાય છે સર્વર ધીમી ચાલી રહી છે. અમે પુરવઠા વિભાગને ઘણો સમય પહેલા રજૂઆત કરી દીધી છે. અને આજથી અરજદારોને ૧૫૦ જેટલા ટોકનો આપવાની શરૂઆત કરી હતી.

કલેક્ટર પ્રભાવ જોશીએ પણ ઉચ્ચ અધિકારીઓને ફરજિયાત દિવસમાં એકવાર સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવા સૂચનાઓ આપી હતી. ■

# શિયાળો શરૂ થતાં યુરોપ, મોંગોલિયા સહિતના દેશોના યાયાવર પક્ષીઓનું કચ્છમાં આગમન



(તસવીર ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અનેક ભૌગોલિક વિવિધતા ધરાવતા કચ્છમાં શિયાળાની ઋતુનુ આગમન થયું છે એ દરમ્યાન દેશ-વિદેશથી આવતાં યાયાવર પક્ષીઓની વસાહતો રણપ્રદેશના દુર્ગમ સ્થળોથી લઇ છેક ભુજ શહેરની વૈશ્વિક ઓળખ તરીકે ઓળખાતા હમીરસર તળાવમાં ઉભી થતી જોવા મળી રહી છે.

કચ્છમાં આ વર્ષે પણ સારો વરસાદ વરસ્યા બાદ સરહદી વિસ્તારથી લઇ ઇન્ડો-પાક બોર્ડરની પેલે પાર કેટી બંદર અને સિંધ વિસ્તાર સહિતનો રણ વિસ્તાર પેસેજ માઈગ્રેશનમાં આવતાં સુરખાબ ઉપરાંત વિવિધ પ્રજાતિઓના યાયાવર પક્ષીઓના કલશોરથી ગુંજી ઉઠ્યો છે.

આ પક્ષીઓ રૂટ પ્રમાણે યુરોપ, મોંગોલિયા દેશથી આફ્રિકાના મેદાન તરફ જતા હોય છે એ દરમિયાન કચ્છમાં થોડો સમય રોકાણ કરતા હોય છે જેમ કે સ્પોટેડ ફ્લાયકેચર, રૂફોઉસ, ટેઈલેડ, સ્કબ, રોબીન, શ્રીકેસ, જેકોબીન કુકો, યુરોપિયન નાઈટજર, યુરોપીન રોલર, વ્રાયનેક વગેરે ૧૬૨ જેટલી પ્રજાતિના પક્ષીઓ વેંકરિયાના રણ, મોટા રણમાં બનાવાયેલી નવી ફ્લેમિંગો સિટી,ભુજ, માંડવી, બન્ની, નખત્રાણા, અબડાસા, ગાંધીધામ, અંજાર વિસ્તારની રખાલો અને જંગલ આસપાસના વિસ્તારોમાં હાલે ઉમટી રહ્યાં છે.

નોંધનીય છે કે, યાયાવર પક્ષીઓ પ્રજનન માટે માનવ વસ્તીથી દૂર છીછરા પાણી સાથેનું ખોરાક મળી રહે એવું સ્થળ પસંદ કરે છે, જોકે પાછલા કેટલાક વર્ષોથી પ્રવાસીઓનો ધસારો તેમ જ પ્રદૂષણની માત્ર વધી જતાં આ રૂપકડાં પક્ષીઓને ખલેલ પડી રહી છે. દરમ્યાન, પાકિસ્તાનમાં ચોમાસામાં થતા ભારે વરસાદને લઈને પૂરના પાણી કચ્છના મોટા રણમાં પુષ્કળ પ્રમાણમાં આવે છે જેને કારણે અહીં પ્રજનન માટે આવતાં સુરખાબ પક્ષીઓના ઈંડા તણાઈ જવાને કારણે પક્ષીના પ્રાકૃતિક પ્રજનન સમયચક્રને હાનિ પહોંચતી હતી. આ સમસ્યાના નિરાકરણ માટે મોટા રણના ખડીર વિસ્તારમાં આવેલી ફ્લેમિંગો સિટીની મધ્યમાં ત્રણેક વર્ષ અગાઉ સુરખાબ પ્રજનન કરી શકે તે માટે ૧ મીટર ઊંચું અને ૧૦૦ મીટર જેટલું લાબું બનાવવામાં આવેલું બ્રિડિંગ પ્લેટફોર્મ રશિયા, યુદ્ધગ્રસ્ત યુક્રેન, સર્બિયા જેવા પૂર્વ સોવિયેટ યુનિયનના દેશોમાંથી હજારો કિલોમીટરનો પ્રવાસ કરીને કચ્છ આવેલા સુરખાબ પક્ષીઓ માટે આશીર્વાદરૂપ બન્યું છે અને અહીં અત્યારસુધી અંદાજિત ૬૦૦૦૦થી પણ વધારે સુરખાબનું સફળ પ્રજનન થયું છે.

વનવિભાગ દ્વારા મોટા રણમાં વિદેશી પક્ષીઓના માળાઓનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. કચ્છમાં મહેમાન બનતા વિવિધ પ્રકારોના વિન્ટર બર્ડસ વચ્ચે ફ્લેમિંગો હંમેશાં આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. ■

# વિરમગામમાં અશાંતધારો લાગુ કરવાની સત્તા પ્રાંત અધિકારી અને સબ ડીવિઝનલ મેજિસ્ટ્રેટને સોંપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ જિલ્લાના વિરમગામ શહેરમાં અશાંત ધારો લાગુ કરવા અંગે મહેસૂલ વિભાગે જાહેરનામું બહાર પાડ્યું હતું. આ જાહેરનામા મુજબ, વિરમગામ શહેરમાં અશાંત વિસ્તાર ધારો લાગુ કરવા માટે અમદાવાદ કલેકટરની સત્તાઓ પ્રાંત અધિકારી અને સબ ડીવિઝનલ મેજિસ્ટ્રેટ, વિરમગામને સત્તા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ૨૯ નવેમ્બર, ૨૦૨૪થી ૨૯ નવેમ્બર ૨૦૨૯ સુધી વિરમગામ શહેરના અશાંત વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરવા માટે પ્રાંત અધિકારી અને સબ ડીવિઝનલ મેજિસ્ટ્રેટ નિર્ણય લઈ શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અશાંત વિસ્તારો કે જ્યાં કોમી તોફાનો કે રમખાણો થવાના કિસ્સા બનતાં હોય તેવાં વિસ્તારોમાં શાંતિ રહે તથાં કોઇ એક ચોક્કસ સમુદાયના લોકોની વસ્તી ખૂબ વધી જાય અને જનસંખ્યાવિષયક સંતુલન ખોરવાય ત્યાં વસનારાં લોકોની મિલકતની તમામ પ્રકારની તબદીલી નિયંત્રિત કરતો કાયદો. અહીં મિલકતની તબદીલી કરતાં પૂર્વે કલેક્ટરની પૂર્વમંજૂરી જરૂરી છે. આ કાયદાનો ભંગ કરનારને ત્રણથી પાંચ વર્ષની જેલ તથા રૂપિયા એક લાખ અથવા તબદીલ થયેલી મિલકતના જંત્રીના ભાવના દસમાં ભાગની રકમમાંથી જે વધુ હોય તે દંડપેટે ભોગવવાની રહેશે. ■



**શિયાળાની વહેલી સવારે ગિરનાર પર્વતનું રમણિય દ્રશ્યઃ**

ગિરનાર પર્વત પર શિયાળાની વહેલી સવારનું દ્રશ્ય ખૂબ જ રમણીય જોવા મળ્યું હતું. ગિરનાર અને દાતાર પર્વત પાછળથી નીકળતા સૂરજના કેસરી કિરણોથી આકાશ છવાઈ ગયું હતું. ફૂલ ગુલાબી ઠંડીની મોસમમાં આ પ્રકારનું દ્રશ્ય જોવા માટે અનેક પર્યટકો ગિરનાર પહોંચતા હોય છે. (તસવીર-હરેશ સોની, જૂનાગઢ)

# રાજકોટમાં અઠવાડિયામાં ડેન્ગ્યૂના આઠ, ટાઈફોઈડના છ કેસઃ આરોગ્ય તંત્ર દોડતું થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં વાઇરલ રોગચાળા સહિત ગંભીર બિમારીના દર્દીઓમાં વધારો થયો છે. સરકારી અને ખાનગી હોસ્પિટલમાં કેસોનો ભરાવો જોવા મળી રહ્યો છે. શહેરમાં અઠવાડિયામાં ડેન્ગ્યૂના આઠ, ટાઇફોડના ૬ દર્દીઓ મનપાના ચોપડે નોંધાયા છે. તે ઉપરાંત મેલેરીયાનો એક, ચિકનગુનિયાના બે દર્દીઓ સારવાર માટે દાખલ થયા હતા.જ્યારે શરદી-ઉધરસના ૧૨૬૭, સામાન્ય તાવના ૯૪૨, ઝાડા-ઊલટીના ૧૯૬ દર્દીઓ સારવાર માટે હોસ્પિટલમાં નોંધાયા છે. ડેન્ગ્યૂના કેસમાં વધારો થતા આરોગ્ય વિભાગમાં પણ દોડધામ મચી જવા પામી છે.

રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે.

વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૨૫/૧૧/૨૪ થી તા.૦૧/૧૨/૨૪ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ આરોગ્ય કેન્દ્રના આશાવર્કર તથા વી.બી.ડી. વોલેન્ટીયર્સ સહિત ની ૩૬૦ ટીમો દ્વારા ૮૯,૨૦૨ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૫૬૪૦ ઘરોમાં ફોગીંગ કામગીરી કરી છે. ■

# સ્વાર્થ માટે બાળકોના ભવિષ્ય સાથે ચેડા કરનારા શિક્ષકોને માફ કરી શકાય નહિઃ પ્રફુલ પાનશેરીયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોતાની ફરજ પર હાજર ન રહેતા હોય અને વિદેશગમન કરતા શિક્ષકો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ સંદર્ભે શિક્ષણ રાજ્ય પ્રધાન પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, પોતાને મળેલ છૂટનો દુરુપયોગ કરી કાયદાની છટકબારી કરનારા શિક્ષકો સામે કડક કાર્યવાહી કરવા શિક્ષણ વિભાગ પ્રતિબદ્ધ છે. સરકારી ફરજ સાથે વ્યાપાર કે અન્ય ધંધાકીય પ્રવૃત્તિ કરવી એ બાળકોના ભાવિ સાથે ગંભીર ચેડા છે. જે બાળકોના શિક્ષણ અને ભવિષ્ય પર માઠી અસર કરે છે. પોતાના સ્વાર્થ માટે બાળકોના ભવિષ્ય સાથે ચેડા કરનારા શિક્ષકોને માફ નહિ કરી શકાય. આ શિક્ષકો પર શિક્ષાત્મક પગલાં લેવાની અને રજા પગાર મેળવ્યો હોય તો એ પણ પરત લેવાની સૂચના આપી છે. બેદરકારી દાખવી બાળકોના ભાવિ સાથે ચેડા કરતા શિક્ષકોની મનમાની સામે રાજ્ય સરકાર ગંભીર હોવાનું જણાવી શિક્ષણ રાજ્ય મંત્રીએ વધુમાં કહ્યું કે, મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ભૂતિયા શિક્ષકો મુદ્દે ખૂબ જ કડક વલણ અપનાવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બિનઅધિકૃત રીતે વિદેશ ગયા હોય ૬૦ જેટલા શિક્ષકોને બરતરફ કરવામાં આવ્યા છે. ગેરહાજર રહેનારા એક પણ શિક્ષકને સરકાર પગાર નથી ચૂકવતી, ત્યારે હકનો દુરૂપયોગ અટકે તે માટેની છટકબારીમાં શું સુધારો થઇ શકે તે માટે સરકાર એક્શન મોડમાં છે. રાજ્ય સરકાર શિક્ષણમાં કોઈપણ ગેરરીતિ કે લાલિયાવાડી ચલાવવામાં માગતી નથી. રાજ્યના કોઈ પણ જિલ્લામાં જે શિક્ષક બિનઅધિકૃત કે વિદેશ ગયા હોય તમામ પ્રકારની માહિતી જિલ્લા શિક્ષણાધિકારીઓ પાસેથી મંગાવી છે. અને આ પ્રકારની વ્યાપારિક માનસિકતા ધરાવતા શિક્ષકોને વહેલામાં વહેલી તકે કાયદાકીય રીતે શિક્ષા કરવામાં આવશે એમ શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું. ■

# મોરબીમાં રેન્જ આઈજી અને ધારાસભ્યોની મીટિંગમાં લોકોએ વ્યાજખોરી સહિતના મુદ્દે રજૂઆતો કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી શહેરમાં રેન્જ આઈજીની હાજરીમાં એસપી કચેરી ખાતે સોમવારે વિવિધ એસોસિયેશનના અગ્રણીઓ સાથે મીટિંગ કરવામાં આવી હતી. વ્યાજખોરી, જમીનના કબજા સહિતની ફરિયાદો સાથે આવેલા અરજદારોને આઈજીએ સાંભળ્યા હતા.આ ઉપરાંત જુગારની રેડ બાબતે હાઈ કોર્ટ સુધી પહોંચેલા અરજદારો રેન્જ આઈજીની હાજરીમાં પોલીસ વિરુદ્ધ રજૂઆત કરવા પહોંચતા ખળભળાટ મચી જવા પામ્યો હતો.

મોરબી એસપી કચેરી ખાતે રેન્જ આઇજી અશોકકુમાર યાદવ તથા ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ મોરબી વિસ્તારના અરજદારોને સાંભળ્યા હતા. આ દરમિયાન એસપી સહિત મોરબી જિલ્લાના સ્થાનિક અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. મોરબી શહેર અને તાલુકા વિસ્તારમાંથી વ્યાજખોરના ત્રાસથી કંટાળેલા અરજદારો, છેતરપિંડી તેમજ માલિકીની જમીન ઉપર ગેરકાયદેસર કબજા કરીને કોર્ટ મેટર ઊભી કરવામાં આવેલા અરજદારો આવ્યા હતા.આ મીટિંગમાં હાઇવે સહિતના રોડ ઉપર ટ્રાફિકનો પ્રશ્ન સહિતની રજૂઆતો કરવામાં આવી હતી.

રેન્જ આઇજીની મોરબી મુલાકાત દરમિયાન વ્યાજખોરી, જમીનના કબજા, છેતરપિંડી, ટ્રાફિક સમસ્યા, ઉદ્યોગકારોની સાથે યેનકેન પ્રકારે ફ્રોડ અને રોડ રસ્તાના દબાણ બાબતની રજૂઆતો પોલીસ અધિકારીને કરવામાં આવી છે. તેમાં આગામી દિવસોમાં નક્કર આયોજન કરીને લોકોની સુખાકારીમાં વધારો થાય તે પ્રકારની કામગીરી કરાશે તેવી ખાતરી રેન્જ આઇજી દ્વારા આપવામાં આવી હતી. ■

# રાજકોટ મનપાએ પાણીના ૧૫૦૦ કરોડના બાકી બિલ માફ કરવા સરકારને પત્ર લખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાણી પૂરું પાડતા વિવિધ વિભાગોના બાકી બિલની રકમ ચૂકવી શકાય તેમ નહીં હોવાથી સરકારને પત્ર લખી બિલ માફ કરી દેવાની માગ કરવામાં આવી હતી. જેમાં ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનાં સૌથી વધુ ૮૮૨ કરોડ જ્યારે સૌની યોજનાનાં રૂ. ૧૮૪ કરોડ સહિત કુલ રૂ. ૧૫૧૭ કરોડનાં બિલ મનપાને મળ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ મહાનગર પાલિકા અને સિંચાઈ વિભાગ વચ્ચે લાંબા સમયથી પાણી વિતરણના બાકી બિલ મુદ્દે વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે સિંચાઈ વિભાગે મનપા પાસે સૌની યોજનાના પાણી વિતરણથી માંડી સિંચાઈ વિભાગ હસ્તકના આજી- ૧, ભાદર-૧ અને ન્યારી-૨ના ઉપયોગ કરવા અંગે તેમજ ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ અને સૌની યોજનાનાં ઓક્ટોબર-૨૪ સુધીના બાકી બિલ પેટે રૂ.૧૫૧૭ કરોડ ભરપાઇ કરવા મહાનગરપાલિકા પાસે ઉઘરાણી કરી હતી.

રાજકોટ મનપાની ગત વર્ષે માર્ચ-૨૩ સુધીમાં બિલની બાકી રકમ રૂ. ૧૩૪૨ કરોડ હતી. જે આ વર્ષે વધીને ૧૫૧૭ કરોડ પર પહોંચી ગઇ છે. જીડબલ્યુઆઇએલના બિલની રકમ મનપાએ વર્ષ ૨૦૦૪થી ચૂકવી નથી. આજીડેમમાંથી પાણી ઉપાડવા માટેના ખર્ચ સહિતનું બિલ વર્ષ ૧૯૮૨થી બાકી છે. આ મૂળ બાકી રકમ ઉપર વ્યાજ અને પેનલ્ટીની રકમ મળીને આ આંકડો રૂ.૧૫૧૭ કરોડને પાર થઈ ગયો છે. સમગ્ર મામલે રાજકોટ મનપાના ડેપ્યુટી કમિશનરે જણાવ્યું હતું કે, ૧૫૦૦ કરોડથી વધુના બિલ મનપાને આપવામાં આવ્યા છે. આ બાબતે મનપા દ્વારા પાણીનો ઉપયોગ લોકોના જાહેર હિત માટે કરવામાં આવતો હોવાથી આ રકમ માફ કરવા માટે વિનંતી પત્ર લખ્યો છે. ■

# સરધારા હુમલા કેસમાં પીઆઈ પાદરિયાનો કેસ નહીં લડવાનો ઠરાવ બાર એસોસિયેશને રદ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં સરદારધામના ઉપપ્રમુખ જયંતી સરધારા પર પીઆઈ સંજય પાદરિયા દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ સરદારધામ અને ખોડલધામ વચ્ચે વિવાદ સર્જાયો હતો. સરદાર ધામના ઉપપ્રમુખ જયંતી સરધારા ઉપર પીઆઈ પાદરિયાએ કરેલા હુમલા અંગે હત્યાની કોશિશની ઉમેરેલી કલમ દૂર કરવા પોલીસે કોર્ટમાં રિપોર્ટ કર્યો હતો. હવે રાજકોટ બાર એસોસિયેશન દ્વારા પાદરિયાનો કેસ કોઈ વકીલ નહિ લડે તેવો ઠરાવ રદ કરવામાં આવ્યો હતો.

રાજકોટ બાર એસોસિયેશનની સોમવારે મળેલી બેઠકમાં પીઆઈ પાદરિયાના વકીલ તરીકે કોઈપણ સભ્ય કેસ નહિ લડી શકે તે પ્રકારનો ઠરાવ પરત ખેંચવામાં આવ્યો હતો. બીજી તરફ પોલીસે કોર્ટમાં હત્યાની કોશિશની કલમો દૂર કરવા અંગે કરેલા રિપોર્ટનો કોર્ટે કોઈ હુકમ કર્યો નથી, કોર્ટમાં આ રિપોર્ટ પહોંચતા પીઆઇ પાદરિયાના વકીલ, સરકારી વકીલ અને ફરિયાદીના વકીલ હાજર રહ્યા હતા. કોર્ટે મહાવ્યથાની કલમ ઉમેરવા મંજૂરી આપી દીધી છે પણ હત્યા પ્રયાસની કલમ દૂર કરવા કોઈ જ આદેશ કર્યો નથી. ■

# અંજારના ખેડોઈની વાડીમાં દરોડો પાડી પોલીસે ૪૫.૫૩ લાખનો શરાબ-બિયરનો જથ્થો ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં અંજાર પોલીસે ખેડોઈ ગામની એક વાડીમાં દરોડો પાડીને ૪૫.૫૩ લાખની કિંમતના વિવિધ બ્રાન્ડના ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂ અને બિયરનો જથ્થો જપ્ત કર્યો હતો. જો કે દરોડાની આગોતરી ગંધ આવી ગઈ હોય તેમ આરોપીઓ પોલીસ પકડથી દૂર રહ્યાં હતાં.

પીઆઈ અજયસિંહ ગોહિલના જણાવ્યા પ્રમાણે બાતમીના આધારે રવિવારે મધરાત્રે બે વાગ્યે અંજાર પોલીસના કાફલાએ ખેડોઈ સીમમાં ખંભરા ચંદિયા માર્ગ પર આવેલી ઓમ ફાર્મ નામની વાડીને ચારે તરફથી ઘેરી લીધી હતી. વાડીમાં હલચલ જોવા ન મળતાં ટોર્ચના અજવાળે પોલીસ કાફલો વાડીમાં પ્રવેશ્યો હતો. વાડીમાં રાજસ્થાન પાસિંગનું એક ટ્રેલર અને બે મોટર સાઇકલ પડી હતી. ટ્રેલરની અંદર તથા બહાર દારૂની પેટીઓનો મોટો જથ્થો પડ્યો હતો.

ટ્રેલરની અંદર લાઈમ સ્ટોનની ૩૦૦ બોરીઓની આડમાં શરાબ લવાયો હતો. જેની તપાસ કરતાં ૪૦.૫૬ લાખની કિંમતની કુલ ૬૬૦૦ નંગ બોટલો હતી. તે ઉપરાંત અલગ અલગ બ્રાન્ડના બિયરના ૪.૯૭ લાખના મૂલ્યના ૪૪૬૪ ટીન મળી આવ્યાં હતાં.

આ શરાબ-બિયરનો જથ્થો પંજાબ ચંદિગઢની વિવિધ ડિસ્ટલરીઝનો છે, પરંતુ તમામ બોટલ અને ટીન પરથી બેચ નંબર ભૂંસી નાખવામાં આવ્યાં હતાં. પોલીસે ૪૫.૫૩ લાખના શરાબ અને બિયર સાથે ૨૦ લાખની કિંમતનું ટ્રેલર, એક લાખની કિંમતની બે મોટર સાઇકલ મળી કુલ ૬૬ લાખ ૫૩ હજાર ૫૩૨ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

અજયસિંહ આર. ગોહિલે વધુમાં જણાવ્યું હતું કે, ખેડોઈમાં રહેતા કુલદીપ નરપતસિંહ જાડેજાની માલિકીની વાડીમાં કુલદીપ ભરતસિંહ સરવૈયા અને શક્તિ ભરતસિંહ સરવૈયાએ ભેગાં મળી આ શરાબનો જથ્થો મગાવી દરોડા દરમિયાન હાજર ના મળી ગુનો કર્યો હોવાની ફરિયાદ નોંધી હતી. ત્રણે સાથે દારૂ લઈ આવનાર ટ્રેલરના ચાલક, દારૂનો જથ્થો ભરી આપનાર, બે મોટર સાઇકલના ચાલક મળી કુલ સાત લોકો સામે પ્રોહિબિશન સહિતની ધારાઓ તળે ગુનો દાખલ કરાયો હતો. કુલદીપ જાડેજા, કુલદીપ સરવૈયા, શક્તિ સરવૈયા સહિત ચાર સામે અગાઉ ૨૦૨૦માં આર્મ્સ એક્ટ અને મારામારીની કલમો તળે અંજાર પોલીસ મથકે ગુનો નોંધાયેલો હોવાનું ગોહિલે ઉમેર્યું હતું. ■



(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)